ISSN 0976 - 9809 V-Vidyanagar

વર્ષ : ૧૪ અંક : ૭ જુલાઈ ૨૦૧૨ સળંગ અંક : ૪૮૯

# વિ-વિદ્યાનગર




चारुतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते।

**CHARUTAR VIDYAMANDAL**
**VALLABH VIDYANAGAR**

# હું

આ આંખનો દરિયો ઉલેચું છું હું
ને સુખદુઃખના સળિયાઓ ઠેકું છું હું

છે મીઠો ને ખારો અનુભવ નવો,
આ બાબતને એવી જ લેખું છું હું

છે આકાશ ઊંચે તો ઊડ્યા કરું
છું પંખી ને કલરવમાં પેસું છું હું

છું એવો કે બીજો જ લાગું મને,
કે તેઓનું દુઃખ છે ને વેઠું છું હું

એ કાળી ક્ષણો કામ સોંપી ગઈ
હા, હમણાં તો પોતાને છેકું છું હું.

● મનહર મોદી



# વિ – વિદ્યાનગર


ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

જુલાઈ ૨૦૧૨

વર્ષ : ૧૪ અંક : ૭

(સળંગ અંક ૪૮૯)

**ચારુતર વિદ્યામંડળ**

વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

**સ્થાપના વર્ષ**

૧૯૪૫



**તંત્રી**

રાજેન્દ્રસિંહ જાડેજા • હરિ દેસાઈ

**પરામર્શન**

રમેશ એમ. ત્રિવેદી • જયન્ત ઓઝા

**સંપાદન**

ભગીરથ બ્રહ્મભટ્ટ • સુધીર મુખરજી

**સંપાદન-સહાય**

શૈલેષ ઉપાધ્યાય • ગિરીશ ચૌધરી

**પ્રકાશક**

પ્રિ. આર.પી.પટેલ

માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર - ૩૮૮ ૧૨૦

•

**મુદ્રક**

આણંદ પ્રેસ, ગામડી

कर्मण्येवाऽधिकारस्ते

**અધ્યક્ષ**

ડૉ. સી.એલ. પટેલ

**માનદ મંત્રી**

પ્રિ. આર.પી.પટેલ

**માનદ કાર્યકારી મંત્રી**

પ્રિ. એસ.એમ. પટેલ

**માનદ સહમંત્રીઓ**

શ્રી વી.એમ. પટેલ • શ્રી બી.પી. પટેલ

ડૉ. એસ.જી. પટેલ • શ્રી એમ.જે. પટેલ • ડૉ. જે.ડી. પટેલ


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઈજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ – ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેક્નોલૉજી, હૉટેલ મેનેજમેન્ટ ટુરીઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ એડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઈજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો,કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા • રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે. • રાજ્યની પ્રથમ મહિલા ઈજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતકકક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ અપાવવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી. • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઇન્ટિરિયર ડિઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઈન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


**• અંકની છૂટક કિંમતઃ ₹ ૧૫/- • રવાનગી ખર્ચઃ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમઃ ₹ ૧૫૦/-**

**• વિદ્યાર્થી લવાજમઃ ₹ ૧૦૦/- • આજીવન લવાજમઃ ₹ ૧૫૦૦/-**

# વિ-વિદ્યાનગર

## ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

જુલાઈ ૨૦૧૨
વર્ષ : ૧૪ અંક : ૭
(સળંગ અંક ૪૮૯)
**ISSN 0976 - 9809 V-Vidyanagar**

**योऽन्तः प्रविश्य मम वाचमिमां प्रसुप्तां**
**संजीवत्यखिल शक्तिधरः स्वधाम्ना ।**
**अन्यांश्च हस्तचरण श्रवणत्वगादीन्**
**प्राणान् नमो भगवते पुरुषाय तुभ्यम् ॥**

(કંઠાભૂષણમ્)

**જે અખિલ શક્તિઓને ધારણ કરનાર મારા અંતઃકરણમાં પ્રવેશીને પોતાના તેજ વડે મારી આ પ્રસુપ્ત વાણીને ચેતનવંતી બનાવે છે અને મારા હાથ, પગ, શ્રવેણેન્દ્રિય, સ્પર્શેન્દ્રિય વગેરે જ્ઞાનેન્દ્રિયો, કર્મેન્દ્રિયો તથા પ્રાણોને ચેતનવંતા બનાવી મને જીવનનો પ્રકાશ આપે છે, તેવા હે પરમ પુરુષ પરમાત્મા! હું તમને નમસ્કાર કરું છું.**

॥ અધ્યક્ષસ્થાનેથી ॥ ભારતમાં ઉચ્ચ શિક્ષણ : સરકારશ્રીની જવાબદારી ★ ડૉ.સી.એલ.પટેલ
॥ પ્રાથમ્ય ॥ ગુજરાતી નિબંધપુરુષની ચિરવિદાય ★ ભગીરથ બ્રહ્મભટ્ટ / 1
॥ આપણો વારસો અને વૈભવ ॥ પદ્ય વિભાગ ॥ ★ રવીન્દ્રનાથ ટાગોર, રાવજી પટેલ / 2
॥ ગદ્ય વિભાગ ॥ 'મહાગુજરાત'ના સ્વપ્નદૃષ્ટા અને સ્વપ્નસ્રષ્ટા ઈન્દુલાલ યાજ્ઞિક ★ સનતભાઈ મહેતા / 3
॥ નવાં કાવ્યો ॥ ★ નિખિલ જોષી, રાજેન્દ્ર ઉપાધ્યાય / 4
॥ લઘુકથા ॥ સાક્ષાત્કાર ★ રવજીભાઈ કાચા / 5
॥ લઘુનવલ ॥ ફૂલ વિનાની વેલ / ★ કિરીટ ગોસ્વામી / 6
॥ સંકલન ॥ ગ્રામોફોનની પ્રથમ રેકર્ડ ★ જ્યોતીન્ પટેલ / 8
॥ સાંપ્રત ॥ એક ગૃહિણીની કારકિર્દીઃ અનુસર્જન ★ અરુણા જાડેજા / 9
॥ વિમર્શ ॥ સરદાર પટેલ પરત્વે વિમર્શનાં ક્ષેત્રો ★ પ્રેમ આનંદ મિશ્ર / 11
॥ જીવનકથા ॥ મૃણાલિની દેસાઈકૃત મણિબહેન પટેલ ★ સતીષ પટેલ / 15
॥ વ્યક્તિવિશેષ ॥ ખરા રાજવંશી દમામવાળો કાઠિયાવાડનો છેલ્લો રાજવી ★ ગંભીરસિંહ ગોહિલ / 18
॥ અભ્યાસ ॥ 'પન્ના નાયકની કવિતા'માં વિરહ અને વેદના ★ કેતન બુંહા / 23
॥ રમન્તે તત્ર દેવતા ॥ વૈદિક સ્ત્રીને યજ્ઞનો અધિકાર ★ પારુલટીના દોશી / 26
॥ રમતજગત ॥ સદીની સદીનો શહેનશાહઃ સચિન તેંડુલકર ★ પી. ડી. શર્મા / 30
॥ પ્રસંગપરાગ ॥ ★ સુધીર મુખરજી / 33
॥ વિદ્યાવૃત ॥ / 34

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ. સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણવિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય; વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી વર્તમાન અધ્યક્ષ ડૉ. સી.એલ.પટેલની નિસ્બત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

**વિ-વિદ્યાનગર**

'વિ-વિદ્યાનગર' ચારુતર વિદ્યામંડળની

વેબસાઈટ

**www.ecvm.net**

પર મૂકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

<u>**આ માસની કાવ્યકણિકા**</u>

**'માનવીનાં રે જીવન!**
**ઘડી અષાઢ ને ઘડી ફાગણ**
**એક સનાતન શ્રાવણ.'**

**• મનસુખલાલ ઝવેરી**

# ભારતમાં ઉચ્ચ શિક્ષણ : સરકારશ્રીની જવાબદારી

હમણાં હમણાં નવી નવી યુનિવર્સિટીઓ અને નવી નવી કૉલેજો સ્થાપવાની હોડ શરૂ થઈ છે. સમાજ અને સરકારની જવાબદારી છે કે યુવાનોના ઘડતર માટે તેમને સારી રીતે જીવન જીવી શકે તેવું જ્ઞાન આપી તેઓ ૨૧મી સદીના વિકાસમાં જોડાઈ શકે અને ૨૧મી સદીના વિકાસનો લાભ લઈ શકે તેવા સક્ષમ નાગરિકો બનાવવા જોઈએ. હમણાં હમણાં રાજ્ય અને મધ્યસ્થ સરકારો તેની નોંધ લઈ કંઈક કર્યું તેવો અહેસાસ અનુભવે છે. દેશ સ્વતંત્ર થયો ત્યાર પહેલાં દેશમાં ૨૦ યુનિવર્સિટી હતી અને ઉચ્ચ શિક્ષણ માટેની ૪૯૬ કૉલેજો કાર્યશીલ હતી. દેશના યુવાનોમાંથી માત્ર બે લાખ જ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી શકતા હતા. આઝાદીનાં ૬૫ વર્ષમાં દેશ એક મજબૂત દેશ બન્યો છે. તેની વસ્તીના ૪૦% યુવાનો છે. આ યુવાનોને હું પહેલવાન સાથે સરખાવું છું. જો પહેલવાન પોતાની મજબૂતાઈ જાળવવા પૂરતો ખોરાક ન મેળવી શકે તો તેની પહેલવાની નષ્ટ પામે. તે જ રીતે યુવાનોને પોતાના ઘડતરની તક ન મળે તો યુવાની ખતમ થઈ જાય છે અને પોતાનું જીવન રચનાત્મક(કન્સ્ટ્રક્ટિવ) બનાવવાને બદલે વિધ્વંશાત્મક(ડિસ્ટ્રક્ટિવ) મનોબળ ધરાવતું થઈ જાય. આજે આપણે દેશમાં ડગલેને પગલે આતંકવાદની પ્રવૃત્તિથી ત્રાસી ગયા છીએ. તેનું ખરું કારણ યુવાનોના ઘડતર માટે સમાજ અને સરકારે જે કોઈ જવાબદારી નિભાવવાની હોય તે નહીં નિભાવવાને પરિણામે આવા આતંકવાદીના સમૂહ ઊભા થાય છે.

સરકારે પણ વિચારવું પડશે કે ઉચ્ચ શિક્ષણ સુવિધા એકલી જ શું યુવાનોના ઘડતર માટે પૂરતી છે? દરેક રાજ્યમાં યુનિવર્સિટી કે નવી સંસ્થાઓ સ્થપાય તે જરૂરી છે પણ તેનાથી થનારું યુવાનોનું ઘડતર અને જીવન જીવવા માટે રોજગારલક્ષી ક્ષમતા(એમ્પ્લોયેબલ સ્કિલ) આવે તે જરૂરી છે. આટલા જ માટે મારા મતે ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ સંખ્યાની દૃષ્ટિએ ખૂબ સીમિત હોવી જોઈએ અને રાજ્યના ઉદ્યોગની જરૂરિયાતના પ્રમાણમાં તેમની સંખ્યા સીમિત રાખવામાં આવે. દેશના અને સમાજના વિકાસ માટે વૈજ્ઞાનિકો અને ટેકનોક્રેટ જેટલો ભાગ ભજવી શકે છે તેટલો જ ભાગ કુશળ કારીગરો પણ ભજવી શકે છે. આથી હવે સમય પાકી ગયો છે કે ઉચ્ચ શિક્ષણ એકદમ સ્કોલરલી સ્ટુડન્ટ્સ પૂરતું ગ્રેજ્યુએટ, અંડર-ગ્રેજ્યુએટ અને સંશોધન ક્ષેત્રે કામ કરી શકે તેમના માટે સીમિત હોય. બીજાઓ માટે ડિપ્લોમાનું શિક્ષણ અને તે પછીના ગ્રેડના વિદ્યાર્થી/યુવાનો માટે કુશળ કારીગર પ્રાપ્ત થાય તેવા વૉકેશનલ કોર્સીસનો લાભ આપવો જોઈએ.

હમણાં હમણાં સમાજમાં એક પ્રકારનો રોષ પેદા થાય છે કે સરકારો જુદા જુદા ટેસ્ટ લઈને વિદ્યાર્થીઓ પર વધારાનું ભારણ કરે છે. પરંતુ કોઈપણ ક્ષમતા પામતાં પહેલાં એ માટેની યોગ્યતા વિદ્યાર્થી ધરાવે છે કે નહીં તે ચકાસણી જરૂરી છે. એવું નથી કે ફર્સ્ટ

ક્લાસ, ડિસ્ટિંક્શન લાવનાર વિદ્યાર્થી ખૂબ હોશિયાર છે અને પાસિંગ ક્લાસવાળા પાસે બુદ્ધિ નથી. કોઈ માપદંડ જરૂરી છે. આ માપદંડ બાદ જ ઉચ્ચ શિક્ષણની સુવિધાના સ્થળે અને યોગ્યતા પ્રાપ્ત અધ્યાપકો મારફતે  શિક્ષણ અને તાલીમ અપાય તે જરૂરી છે. શિક્ષણ એવું હોય કે જે ઉદ્યોગોની માંગને પહોંચી વળે તેવું ઘડતર કરે. જે દેશોએ વિકાસ કર્યો છે ત્યાં આ બધી બાબતોને ધ્યાનમાં લેવામાં આવી છે તેથી જ પ્રગતિ અને વિકાસ સાધી શકાય છે. દેશના દરેક નાગરિકને પોતાની ઈચ્છા મુજબ જ્ઞાન પ્રાપ્ત કરવાનો હક્ક છે, પરંતુ મારા અગાઉના મંતવ્ય મુજબ ઉચ્ચ શિક્ષણ સ્કોલરલી સ્ટુડન્ટ પૂરતું મર્યાદિત રાખવું અને એ પછી બી-ગ્રેડમાં ડિપ્લોમાનું શિક્ષણ અને સી-ગ્રેડમાં વોકેશનલ અને ડી-ગ્રેડમાં કુશળ કારીગરની જરૂરી તાલીમ આપવા માટેની વ્યવસ્થા સમાજ અને સરકારશ્રીએ ગોઠવવી રહી. આ માટે શિક્ષણ વિભાગે પોતે રાજ્યમાં જરૂરી સર્વે કરીને અને નિષ્ણાતોની સમિતિ બનાવીને સમયસર કાર્યવાહી કરવી રહી. આને પરિણામે ભણેલો મોટો વર્ગ બેકાર ના રહે અને બીજી તરફ ના વળે.

એ-ગ્રેડના વિદ્યાર્થીઓ પાસે કાંઈક વિશેષતા હોય તેમને માટે સરકારે તેમના ઉચ્ચ અભ્યાસ માટે પૂરેપૂરી જવાબદારી સંશોધનનું જ્ઞાન પ્રાપ્ત થાય તેવી સુવિધાઓ જિલ્લાઓના ઝોન બનાવીને તૈયાર કરવી. આવા વિદ્યાર્થીઓના પ્રવેશ માટે ખાસ માપદંડ નક્કી કરવા જોઈએ. આવા માપદંડવાળા વિદ્યાર્થીઓને દેશના હિતમાં ઉચ્ચ શિક્ષણની તમામ સુવિધાઓ પ્રાપ્ત થાય તે માટે ગુજરાત અને ભારત સરકારે તેમની વાર્ષિક અને પંચવર્ષીય યોજનાઓમાં જોગવાઈ કરવી જોઈએ. ખાનગી યુનિવર્સિટીઓ અને ખાનગી શિક્ષણ સંસ્થાઓમાં પણ ઉચ્ચ શિક્ષણના અભ્યાસની તકો ઓછી કરવી જોઈએ. છતાં પણ આ માટે, થોડીક વ્યવસ્થા રાખવી પણ જરૂરી છે, જેથી ઉદ્યોગો ચલાવનાર ગૃહો થકી જરૂરિયાતને પહોંચી વળવા માટે આવી ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓને પણ મર્યાદિત પ્રમાણમાં છૂટ આપી શકાય.

ડિપ્લોમા અને આઈટીઆઈ જેવા જે તાલીમના વર્ગો છે એની જવાબદારી ઉદ્યોગો ઉપાડે. રાજ્યમાં આવા જે ઉદ્યોગો સ્થપાયા હોય તેમને આવી જાતની મંજૂરી આપવી જોઈએ. આખરે તો ડિપ્લોમા અને આઈટીઆઈ ટ્રેઈન્ડ કુશળ કારીગરો ઉદ્યોગોને જ કામમાં આવવાના છે. આવા ઉદ્યોગો પણ એ કાળજી લે કે તેમને કેવા કુશળ કારીગરોની જરૂરિયાત છે; જેથી કોઈ બેકાર ના રહે. ઉદ્યોગોને કુશળ કારીગરો અને સુપરવાઈઝરો મળી રહે. આ માટે સરકાર અને સમાજ સત્વરે વિચારે જેથી યુવાનો આતંકવાદ કે બીજાં દુષ્કૃત્યો ભણી ના વળે. સમાજમાં એકરાગ અને શાંતિનું વાતાવરણ રહે.

(૯ જૂન ૨૦૧૨)

મો.ભિ.પટેલ



## ગુજરાતી નિબંધપુરુષની ચિરવિદાય

૨૦, મે ૨૦૧૨ રવિવારે ભાઈશ્રી રાજેન્દ્ર પટેલનો સંદેશો મળ્યો કે આપણા પરિષદ પ્રમુખ હવે રહ્યા નથી ત્યારે મને તો મનોમન એમ જ સમજાયું કે ગુજરાતના જીવનાનંદદાસ હવે રહ્યા નથી. ભોળાભાઈ પટેલ કર્મઠ સાહિત્યકાર, સર્જક, વિવેચક અને અનુવાદક. શિષ્ટતાના આગ્રહી. ઊંચા-પૂરા ઊભય પક્ષે. મારા તો ગામ પાડોશી. સોજાની હાઈસ્કૂલમાં હું ભણું ત્યારે મને ખબર ન્હોતી કે આ ગામના મોટા સર્જક અમદાવાદમાં રહે છે, પણ જ્યારે જ્યારે સ્કૂલમાં સાહિત્યની વાત થતી ત્યારે એમને શિક્ષકો યાદ કરતા. ભોળાભાઈ પટેલનું છોતેર વર્ષે અવસાન થતાં ગુજરાતે માતૃભાષાનો વીરલ ચાહક એવો વિદ્યાપુરુષ અને ભારતીય ભાષાસાહિત્યનો એક પ્રખર અભ્યાસી યોદ્ધો ગુમાવ્યો છે. આજીવન અધ્યાપક, વિદ્યાતપ એ જ એમના જીવનનો કર્મયોગ. પરંપરામાંથી ઉત્તમનું સેવન કરવાનો અને આધુનિકતાને આવકારવાના અભરખા તેમના લેખમાં દેખાય. સૌંદર્ય દૃષ્ટિ એટલી – બધી કેળવાયેલી કે તેઓ સૌંદર્યના ઉપાસક ગણાયા. 'વિદિશા'થી જ એમની પ્રતિષ્ઠા પાંગરી, પછી તો 'કાંચન જંઘા', 'શાલ ભંજિકા', 'દેવોની ઘાટી', 'દેવતાત્મા હિમાલય' જેવા નિબંધ દર્શન ભાવકોને થતાં રહ્યાં. પ્રાચીન-અર્વાચીન ભારતીય સાહિત્યના પાર વગરના સંદર્ભો તેમના નિબંધોમાં પ્રતિબિંબિત થતા રહ્યા. કાકાસાહેબ, સુરેશ જોશી પછી ગુજરાતી નિબંધનો જે ત્રીજો તબક્કો ગુજરાતમાં શરૂ થયો એમાં તેમનું નામ મોખરે રહ્યું. નિબંધકાર તરીકેની તેમની ઓળખ ગુજરાતમાં અને ભારતભરમાં એવી તો દૃઢ થઈ કે તેઓ બંગાળી સંદર્ભો, પૌરાણિક સંદર્ભો, અને ભારતીય ભાષાની – સાંસ્કૃતિક પરંપરાઓની ગૂંથણી કરનારા નિબંધકાર ગણાવા લાગ્યા. તેમણે પોતે જ કહ્યું છે કે મને મુખ્યત્વે નિબંધ અને પ્રવાસલેખનમાં રસ રહ્યો છે, એટલે તેઓ સાચા અર્થમાં નિબંધપુરુષ હતા.

ભોળાભાઈ પટેલ નિબંધકાર ઉપરાંત વિવેચક, સંપાદક અને અનુવાદક તરીકે પણ જાણીતા છે. એમના વાઙ્મય પર નજર માંડીએ તો પ્રત્યેક સ્વરૂપમાં તેમની સૌંદર્યદૃષ્ટિ આગળ રહેલી જણાશે. 'અધુના'થી એમનું વિવેચનકાર્ય પ્રારંભ્યું – સ્વીકારાયું અને પ્રતિષ્ઠા પણ પામ્યું. 'આધુનિક ગુજરાતી કવિતા', 'અજ્ઞેય એક અધ્યયન' અને 'સાહિત્યિક પરંપરાનો વિસ્તાર', 'મળી મને માતૃભાષા ગુજરાતી', 'વાગ્વિવિશેષ', 'ભારતીય ઉપન્યાસ મેં ગ્રામકેન્દ્રી ઉપન્યાસ' જેવા વિવેચન સંગ્રહો તેમની પાસેથી મળ્યા છે. રવીન્દ્રનાથ સુમિત્રાનંદન પંત, જીવનાનંદદાસ, બુદ્ધદેવ બસુ, જેવા સર્જકોને ગુજરાતીમાં બોલાવી લાવવાનું દૂતકાર્ય પણ તેમણે બજાવ્યું છે. ઉમાશંકર જોશીને હિંદી સાહિત્યમાં પ્રતિષ્ઠિત કરવાનું શ્રેય પણ તેમને ફાળે જાય છે. તે ઉપરાંત 'રવીન્દ્ર સંચયિતા', 'શ્રેષ્ઠ ઉમાશંકર' જેવાં નોંધપાત્ર સંપાદનો પણ તેમની પાસેથી મળ્યા છે. બંગાળી, અસમિયા, ઊડિયા, મરાઠી જેવી ભારતીય ભાષાઓ તેઓ શીખ્યા અને તુલનાત્મકના અભ્યાસી પણ બન્યા. 'અજ્ઞેય' ઉપર પીએચ.ડી. જ માત્ર ન્હોતું કર્યું તેમણે અજ્ઞેયજીને પચાવ્યા હતા. તેમના ઉપર ટાગોર, કાલિદાસ ઉમાશંકર અને અજ્ઞેયનો પ્રભાવ હતો એમ અભ્યાસીઓ ચોક્કસ કહી શકે.

ખેડૂ પરિવારમાં જન્મેલા ભોળાભાઈ, સોજા-કડી-માણસા અને અમદાવાદની યાત્રા કરતાં કરતાં સમૃદ્ધ થતા રહ્યા છે. 'શબ્દ' દ્વારા જ એ 'પરબ'ના અઢી દાયકા તંત્રી રહ્યા અને સાહિત્ય પરિષદના પ્રમુખપદ સુધી પહોંચ્યા. શબ્દના સાચા ઉપાસકને 'વિ' પરિવાર તરફથી હૃદયપૂર્વકની અંજલિ પાઠવું છું.

● ભગીરથ બ્રહ્મભટ્ટ

## રવીન્દ્રનાથ

૧.

ઉષા અમૃત-કુંભ મસ્તક ધરી પધારી અહીં;
અહીં છલકી નવ્ય ભારતની કાવ્ય-ગંગોત્તરી,
તૃષાર્ત વિભુ દેશચિત્ત પરિપ્લાવયંતી ધસી,
ઉરો ઊજડ અંકુરાવતી સુધાની ધારા હસી;
પ્રમાદ અવસાદ દૈન્ય અવમાન-ના કર્દમે
સહસ્રદલ પૂર્ણપ્રસ્ફુટિત પદ્મ અહીં ઊઘડ્યું;
ડુબાડી ફફડાટ તુચ્છ બબડાટ તાગી રહ્યો
મનો-ગગન રાજહંસ, દ્વય પંખ ખોલી અહીં.

અમારી કઈ વેદના, સુખ ક્યાં ન સ્પર્શ્યાં-રસ્યાં
સુરોની સુષમાથી તેં, કવિ! અરણ્યની મર્મરો
ગભીર જળ-બોલ અર્ણવ તણા, સ્મિતો વ્યોમનાં,
તૃણોની અણપ્રીછ ગોષ્ઠિ, જડ લોક કોલાહલો,
સમીર-શિહરંત મોલ મૃદુ હાંફતી છાતી શા,
—લયે અમર સૌ શ્વસે અવ અનંતને અંતરે.

૨.

સ્રવ્યો સ્થવિર હિંદના ઉરથી શબ્દ શો તાજગી-
ભર્યો, દ્યુતિલ દેશદેશ પ્રતિ યાત્રી થૈ સંચર્યો,
હજી નવ સમાપ્ત ભારતકથા – કહેતો બધે,
હતી તિમિર-ભીંસ, – ગીત, કવિ તાહરો ઉત્તર.
બધે હૃદયચિત્ત સંકુચિત બદ્ધ દીવાલમાં
સુરક્ષિત; – ન પૂર્વ પશ્ચિમ તું વ્યોમચારી ગણે.
ન સંસ્કૃતિ-અવાજ, મૂર્ત અવતાર વિચર્યો બધે.
કવીન્દ્ર, તવ શ્રેષ્ઠ કાવ્યકૃતિ તારું ઉત્-જીવન.

વહ્યો શતક, આજ શેષ તવ શબ્દ જીવંત તે;
કરે ગરક શર્મમાંઃ તવ બુલંદ એ કંઠ ક્યાં
પરાભવ વિશેય, મુક્તિ મહીં ક્યાંથી કાર્મણ્ય આ?
નવીન યુગ વિશ્વમાનવ તણો ઊગ્યો; નાન્દી તેં
અલાપી. અવ મુક્તિકંઠ અવિશંક ગુંજી રહોઃ ઢૂકડો
ન માર્ગ શિવનો જગે અવર સત્ય સૌન્દર્ય ને પ્રેમથી.

(કવિ ઉમાશંકર જોશીએ – તેમના જન્મની અર્ધશતાબ્દી વર્ષમાં, કવિવર રવીન્દ્રનાથ ટાગોરના જન્મ શતાબ્દી દિને ૭-૫-૧૯૬૧ના રોજ જોડાસાંકો-કલકત્તા મુકામે રૂબરૂમાં વાંચવા સર્જેલું સૉનેટ-દ્વય. હમણાં જ કવિવર રવીન્દ્રનાથ ટાગોરની ૧૫૦મી – સાર્ધ જન્મશતાબ્દી – જયંતી ગુજરાતમાં સંપન્ન થઈ છે.)

## રાવજી પટેલ

### આ એ જ ૧.

આ એ જ એ જ પથ, એ જ વળાંક જોઉં.
મેં આમ્રના થડ તણો લઈ સ્હેજ ટેકો
જોઈ હતી પ્રથમ વાર વળી જતી એ.
ને સ્હેજ આછું મરકી મુજ ઘેનઘેરા
ઉન્માદને જ બસ શીય ગઈ જ ચાખી!
ધેનુ તણા ધણ વિષે રણકી રહી'તી
શી સ્હાંજ, ગોરજ તણા પેટમાં છુપાવી
મોઢું; જતી ઘર ભણી લજવાળ કન્યા!
હું આમ્રના સ્વજન શો લચકી નિહાળું
રાતું થયેલ નભ, સ્રોવરની સપાટી
કો' પદ્મના સળવળાટ થકી છવાઈ.
વર્ષો ગયાં; વરસના દિવસો ગયા સૌ,
થીજી ગયા સમયનો લય અંગ જાગે!

### પંખી ૨.

કદી આંખમાંથી ઊડી જાય પંખી,
કદી આંખ વચ્ચે પડી ન્હાય પંખી.

અટારી નીચે વૃક્ષ ઊગ્યું'તું મનમાં,
વિચારો થઈ આજ અટવાય પંખી.

કરી પાંખ પ્હોળી ઉભય ગાલ ઉપર,
તમારા ચહેરાનું મલકાય પંખી.

નર્યાં ફૂલ વચ્ચે રહી રહીને થાક્યું,
હવે શબ્દ થઈને આ અંકાય પંખી.

પણે ડાળ આંબાની ટહુક્યા કરે છે,
પણે રાત આખી શું વેરાય પંખી.

હજી જીવું છું એનું કારણ છે એક,
હજી શ્વાસમાં એક સંતાય પંખી.

(બંને કાવ્યોના કવિ રાવજી પટેલની આવતા માસમાં ૪૫મી પુણ્યતિથિ છે, તે પ્રસંગે)

# 'મહાગુજરાત'ના સ્વપ્નદૃષ્ટા અને સ્વપ્નસ્રષ્ટા ઈન્દુલાલ યાજ્ઞિક ૪૦મી પુણ્યતિથિએ પુણ્યસ્મરણ (૧૭-૦૭-૧૯૭૨)

ઈન્દુલાલ યાજ્ઞિક એક અર્થમાં ભારતના ઉત્તમ કોટિના આગેવાન હતા. એમને સત્તાએ કદી લોભાવ્યા નથી. ભિન્ન મત પ્રદર્શિત કરવામાં એમણે ક્યારેય અચકાટ અનુભવ્યો નથી. ફકીરી એમના જીવનમાં વણાયેલી હતી, ગામડાંનો ગરીબ ખેડૂત અને શહેરનો મજૂરી કરતો મજૂર જ્યારે પણ જરૂર પડે તો ઈન્દુભાઈનો સાથ મેળવી શકતો...

ઈન્દુલાલ યાજ્ઞિકે એમના જીવનમાં લાખો ગુજરાતીઓનાં મન જીતી લીધાં તે મહાગુજરાતનું આંદોલન. એમના સતત સંઘર્ષમાં વીતેલા જીવનના સૌથી વધુ સફળ દિવસો આ હતા. દ્વિભાષી મુંબઈમાંથી અલગ ગુજરાત રાજ્ય રચવાની મોરારજીભાઈને મનેકમને હા ભણવી પડી. આવી સંમતિ આખરે નેહરુને પણ આપવી પડી એ એમના સફળ નેતૃત્વનું સોનેરી પાન હતું. પણ આમ છતાં અમદાવાદની લાખોની જનતાએ આખરી સલામ કરી તે દિવસે અમદાવાદની શેરીઓ અને અટારીઓમાં ઐતિહાસિક દૃશ્યો સર્જાયાં હતાં.

સમગ્ર આંદોલન સંપૂર્ણ અહિંસક રહ્યું. એટલું નહિ પણ ઈન્દુલાલ યાજ્ઞિક મટી 'ઈન્દુચાચા' બન્યા અને એમણે જનતા કરફ્યુ જેવા અહિંસક શસ્ત્રનો ઉપયોગ થનગનતા યૌવનને પણ સુઝાડ્યો અને પળાવ્યો ત્યારે ગાંધીના અહિંસક આંદોલનને ચાર ચાંદ લાગ્યા હતા.

પંડિતજીની જાહેરસભા સામે ઈન્દુચાચાએ અજોડ સમાંતરસભા ભરી મહાગુજરાતના નિર્ધારની કસોટી કરવાનો નિશ્ચય જાહેર કર્યો ત્યારે એમની હિંમત માટે ઘણાને મનમાં હસવું આવેલું કારણ એ દિવસોમાં પંડિતજીને જાહેર પડકાર આપવાની કોઈએ હિંમત કરી નહોતી. લાલ દરવાજાના મેદાનની પંડિતજીની સભા અને એની સામે લૉ-કૉલેજના મેદાનની સમાંતર જાહેરસભાના બીજે દિવસે ભારતના મીડિયાએ સમાચાર પ્રસિદ્ધ કરી મહાગુજરાતની સભાને નેહરુની સભા કરતાં મોટી જાહેર કરી ત્યારે ગુજરાતની જનતાની શક્તિનો દેશને પરચો થઈ ગયો.

ખૂબીની વાત એ છે કે, ઈન્દુચાચાએ કદી આ બનાવને પોતાની સિદ્ધિમાં ન ગણાવ્યો. ઊલટાનું એમણે ગુજરાતની જનતા સમક્ષ તે દિવસે શિર ઝુકાવી લડત એમ જ સ્વાભાવિક સ્વરૂપે ચાલુ રાખી.

આ લડતની પરાકાષ્ઠા મહાગુજરાતની રચનાની જાહેરાત સમયે આવી; કારણ ભાષાવાર પ્રાંતરચનાના ઈતિહાસમાં આવી અને આટલી અહિંસક લડત ક્યાંય નહોતી લડાઈ.

આ વિજયના દિવસે મળેલી વિરાટસભામાં સામાન્ય જન પોતાના નેતાઓને ગુજરાતના મંત્રીપદે જોઈ રહ્યો હતો અને એના સવાલોની ચિઠ્ઠીઓ આવતી હતી ત્યારે જ ઈન્દુચાચાએ જાહેર કરી દીધું કે, આપણામાંથી કોઈએ પ્રધાન બનવાનું નથી. આપણું ધ્યેય પ્રધાનપદ નહિ પણ મહાગુજરાત હતું. તે મળી ગયું છે અને મહાગુજરાત જનતાપરિષદનું કાર્ય પૂરું થયું છે. વિજયની પળે, પળનાય વિલંબ વગર આવું કોણ કરી શકે? માત્ર ને માત્ર ઈન્દુચાચા જેવા ફકીર નેતા.

અમારા જીવનની આ અદ્‌ભુત ક્ષણ હતી.

...ઈન્દુચાચાનો ગુજરાતી ભાષા પર અનોખો કાબૂ હતો. એમના લાંબા ગુજરાતી પ્રવચનમાં ભાગ્યે જ અંગ્રેજી શબ્દ આવતો. પ્રવચનની ભાષા અને વિશેષણો બિલકુલ તળપદી રહેતાં. છતાં આ માણસે જ્યારે આયર્લેન્ડની મુક્તિની લડાઈમાં દ'વેલેરાનો સંગાથ કર્યો ત્યારે અંગ્રેજીમાં પ્રવચન કરવામાં કશી મણા આવવા દીધી નહોતી. ઈન્દુચાચાએ ગાંધીજી અને ઠક્કરબાપા જેવાનો પણ પ્રેમ સંપાદન કર્યો. પણ ગાંધીજીનો સંગાથ છોડ્યા પછી પણ પોતાના પ્રવચનમાં ગાંધીનો ઉલ્લેખ કરે તો લાગણીશીલ બની જતા...

...આ આત્મકથા ૧૯૧૫થી મહાગુજરાતની રચના સુધીના કાળની એક અર્થમાં ગુજરાતના જાહેરજીવનની આત્મકથા છે. આની પ્રસ્તાવનામાં ઈન્દુચાચાએ સાચું જ લખ્યું છે કે –

"સામાન્ય રીતે લખાતી આત્મકથામાં લેખક જ તેનો નાયક હોય છે પણ આ પુસ્તકના વાચક જોઈ શકશે કે આદિથી અંત સુધી તેમાં ઝળકતા અને સુગંધીદાર અનેક માનવપુષ્પો નીચે હું તો એક સૂત્ર રૂપે ઢંકાઈ જાઉં છું. અર્થાત્ આ જીવનકથાનો નાયક હું નથી પણ ગુજરાતની પ્રજા છે કંઈક અંશે તેના અનેક સેવક અને ઘડવૈયા છે."

આવી ગુજરાતના વિશાળ પટમાં દાયકાઓ સુધી વહેતા ગુજરાતના પ્રજાજીવનનો, એનાં પાત્રોનો, એના રીતરિવાજ, એના સંસ્કાર અને ઘડતરનો આ મહાલેખ કહી શકાય.

('આત્મકથા' ભાગ ૧ થી ૬ : લે. ઈન્દુલાલ યાજ્ઞિક; પુનઃપ્રકાશન પ્રસંગે શ્રી સનતભાઈ મહેતાનાં આવકાર-વચનો. આત્મકથાના છેલ્લા ભાગમાંથી ઉપર્યુક્ત આવકારવચનના કેટલાક અંશ.)

## સત્યમેવ જયતે

**નિખિલ જોષી**

સત્ય તો જાણે શીંગના ફોતરા
ચાવીને થૂંકી દીધેલ પાનની પિચકારી જેવું
બીડી ફૂંકીને ઉડાડી દીધેલ ધુમાડા જેવું
નફ્ફટ નઘરોળ એક ભૂંડ
બીજાની વિષ્ટા ચાટતું ફરતું એ જનાવર
એના પગના પાછલા હિસ્સાથી દીવાલ પર
ઉડેલા કાદવ જેવું સત્ય
છેક હાડકાના પોલાણ સુધી ચૂંથી ચાંટીને
ફેંકી દીધેલ માંસના ટુકડા સમું સત્ય
જર્જરિત ચીંથરામાંથી ડોકા કાઢતાં
અંગોને પણ નખ વડે નોચતા
પડેલા ઉજરડા સમાન સત્ય
ગામના ઉકરડે શ્વાન દ્વારા કરાતી
ખેંચતાણમાં લીરેલીરા થતા
કચરા જેવું સત્ય
દલાલ અને ગ્રાહકના સોદામાં વેચાતા
લોહી અને શ્વાસની બાદબાકી સમું સત્ય
રોશનીથી ચમકતા શહેરના અંધારે ખૂણે
લૂંટાતી આબરૂ જેવું અદ્દલ સત્ય
ભૂખથી ટળવળતા પેટમાં
પાંસળીઓ વચ્ચે રિબાતી લાચારી જેવું સત્ય
બધી તૈયારી થઈ ગઈ છે આઘા ખસો
ટોળે ના વળો, શોર ના મચાવો
આ તો ખાલી એક નવું પાટિયું ચિતરાવીને
અહીં મૂકવાનું છે
એની બબાલ છે
થઈ જશે શાંતિથી કામ
લાગી જશે પાટિયું
ઘણા ચિત્રકારો અહીં ભેગા થશે
એમાં ખાલી એટલું જ લખવાનું છે
પાટિયા પર કે
‘સત્યમેવ જયતે’
ખરેખર સાલું ઘણું ગજબ છે
આટલી અમથી વાતમાં તો
વાત વાતમાં
કેટલા લોકો ભેગા થઈ ગયા!!!

(joshinikhil2007@gmail.com; www.nikhiljoshi.com;
www.shabdatirath.blogspot.com • 9824603013)

## ઓળખ

**રાજેન્દ્ર ઉપાધ્યાય**

ઓળખ શી છે મારી, તમારી, આપણી?
જ્યાં જાતને ના જાણીએ, ત્યાં શો પરિચય આપવો?
નામ શું, રહેઠાણ ક્યાં, જ્ઞાનિ કઈ, વ્યવસાય શો?
શું ભણ્યા, કેવું ગણ્યા ને કમાઓ કેટલું?
શો અનુભવ, શોખ શા, શેમાં રુચિ, ખાનદાન ને સંસ્કાર?
– વ્યક્તિના ઓળખ-પરિચયમાં આ બધું અભિપ્રેત છે?

કામ કરતા હાથ, નિષ્ઠા, સદ્‌ગુણો, કાબેલિયત
જોસ્સો અને ઉમંગથી આગળ ધપતાં ચરણ
સારું અને સાચું જ જોવા-સુણવા ટેવાયલાં
બે આંખ, ને બે કાન, બુદ્ધિ, દિલ ને સાચી નિયત
સમ્યક્ વિચારો, વાણી ને વર્તન, કહો
એ ખરી ઓળખ નથી? પરિચય નથી?

વ્યક્તિનાં ઓળખ-પરિચય ‘વ્યક્તિ’ પોતે હોય તો
‘માણસ’ છે એ – બસ એટલી ઓળખ શું પૂરતી નથી?

## પંખીને મન થાય કે?...

**રાજેન્દ્ર ઉપાધ્યાય**

વૃક્ષને પંખી થવા મન થાય
પણ પંખીને કદી થાય કે
લાવ, હું ય તે તરુ બનું
આ રોજ ઊઠી ખોરાક-ચણની ખોજમાં
ઊંચે ઊંચે આભમાં ઊડવું પડે
પારધીથી ને શિકારી પક્ષીથી ડરવું પડે
સ્થાયી કશી ના જિંદગી!
નિત નવા આવાસ કેરી શોધમાં
ભમવું પડે, ઘૂમવું પડે
ક્યારેક તો
સ્થલાંતરો કરવાં પડે
દેશાન્તરો ઘૂમવાં પડે
ને તેય યાયાવર બની
કેવી કડાકૂટ, હાડમારી આ બધી!
આ વૃક્ષને કેવી મજા! છે કશી ચિંતા?
એક સ્થાને સ્થાયી થઈ ઊભું રહે
તો મૂળિયાં એનું સદા પોષણ કરે
ને અમારું સહુ કોઈ શોષણ કરે
પર્યાવરણના પ્રેમીઓ
‘વૃક્ષ વાવો, છોડ વાવો’ – સૂત્ર એવાં બોલીને
એનું સદા રક્ષણ-સંવર્ધન કરે
જતન અને વૃદ્ધિ કરે
વિહ્‌વળ વિહગ વિમાસે ને વિચારે –
કાશ હું યે વૃક્ષ બની જાઉં તો!...

(૧,શિવકમલ એપાર્ટમેન્ટ, સેન્ટ્રલ એક્સાઈઝ ભવન સામે,
પાંજરાપોળ, આંબાવાડી, અમદાવાદ – ૩૮૦ ૦૧૫)

## સાક્ષાત્કાર

**રવજીભાઈ કાચા**

પ્રસંગ યાદ કરું છું ને લાગણીમાં તણાઈ જવાય છે. લખવા બેસું પણ લખાય નહિ. શું લખું? કેમ લખું? એવી દ્વિધામાં અટવાતો રહ્યો. કારણ કે પ્રસંગ જ એવો બનેલો. પણ જ્યાં સુધી એ અનુભવેલી લાગણી, ઊર્મિ બહાર નહિ આવે ત્યાં સુધી શાંતિ નહિ મળે એવું લાગવાથી લખી રહ્યો છું. જેમ બે દાંત વચ્ચે ભરાયેલ નાનકડી વસ્તુ, કણ, નીકળે નહિ ત્યાં સુધી જીભ અને મન ત્યાં જ ચોંટેલા રહે છે તેમ.

તે દિવસે શુક્રવાર હતો. મે મહિનો એટલે વૈશાખ અધુહારે તપતો હતો. છતાં કામ સબબ ચિત્તલ રોડે નીકળવાનું થાય એટલે મારા પ્રિય વિદ્યાર્થી મનોજ પંડ્યાને મળ્યા વિના ચાલે જ નહિ, "બાપા સિતારામ" તેની ફરસાણની દુકાન. કાંઈ ન લેવું હોય તો પણ તેને મળવું તો જોઈએ જ.

દુકાને રોકાયો. મનોજ તો હાજર નહોતો. તેના બાપુજી હતા. એમની સાથે દેશી મળે. મળીએ ત્યારે થોડી આડી અવળી, ખાટીમીઠી વાતો કરીએ ને વાગોળીએ. હું તેમની બાજુમાં બેઠો. ગાંઢિયા કે જલેબીનો ઑર્ડર આપું કે ન આપું પણ મનોજને ખબર જ હોય કે સાહેબને ગાંઠિયા – જલેબી બાંધી દેવાનાં જ હોય.

આજ કારીગરે મારા માટે ગાંઠિયા બનાવવાનું શરૂ કર્યું. હું ને વડીલ વાતોએ વળગ્યા. દુકાન રોડ પર છે. બાજુની ગલીમાંથી એક મોટી ઉંમરનાં ભિખારી માજી નીકળ્યાં. લઘરવઘર વસ્ત્રો, ખભે થેલો, હાથમાં લાકડી જે શેરીનાં કૂતરા હડકારવામાં કામ આવતી હશે. આંખે આછાપાતળાં ચશ્મા. ચશ્માની એક દાંડીની જગ્યાએ દોરી બાંધી કાનમાં ભરાવેલી હતી. વાત કરતાં કરતાં મારી નજર પેલાં માજી પર પડી. જો કે તેમનું ધ્યાન દુકાન પર હતું. શક્ય છે ગાંઢિયાની સુગંધ તેમના નાકમાં ગઈ હોય ને ગાંઠિયા ખાવાની ઇચ્છા થઈ આવી હોય. હું વાતોમાં જરૂર હતો પણ નજર પેલાં માજી પર હતી. તેઓ જોતાં જાય ને આગળ ચાલતાં જાય. મેં જોયું કે બે ત્રણ ડગલાં દુકાન તરફ માંડ્યા ય ખરા પણ પળનો ય વિલંબ કર્યા વિના પાછા વળી ગયાં. શક્ય છે કે દુકાનદાર સાથેનો અનુભવ સારો ન હોય.

માજી દત્ત મંદિરને રસ્તે ડગમગુ આગળ વધ્યાં. દસપંદર ડગ ગયાં હશે ને મેં ઊભા થઈ બૂમ મારી, "એ... માજી, એ...માજી..." સાવ અચાનક, સાવ અકારણ બની ગયું. કોઈ સ્વજન, મિત્ર નીકળે ને ગાંઠિયા ખાવા બોલાવીએ એમ માડીએ સાંભળ્યું કે નહિ પણ તેમણે પાછું વળીને જોયું નહિ. હું તેમને બોલાવવા જતો હતો ત્યાં મારો અવાજ સાંભળી એક સાયકલ સવારે માજીને ઊભાં રાખી મારા તરફ વાળ્યાં. મેં હાથના ઇશારાથી નજીક બોલાવ્યાં.

મેં માજીને ગાંઠિયા બાંધી આપવા કહ્યું, "કાને સંભળાતું નથી." પડીકું હાથમાં લઈ માજી ફરી બોલ્યાં, "ભગવાન ભલું કરશે." કહી માજી ચાલતાં થયાં.

હું પાછો વાતે વળગ્યો. જાણે કંઈ બન્યું નથી એમ. હું મારા ગાંઢિયાનું પડીકું લેવા જતો હતો ત્યાં પેલાં માજી તરફ અચાનક જ નજર ગઈ. જ્યાંથી પાછા ફર્યા હતાં ત્યાં પહોંચતાં તેઓ ઊભાં રહ્યાં. ડોકી ફેરવી મારા તરફ જોયું. ફિલ્મમાં બે પ્રેમીપંખીડાં અબોલ જતાં રહે ને પાછાં એક સાથે ઊભા રહી સામસામે જોઈ રહે એમ.

એમની વળેલી ગરદન, સ્નેહભીની આંખો, મોં પર આછા સ્મિતનાં મેં દૂરથી દર્શન કર્યાં. ન કળી શકાય એવા ભાવ મેં એમનાં ચહેરા અને આંખોમાં વાંચ્યાં.

આજે જ્યારે હું લખું છું ત્યારે પણ એ દૃશ્ય મારી આંખ સામે તરવરે છે. ત્યારે મને વિચાર આવે છે, "શું આને જ સાક્ષાત્કાર કે દર્શન કહેવાતાં હશે?"

(આઈ.ટી.આઈ. સામે, અમરેલી – ૩૬૫ ૬૦૧.
મો.: ૯૪૦૮૧૫૭૦૯૨)

# ફૂલ વિનાની વેલ

## કિરીટ ગોસ્વામી

**(આપણા યુવાન, સંવેદનશીલ સર્જક અને શિક્ષક શ્રી કિરીટ ગોસ્વામીની આ લુઘનવલ શિક્ષણના પરિવેશમાંથી પાત્રો લઈને માનવહૃદયના વિવિધ ભાવોનું નિરૂપણ કરે છે. 'વિ'માં તેનાં પ્રકરણો ક્રમશઃ પ્રગટ થતાં રહેશે. સુજ્ઞ વાચકોનો પ્રતિભાવ અપેક્ષિત છે.)**

'માલતી! પાણી લાવજે તો!' ઘરમાં પ્રવેશતાંવેંત જ બકુલે આદેશ આપ્યો.

'એ લાવી...!' કહેતીક માલતી, તરત જ પાણીનો ગ્લાસ લઈને હાજર થઈ ગઈ.

'હાશ!' પાણી પીને બકુલ બૂટની દોરી છોડવા લાગ્યો.

'આજે વહેલો કેમ આવી ગયો, બકુલ?' માલતીએ પૂછ્યું.

'ઑફિસમાં કામ ઓછું હતું એટલે!' બકુલે કહ્યું.

'સારું થયું! આમેય ઘરમાં એકલું-એકલું મને ગમતું નથી.' માલતી બોલી.

'હવે તો તારે ગમાડવું જ પડશે, માલતી! હવે તો તારે એકલાં રહેવાની ટેવ પાડવી જ પડશે!' બકુલે બૂટ એકબાજુ મૂકીને સોફા પર આરામથી બેસતાં કહ્યું.

'હા, એ તો હું પણ જાણું છું, પણ કોણ જાણે કેમ, મારું મન હજી પણ માનતું નથી.' માલતીનો અવાજ દર્દીલો બની ગયો.

'મનને મનાવવું પડે, માલતી! તો જ જીવન જીવી શકાશે આપણાંથી!' બકુલ તેને આશ્વાસન આપતો હોય, તેમ બોલ્યો.

'પણ ક્યાં સુધી મનને મનાવીને જીવવું? આખર ક્યાં સુધી, બકુલ?' માલતીની આંખો ભરાઈ આવી. બકુલ ઊભો થઈને તેની પાસે આવ્યો. તેની આંખોનાં આંસુ લૂછતાં, તે બોલ્યો – 'ફરી પાછી તું રડી પડી? અરે ગાંડી! ઈશ્વરે આપણને ઘણું બધું આપ્યું છે! શું નથી આપણી પાસે? ફક્ત એક –' બકુલ આગળ કશું બોલી ન શક્યો. તેના ગળે ડૂમો ભરાઈ આવ્યો. તેની આંખોમાં પણ ઝળહળિયાં આવી ગયાં. તેનો ચહેરો અચાનક સાવ ઊતરી ગયો.

માલતી નીચું જોઈને હજી રડી રહી હતી. બકુલ તેની પીઠ પર પ્રેમથી હાથ ફેરવતાં બોલ્યો – 'જો માલતી, તું જાણે છે કે આપણાં નસીબમાં સંતાનસુખ લખાયું જ નથી. ડૉક્ટર શાહે પણ આપણને ચોખ્ખી 'ના' પાડી દીધી છે. પછી આમ વારંવાર રડવાનો અને દુઃખી થવાનો શો અર્થ?'

'અર્થ છે, બકુલ! અર્થ છે! મારાથી હવે આ ખાલીપો સહન નથી થતો. મારાથી આવી જિન્દગી નથી જીવી શકાતી!' માલતી આટલું બોલતાં, ફરી ધ્રૂસકે-ધ્રૂસકે રડી પડી.

બકુલની આંખે પણ ફરીથી આંસુ ભરાઈ આવ્યાં. તેણે કહ્યું – 'હું જાણું છું, માલતી! પંદર-પંદર વર્ષથી આપણે આ સૂનકાર વેઠીએ છીએ! હવે તો વાંઝિયાપણાનો આ અભિશાપ આપણા જીવતરને કોરી ખાવા લાગ્યો છે! બહુ વસમું લાગે છે મને પણ આવું જીવતર! પરન્તુ ઈશ્વરની ઇચ્છા પાસે આપણે લાચાર છીએ, માલતી! સાવ પાંગળા છીએ આપણે!'

બકુલ બે હાથે બારીના સળિયા પકડીને તેના પર માથું અફળાવતાં પોતાની વેદના અને લાચારીને પ્રગટ કરવા લાગ્યો. માલતીએ તેની સામે જોઈને કહ્યું – 'બકુલ, મારી એક વાત માનીશ?'

'હા, બોલ!' બકુલે તેના તરફ જોઈને કહ્યું.

માલતીએ કહ્યું – 'ડૉક્ટરના કહેવા પ્રમાણે હું 'મા' બની શકું તેમ નથી પણ તું તો પિતા બની શકે ને?!'

'એટલે? તું કહેવા શું માગે છે, માલતી?'

'એ જ કે, તું બીજાં લગ્ન કરી લે, બકુલ!'

'બીજાં લગ્ન? માલતી, આ તું શું બોલે છે, તેનું તને ભાન છે?'

'હા, મેં કશું જ ખોટું કહ્યું નથી...'

'પણ માલતી –'

'મારી ચિન્તા થાય છે ને તને? ને કશું થવાનું નથી! મને તો આનંદ થશે – મોડે મોડે પણ આપણું ઘર આબાદ તો થશે!'

'એવી રીતે મારે મારા ઘરને આબાદ નથી કરવું!' બકુલ ગુસ્સામાં બોલવા લાગ્યો – 'મને તારી ચિન્તા ન થાય મને?! હું એટલો સ્વાર્થી અને પથ્થરદિલ નથી, માલતી! અને નવી આવનાર સ્ત્રીને સંતાન થશે જ, એની ખાતરી શી?'

'એવું અશુભ શા માટે વિચારે છે, બકુલ?'

'મારા માટે તો બીજાં લગ્નનો વિચાર જ અશુભ છે, માલતી!'

'પણ આમને આમ, આ અભિશાપ સાથે ક્યાં સુધી જીવશું આપણે?'

'કદાચ, જિન્દગીભર...!' બકુલ ગુસ્સામાં એટલું બોલીને ત્યાંથી ઊઠી, કમરામાં ચાલ્યો ગયો.

માલતી પથ્થરની પૂતળીની માફક એમ જ બેઠી રહી. ફરી તેની આંખોમાંથી દડ-દડ કરતાં આંસુ ટપકવાં લાગ્યાં. તે મનોમન ઈશ્વરને પોતાના દુઃખની ફરિયાદ કરવા લાગી – 'આખર ક્યાં સુધી હું મારા પાલવને આંસુઓથી ભીંજવ્યા કરું, ભગવાન! ક્યાં સુધી? મારા પાલવમાં એક ફૂલ તો નાખ, ઈશ્વર! એક ફૂલ તો આપ મને!'

માલતી ડૂસકે ચડી ગઈ હતી.

પંદર વર્ષ પૂર્વે તે આ ઘરમાં કેકેટલાં અરમાનો લઈને આવી હતી! તેણે અને બકુલે, આ ઘરને સ્વર્ગથી પણ સુંદર બનાવવા માટે કેટલાં સ્વપ્નો સેવ્યા હતાં! બકુલે તો તેને બધું જ આપ્યું – ઘર, ઘરવખરી, સગવડો, આરામ... પરન્તુ તે, બકુલને હજી સુધી એક સદ્ભાગ્ય પણ આપી શકી નથી!

માલતીને પોતાની જાત પ્રત્યે નફરત થઈ આવતી હતી. એક સ્ત્રી જ્યારે માતા બને છે, ત્યારે જ તે સંપૂર્ણ બને છે! માલતીએ બાળક માટે થઈને શું-શું નથી કર્યું?! ઘણાં ડૉક્ટરો બદલ્યા, વૈદ્યોને બતાડ્યું, ભૂવાઓની પાસે પણ ગયા. બાધા-આખડી-માનતાઓનો તો પાર જ નહીં. ક્યારેક કોઈ મંદિરે ખુલ્લાં પગે ચાલતાં જવાની તો ક્યારેક હથેળીમાં દીવો કરીને જવાની કેંક માનતાઓ કરી! કયારેક વળી, ખાવા-પીવાની બાબતે બાધાઓ લીધી. કેટલાંયે વ્રતો-ઉપવાસો કર્યાં! પણ ઈશ્વર ન રીઝ્યો, તે ન જ રીઝ્યો!

આખરે ડૉક્ટર વિભાવરી શાહના શબ્દો, ધારદાર તીરની જેમ માલતીનાં કાળજાની આરપાર ઊતરી ગયાં – 'તમે કદી માતા નહીં બની શકો મિસિસ માલતી પાઠક!'

માલતી આ વરવા સત્યને પોતાના હૈયામાં ધરબીને જીવવા લાગી. પણ તેની સંતાન માટેની ઝંખના તો ઉત્તરોત્તર વધતી જ ગઈ. ક્યાંક, કોઈ નાનકડા બાળકને જુએ કે તરત જ તે પાગલ થઈ જાય! એ બાળકને તે તેડી લે, ચૂમીઓથી એને નવડાવી દે! તેની સાથે કાલી-કાલી ભાષામાં વાતો કરવા લાગે!

બકુલ તેની વેદનાનો મૂક સાક્ષી હતો. તેની પણ તીવ્ર ઈચ્છા હતી કે પોતાનું એક નાનકડું બાળક હોય! એની કિલકારીઓથી ઘર સભર બની જાય! પરન્તુ પોતાની આ ઈચ્છા કદી ફળવાની નથી – એ જાણ્યા પછી બકુલ, હંમેશાં આ વાતને ટાળતો હતો. માલતીની સાથે તો તે ક્યારેય આ બાબતે કોઈ ચર્ચા કરતો જ નહીં.

માલતી બહુ જિદ્દ કરતી ત્યારે બકુલ તેને અનાથ આશ્રમમાંથી બાળક, દત્તક લાવવાની વાત કહેતો. પણ માલતીને એ મંજૂર નહોતું. એને તો પોતાનું પોતીકું બાળક જોઈતું હતું. પછી એ ભલે પોતાના પેટેથી અવતરેલું ન હોય! પણ બકુલનું સંતાન તો હોય! પોતાની આવી ઈચ્છાને કારણે જ માલતી બકુલને બીજાં લગ્ન કરી લેવા માટે વિનવી રહી હતી...

હજીયે ત્યારની બેઠી-બેઠી માલતી રડી રહી હતી. કપડાં બદલીને રસોડા તરફ જતાં બકુલ બોલ્યો – 'આજે જમવાનું પણ નહીં આપે કે શું?'

'હા, આજથી જમવાનું પણ બન્ધ!' માલતીએ ગુસ્સે થઈને કહ્યું.

'પણ શા માટે?!' બકુલ જાણી-જોઈને અજાણ્યો બની ગયો.

'તું મારી વાત માનતો નથી એટલા માટે!' માલતીએ કહ્યું.

'કઈ વાત?' બકુલે તેને પૂછ્યું.

'એ જ! કે તું બીજાં લગ્ન કરી લે, બકુલ!'

'માલતી! માલતી! તું સમજતી કેમ નથી? આવી બાબતમાં આમ, નાના બાળકની જેમ રઢ લઈને ના બેસી જવાય! પ્લીઝ, માલતી! તું મને જરા સમજવાની તો કોશિશ કર...' બકુલ આજીજીભર્યા સ્વરે બોલ્યો.

માલતી તેના પર ગુસ્સે થઈને કહેવા લાગી – 'તું સમજે છે મને? એક સ્ત્રીને શું જોઈએ એનો ખ્યાલ છે તને? એનાં હૃદયની ઝંખના, એની વેદનાની સમજ છે તને?'

'હા, જાણું છું, માલતી! હું બધું જ જાણું છું, પરન્તુ...'

'પરન્તુ શું બકુલ? પરન્તુ શું? બોલ ને! તારા કહેવાનો અર્થ એમ જ થાય છે ને કે મારી હાજરીમાં તું બીજાં લગ્ન ન કરી શકે?'

'પ્લીઝ, માલતી! તું એવું કશું આડું-અવળું ન વિચાર!'

'બકુલ, તું મને છૂટાછેડા આપી દે પછી તો તારાથી બીજાં લગ્ન થઈ શકે ને?'

'માલતી...!'બકુલે આવેશમાં આવીને માલતીના ગાલે એક તમાચો ચોડી દીધો. તેની આંખો ગુસ્સામાં એકદમ લાલ થઈ ગઈ. માલતી નીચું જોઈને, પોતાની બે હથેળીઓમાં મોં છુપાવીને રડવા લાગી.

બકુલથી આ બધું સહેવાયું નહીં. પોતાના આંસુ છુપાવતો, ઘરની બહાર નીકળીને તે, બસ-સ્ટેશન તરફ ચાલવા લાગ્યો...

(ક્રમશઃ)

(એફ-૨૦/૬૬૬, પ્રથમ માળ, રણજિતનગર, જામનગર – ૩૬૧ ૦૦૫. મો.: ૯૮૭૯૪૦૧૮૫૨)

*// સંકલન //*

## ગ્રામોફોનની પ્રથમ રેકર્ડ

ગ્રામોફોનનો શોધક આલ્વા ઍડિશન હતો એ વાત તો જગજાહેર છે. એના નામે ઈલેક્ટ્રિક બલ્બ, અને ચલચિત્ર કેમેરાની શોધો પણ લખાયેલી છે. પણ આજે આપણે એના ગ્રામોફોનના રૅકોર્ડ અંગે વાત કરવી છે. ઍડિસને માનવ અવાજને રૅકોર્ડ કરીને પુનઃ સાંભળી શકાય એવી વાજા-થાળીની શોધ કરી ત્યારે પ્રથમ ધ્વનિ-મુદ્રણ કોના અવાજનું કરવું એ પ્રશ્ન એની સામે હતો. એના સમય-ખંડમાં જ એના જેવી જ એક બીજી પ્રખર વ્યક્તિ જર્મનીમાં હતી. એ મેધાવી પ્રતિભાનું નામ દુનિયા આખી જાણતી હતી. એ હતા મૅક્ષ મૂલર. ઍડિસને એમને એની ઇચ્છા લખી જણાવી, અને રૅકોર્ડિંગ માટે એમનો સમય માગ્યો. એક મહાન વ્યક્તિ એના જ બરની બીજી વ્યક્તિને કેવી રીતે ના પાડે? મૅક્ષ મૂલર સાહેબે તરત જ વળતો જવાબ પાઠવ્યો કે જ્યારે યુરોપના મોટા ભાગના વિદ્વાનો ઈંગ્લેન્ડમાં ભેગા થવાના હોય એવા પ્રસંગે એ પોતે રૅકોર્ડિંગ માટે તૈયાર હશે.

નિર્ણય મુજબ, એવા એક પ્રસંગે ઍડિસને ઈંગ્લેન્ડ રવાના થવા સ્ટીમર પકડી. ઍડિસનની સૌ વિદ્વાનોને ઓળખ આપવામાં આવી, એકઠા થયેલા સૌને ઍડિસનને મળવાથી આનંદ થયો. મૅક્ષ મૂલરને ઍડિસને સ્ટેજ ઉપર આવવા આમંત્રણ આપ્યું, અને એમની સમક્ષ રૅકોર્ડિંગ કરવાનું ઉપકરણ ગોઠવી કંઈક બોલવા કહ્યું, મૅક્ષ મૂલરે પોતાનો અવાજ મુદ્રિત કરવા આપ્યો, ધ્વનિ-મુદ્રણ થઈ ગયું, અને ઍડિસન પોતાની લેબોરેટરીમાં ગયા, પ્રોસેસ કરી, વાજા-થાળી તૈયાર કરી અને પાછા આવ્યા. સભા સમક્ષ રૅકોર્ડ વગાડી બતાવી. મૅક્ષ મૂલરનો અવાજ સાંભળીને સૌ મંત્રમુગ્ધ થઈ ગયા. મહાન વ્યક્તિઓનો અવાજ આ રીતે સાચવી રાખવાની શક્યતા ફળીભૂત થવાથી સૌને ખૂબ આનંદ થયો. ક્યાંય સુધી તાળીઓનો ગડગડાટ થયા કર્યો.

જ્યારે શાંતિ સ્થપાઈ ત્યારે મૅક્ષ મૂલરે સભામાં બેઠેલા લોકોને પૂછ્યું કે એમણે રૅકોર્ડ કરાવેલા અવાજમાં શું કહ્યું હતું એની સૌને ખબર કે સમજ પડી હતી કે કેમ? બધા વિદ્વાનોને મોંએ તાળાં વાગી ગયાં, કેમ કે જે ભાષામાં એ બોલ્યા હતા એની એમને કશી ખબર પડી નહોતી. યુરોપના વિદ્વાનોએ કદી ય સાંભળી ના હોય એવી એ ભાષા હતી. મૅક્ષ મૂલર સાહેબે પછી બધાને જણાવ્યું કે એ સંસ્કૃત ભાષામાં બોલ્યા હતા, અને અગ્નિની ગાથા ગાનારી એ ઋગ્વેદની પ્રથમ ઋચા છે. એમણે સૌ વિદ્વાનોને જણાવ્યું કે, “માનવજાતના ઈતિહાસમાં વેદ સૌથી પુરાણા ગ્રંથ છે, જ્યારે દુનિયાના અન્ય વિસ્તારોમાં માણસ નગ્નાવસ્થામાં શિકારી જીવન ગુફાવાસે જીવતો હતો ત્યારે ભારતના લોકોએ સંસ્કૃતિનાં ઊંચાં શિખરો સર કર્યાં હતાં, અને જગતને વૈશ્વિક સમજ પૂરી પાડતા વેદો આપ્યા હતા.” એમણે મુદ્રિત ઋચાનો અર્થ સમજાવતાં કહ્યું કે, “હે અગ્નિ, તિમિરમાં તું ઝબકાર છે. અમે તારી કને શ્રદ્ધા અને સમર્પણની ભાવના સાથે દિવસો-દિવસ આવીએ છીએ, તો હે અગ્નિ, તું અમને સહજ સુલભ પ્રાપ્ય હોજો, અને જેમ પિતા પુત્રને સંલગ્ન રહે છે એમ તું પણ અમને અમારા કલ્યાણ અર્થે સથવારજે.”

● જ્યોતીન્ પટેલ

## એક ગૃહિણીની કારકિર્દીઃ અનુસર્જન

અરુણા જાડેજા

આમ તો ગૃહિણી અને કારકિર્દીને શું લાગેવળગે? એણે કયા મોટા કારભાર સંભાળવાના હોય છે કે પછી એણે કયો મોટો વહીવટ ચલાવવાનો હોય છે? એણે તો રસોડું સંભાળવાનું હોય, ઘર ચલાવવાનું હોય જેમાં સર્વસામાન્ય રીતે લોકો કહે છે તેમ કોઈ મોટી ધાડ મારવાની હોય! તેથી કરીને આ કારકિર્દીવાળી વાત એક ગૃહિણીથી તો ખાસ્સી છેટી.

બીજું એ કે કારકિર્દીની વાત કરવાની હોય ત્યાં સુધી ઠીક છે પણ એ કારકિર્દીના સૂર્યની વાત કરવાની હોય તો એ તો પોતાના વખાણ પોતે જ કરવાં કે અમારી કચ્છ-કાઠિયાવાડની બોલીમાં કહેવું હોય તો પડારો કરતાં ફરવું – એમાંનું થયું, તેથી આ લેખ આત્મસ્તુતિનો દોષ વહોરીને સઃસંકોચ લખું છું, તો ક્ષમસ્વ!

છતાંયે ગૃહિણીની કારકિર્દીની વાત કરવાની હોય તો કારકિર્દીને જીવનનો પ્રવાહ ગણી લઈએ. ગૃહિણીનો જીવનપ્રવાહ એટલે એનો ઘરસંસાર. આ કારકિર્દીનો સૂર્ય, આ જીવનપ્રવાહની ગતિ એટલે એના સંસારની પ્રગતિ. નોકરીધંધામાં પતિની બરકત થવી, બાળકનો જન્મ થવો, બાળકો ભણે-ગણે-પરણે, એમનાય બાળકો થાય. મા-નાનીમા કે દાદીમા થવું – આ બધા જ અવસરે ગૃહિણીની કારકિર્દીનો સૂર્ય તપતો હોય છે. એટલે આવા અનેક પ્રસંગે મારી કારકિર્દી મધ્યાહ્નને હોય એમ કહી શકાય. ગૃહિણી કારકિર્દીની મજા એમાં છે કે એનો સૂર્ય તત્કાલીન નથી હોતો, એ ચિરંજીવ હોય છે. સતત પ્રગતિ. પરિવારજનોનું સુખ, દાદીમા તરફથી વડદાદીમા તરફનું વહેણ. પોતાના સર્જનનું સર્જન. અનુસર્જન. એનુંય આગળ સર્જન. આ છે દરેક ગૃહિણીની કારકિર્દીનાં સહસ્ર-સૂર્ય-દર્શન.

કારકિર્દી શબ્દને રૂઢ અર્થમાં મારે લેવો હોય તો મારા જીવનનાં અનેક વહેણ વહેતાં રહ્યાં. પણ મારી સુવર્ણ જયંતીએ મને એક નવલું નજરાણું ધર્યું. અનુવાદનું, અનુસર્જનનું. મારા જીવનને એક નવું વહેણ મળ્યું. પરવારતી ઉંમરે સત્સંગ મળ્યો, પાછલી ઉંમરના સથવારાની ખાતરી (ગૅરન્ટી કાર્ડ) આપતો. ઘરબેઠાં ગંગાજી પધાર્યાં.

સંસારના વીસપચીસ વર્ષો પછી હાથમાં લીધી પેન અને લાગમાં લીધા પુ.લ.! પુ.લ. દેશપાંડે, અમારા એકએક મરાઠીઓનું વહાલસોયું વ્યક્તિત્વ. મારે આપણા ગુજરાતીઓને અમારા આ લાડકવાયા કળાપારંગતની ઓળખાણ કરાવવી હતી. અમને ગળથૂથીમાં નહીં કાનથૂથીમાં મળેલા આ પુ.લ.! ઊંચી કોટિના પરફૉર્મર. અચ્છા સંગીતકાર અને ઓર અચ્છા નાટ્યકાર. એટલા જ ઊંચેરા હાસ્યલેખક. હવે થયું એવું કે એમને લાગમાં લેતાં તો મેં લઈ લીધા પણ મારે નવ નેજે પાણી ઊતરી ગયાં. આમેય હાસ્ય અને કવિતાનો અનુવાદ કરવો એ અશક્યવત્ ગણાય છે. પુ.લ. પોતે જ કહે છે કે કોઈ ભાષાના હાસ્ય કે કવિતાનો અનુવાદ કરવો એટલે પ્રિયતમાના ગાલ પર હાથ ફેરવવાનો, પણ હાથમોજું પહેરીને! આવું કપરું કામ મેં હાથે કરીને વહોરી લીધું એટલે હવે એને હસતાં હસતાં (?) વહાલું કરવું જ રહ્યું.

મારો પાંચમો દાયકો પૂરો થતાં – સાલ ૨૦૦૦થી … મેં કરેલા પુ.લ.ના હાસ્યલેખોના અનુવાદો ‘કુમાર’, ‘નવનીત સમર્પણ’, ‘શબ્દસૃષ્ટિ’, ‘ઉદ્દેશ’, ‘અખંડાનંદ’ જેવાં આપણાં જુદાં જુદાં ગુજરાતી સામયિકો તેમજ ‘જન્મભૂમિ-પ્રવાસી’ જેવા દૈનિકમાં પ્રકાશિત થવા લાગ્યા. હું તો માંડ ઘરની બહાર નીકળનારી પણ બહાર નીસરેલા આ અનુવાદો થકી સાલ ૨૦૦૩માં ‘કેન્દ્રિય સાહિત્ય અકાદેમી’ જેવા ખાનદાન ખોરડેથી પુ.લ.ના ચૂંટેલા લેખોના સંકલન અને અનુવાદનું કહેણ આવ્યું. શી વાતે રાજીપો. સાલ ૨૦૦૫માં અકાદેમી તરફથી આ અનુવાદ પ્રકાશિત થયો. ઓળી, ઝોળી

પીપળ પાનવાળું નામસંસ્કરણ મારા હાથે જ થયું, 'પુલકિત'.

પુ.લ.નાં પગલાં એવાં તો શુકનિયાળ કે એ અનુવાદ દરમ્યાન 'લાઈફ મિશન, વડોદરા' તરફથી 'ગીતાજી'નો અનુવાદ પ્રકાશિત થયો. ત્યારે જ વિઠ્ઠલ વ્યંકટેશ કામત તરફથી 'ઈડલી, ઑર્કિડ અને હું'ના એક લોકપ્રિય અનુવાદ (ઈમેજ પ્રકાશન)ની વાત આવી, એ પણ સાલ ૨૦૦૫માં જ પ્રગટ થયો.

આ 'કારકિર્દી...'વાળું પુસ્તક ઈમેજનું છે, તેથી તેને સારું લગાડવા નથી કહેતી, આ વાત મેં ગયે વર્ષે 'પ્રત્યક્ષ'ના એપ્રિલ-જૂન, ૨૦૦૧ના અંકમાં કરેલી છે, જેનો ટુકડો અહીં મૂકું છું. એમાં વાત જાણે એમ છે કે અમ અનુવાદકોનું પણ પેલા 'હલકું નામ હવાલદાર' જેવું જ, ઊતરેલ નામ અનુવાદનું. અનુવાદકને કોઈ ગણે નહીં. મુખપૃષ્ઠ પર ભલભલી સાહિત્યિક સંસ્થાઓ પણ અનુવાદકને સ્થાન આપે નહીં, એને તો ક્યાંયે મૂકી આવે. તે સંદર્ભે આ વાતઃ

"....સાલ ૨૦૦૫માં હું સાવ નવી, કોઈ મને જાણે નહીં. તોયે ઈમેજ જેવી અગ્રેસર પ્રકાશન સંસ્થાએ 'ઇડલી, ઑર્કિડ અને હું'ના મુખપૃષ્ઠ પર માપસરના ફૉન્ટમાં મારું નામ છાપેલું, જે કેમ ભૂલાય?"

'પુલકિત' પછી પાછળ પાછળ 'ગુજરાતી સાહિત્ય પરિષદ' તરફથી પુ.લ.નો જ એક બીજો સાહિત્યિક અનુવાદ થયો નામે, 'મુકામ શાંતિનિકેતન'. બસ, પછી તો ભગવાન એક પછી એક ઉત્તમ અનુવાદો મારી ઝોળીમાં ઠાલવતો જ ગયો. 'શ્રીવિષ્ણુસહસ્રનામ', 'શ્રી સૂક્તમ્', 'પુરુષ સૂક્તમ્' કે 'શિવ મહિમ્ન સ્તોત્ર' જેવા ધાર્મિક ગ્રંથોના કે આશા બગેની ઉત્કૃષ્ટ નવલકથા 'ભૂમિ', સાને ગુરુજીની 'શ્યામની બા' જેવા સાહિત્યિક કે સંગીતક્ષેત્રનો યશવંત દેવનો 'રિયાઝનો કાનમંત્ર', મરાઠી સંતસાહિત્યના 'ભણે તુકો' કે 'ભાગવત કથાસાર' જેવા પંદરેક અનુવાદો કરવાનું સદ્ભાગ્ય મને સાલ ૨૦૦૦થી માંડીને ૨૦૧૨ સુધીમાં લાધ્યું.

આ અનુવાદોને ગુજરાતી સાહિત્યપ્રેમીઓએ તેમજ વાચનપ્રેમીઓએ બે હાથ ફેલાવીને વધાવ્યા, પોંખ્યા એ પ્રભુકૃપા. અનેક સાહિત્યક સંસ્થાઓએ સન્માનપૂર્વક આ અનુવાદોને પુરસ્કૃત કર્યા. જેમાં વડોદરાની 'અખિલ ભારતીય મરાઠી વાઙ્મય પરિષદ', 'ગુજરાત સાહિત્ય અકાદેમી'એ ત્રણ વાર. 'ગુજરાતી સાહિત્ય પરિષદે' એક જ અનુવાદ 'ભૂમિ'ને બે વાર – વગેરેનો સમાવેશ થાય છે. 'દિલ્હીની કેન્દ્રિય સાહિત્ય અકાદેમી'એ સાલ ૨૦૧૦ના વર્ષના શ્રેષ્ઠ અનુવાદ તરીકે 'પુલકિત'ની વરણી કરી. પણ સૌથી મોટું સન્માન એટલે સુજ્ઞ ગુજરાતી વાચકોએ ખોબલે ખોબલા ભરીને આપેલા હરખભર્યા પ્રતિભાવો. આમાંથી 'મુકામ શાંતિનિકેતન' ગુજરાત યુનિવર્સિટીમાં અનુસ્નાતક કક્ષાએ, 'ભૂમિ' મુંબઈ યુનિવર્સિટીમાં સ્નાતક કક્ષાએ તેમજ 'શ્યામની બા' દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં અનુસ્નાતક કક્ષાએ ભણાવવામાં આવે છે, પણ એ બધાનો યશ જાય છે મને સતત માર્ગદર્શન અને પ્રોત્સાહન આપનારા આ વડીલવર્યોને. મારી આ અનુવાદ-કારકિર્દીના સૂર્યને ઊંચે લાવનારા છે આપણા જાણીતા હાસ્યલેખક મુ. શ્રી વિનોદભાઈ ભટ્ટ સાહેબ, રતિલાલ બોરીસાગર સાહેબ, ભોળાભાઈ પટેલ સાહેબ તેમજ વ.મુ.સ્વ. દિલાવરસિંહજી જાડેજા સાહેબની હું અત્યંત ઋણી છું. નહીં તો મુજ સમી એક અદની ગૃહિણીની શી વિસાત્!

ખોળે લીધેલાં મારાં આ બધા અનુસર્જનને – અનુવાદોને – શુભ પગલે મારાં મૌલિક લખાણોનું પણ સર્જન થવા લાગ્યું. આ અનુવાદોએ મારાં લખાણોની ધાર કાઢી. પણ મારા આ અનુસર્જનની કારકિર્દીનો સૂર્ય ઊંચે ચઢ્યો ઊતરતી બપોરે અને ચઢતી સાંજવેળાએ. અલબેલો સૂર્ય. હવે તો રાત સારી જ જવાની!

ઘણી ખમ્મા મારાં આ અનુસર્જનને!

('ઈમેજ પ્રકાશન' તરફથી પ્રકાશિત થનારા આગામી સંપાદન 'મારી કારકિર્દીનો સૂર્ય'માંથી...)

(એ-૧, સરગમ ફ્લેટ્સ, નવરંગપુરા, ઈશ્વરભુવન રોડ, અમદાવાદ – ૩૮૦ ૦૧૪. ફોન.: ૦૭૯-૨૬૪૪૯૬૯૧. મો.: ૯૪૨૮૫૯૨૫૦૭. ઈમેલઃ arunaj50@yahoo.com)

# સરદાર પટેલ પરત્વે વિમર્શનાં ક્ષેત્રો

**પ્રેમ આનંદ મિશ્ર**



પ્રસ્તુત અવધારણાત્મક પત્ર સરદાર પટેલ પરત્વે વિમર્શ માટેનું એક આમંત્રણ છે. સરદાર પટેલ પરત્વે વિમર્શનું સ્વરૂપ શું હોઈ શકે? અત્રે વિમર્શનો અર્થ ચર્ચા વિચારણાના અર્થમાં નહીં બલ્કે 'સામાજિક પરિવેશનું નિર્માણ' એવો છે જે જ્ઞાન સાથે સંકળાયેલી બાબત છે. પટેલ સંદર્ભે વિમર્શની સમકાલીન સંદર્ભમાં અનિવાર્યતા સ્પષ્ટ રીતે દેખાય છે. વૈશ્વિકરણ અને રાષ્ટ્રવાદના વર્તમાન રાજકીય વિમર્શમાં પટેલનું 'રાષ્ટ્રચિંતન' અને 'રાષ્ટ્રવાદ' એક નવું સ્વરૂપ ઉજાગર કરવાની શક્યતા ધરાવે છે. એમનો રાષ્ટ્રવાદ 'રાષ્ટ્ર પ્રેમ' સાથે 'રાષ્ટ્ર હિત' પણ સૂચવે છે જે બીજા કોઈ પણ રાષ્ટ્રનો અવિરોધી છે. વૈશ્વિકરણના નવા પ્રવાહોમાં જ્યાં રાષ્ટ્રની રાજકીય અને આર્થિક સાર્વભૌમત્વનો હ્રાસ જોવા મળે ત્યાં સહેજે પણ પ્રશ્ન થાય કે પટેલની સુસંગઠિત રાષ્ટ્રની સંકલ્પના કેટલે અંશે વૈશ્વિકરણના નવા પ્રવાહો સાથે સુસંગત છે? આ પ્રશ્ને રાજયશાસ્ત્રના સાર્વભૌમત્વની સમસ્યાના સંદર્ભે જોઈ શકાય છે. આંતરિક અને બાહ્ય સાર્વભૌમત્વ માટે પટેલની મથામણ અને એમના યથાર્થવાદી રાજકીય વલણથી જે ચિત્ર ઉપસે છે તે વૈશ્વિકરણના વિરોધમાં વિકસતા સાંસ્કૃતિક રાષ્ટ્રવાદના નવા વિમર્શો – જેના મૂળમાં રાષ્ટ્રીય ઓળખ છે – તેનાથી તદ્દન જુદું છે.

ઐતિહાસિક સંદર્ભમાં પટેલના રાષ્ટ્રવાદને ભારતની વિવિધ રાષ્ટ્રવાદી ધારાઓ સામે મૂકી શકાય છે. ગાંધીજીનો અહિંસક રાષ્ટ્રવાદ, શ્રી અરવિંદનો આધ્યાત્મિક રાષ્ટ્રવાદ અને વીર સાવરકરના હિંદુ રાષ્ટ્રવાદથી જુદું જે રાષ્ટ્રવાદનું આહ્વાન સરદાર પટેલ કરે છે તેનું સ્વરૂપ શું છે એ નિશ્ચિત કરવું અઘરું છે. તો પણ એમના રાષ્ટ્રવાદમાં રાષ્ટ્રની જે અવધારણા છે તે એન્ડરસનની જેમ 'એક કાલ્પનિક રાજકીય સમુદાય' તરીકે છે કે સ્મિથની જેમ એક 'સાંસ્કૃતિક નીપજ'[૨] તરીકે તે વિમર્શનો વિષય છે.

અત્રે બે મુદ્દાઓ ધ્યાનમાં લેવા જોઈએ. સૌ પ્રથમ સરદાર પટેલે પણ ગાંધી (૧૮૬૯-૧૯૪૮), શ્રી અરવિંદ (૧૮૭૨-૧૯૫૦, નહેરુ (૧૮૮૯-૧૯૬૪) અને સાવરકર (૧૮૮૩-૧૯૬૬)ની જેમ વિદેશમાં અધ્યન કર્યું અને આ સર્વે યુરોપના બૌદ્ધિક વાતાવરણથી પ્રભાવિત થયા. આ પ્રભાવ ગાંધીજીમાં જો 'અધર વેસ્ટ (Other West) તરીકે; શ્રી અરવિંદમાં 'જર્મન આદર્શવાદ'ના રૂપમાં; સાવરકરમાં 'મૅજિની'ના પ્રભાવ તરીકે અને નહેરુમાં 'લોકશાહી સમાજવાદ'ના રૂપમાં દેખાય છે પણ પટેલ પર આવી કોઈ પણ વિચારધારા અથવા રાષ્ટ્રવાદી આંદોલનોના પ્રભાવના રૂપમાં જોવા મળતો નથી.

બીજું, ગાંધી, નહેરુ અને તિલક સહિત બધા ભારતીય રાષ્ટ્રીય નેતાઓ પર ૧૯મી સદીના પુનઃજાગરણનો કોઈને કોઈ વિશિષ્ટ પ્રભાવ જોવા મળે છે, અથવા તેઓ પુનઃજાગરણના વિચારોના ઋણી રહ્યા છે. શું પટેલ પર આવા કોઈ વિચારોનો વિશિષ્ટ પ્રભાવ છે? સરદાર પટેલના રાજકીય વિમર્શમાં આ બિંદુઓની ચર્ચા અનિવાર્ય છે.

વળી, રાષ્ટ્રવાદ માટે પ્રાચીન અને પરંપરાગત સંસ્કૃતિનું મહિમા મંડન એક આવશ્યક શરત છે. જે વિવેકાનંદ, શ્રી અરવિંદ, સાવરકર સહિત બધા રાષ્ટ્રવાદીઓમાં દેખાય છે પણ સરદાર પટેલ પરંપરાગત સંસ્કૃતિનું મહિમા મંડન કરતી માત્ર ગૌરવગાથાથી પ્રભાવિત નથી. આથી જો પરંપરાગત સંસ્કૃતિના મૂલ્યોનો આપણા જીવન અને કાર્યમાં અમલ ન કરીએ તો પટેલના મતે તે નકામી છે.[૩]

મોટાભાગે રાષ્ટ્રવાદથી સંબંધિત આવા પ્રશ્નોના જવાબમાં પટેલના અભિગમ ઉપર તે ઉચ્ચકોટિનો

રાજકીય યથાર્થવાદી અભિગમ છે તેમ કહીને પૂર્ણ વિરામ મૂકી દેવામાં આવે છે. તો પ્રશ્ન થાય કે પટેલના રાજકીય યથાર્થવાદનું સ્વરૂપ શું હતું? અત્રે એક વિરોધાભાસ પણ ઉપસે છે. ઇતિહાસ દર્શાવે છે કે કોઈ પણ યથાર્થવાદી રાજકારણીનું મહત્ત્વ અને ઉપયોગિતા રાજકીય પરિસ્થિતિ અને વિશિષ્ટ ઐતિહાસિક સમય સુધી મર્યાદિત હોય છે. પરંતુ સરદાર પટેલનું મહત્ત્વ ભારતીય જનમાનસમાં સમય જતાં વધતું ગયું છે જેની નોંધ દુર્ભાગ્યે પટેલની જીવનકથા લખનાર કોઈએ પણ લીધી નથી.[૪]

સંશોધનકર્તાઓ દ્વારા પટેલના આ રાષ્ટ્રીય યથાર્થવાદને એમના વિસ્તૃત રાજકીય ઐતિહાસિક સંદર્ભમાં તપાસવામાં આવ્યો છે. તો પણ આવા વિશ્લેષણમાં આર્થિક સાર્વભૌમત્વ માટે પટેલની મથામણ હાંસિયા પર મૂકાઈ જાય છે. પટેલની આર્થિક સાર્વભૌમત્વ માટેની યોજના ઉદાર મૂડીવાદ પરંપરા તથા સમાજવાદી પરંપરાથી જુદી છે, એક નવા સ્વાવલંબી અર્થતંત્રનો સિંહનાદ કરે છે જે મહદ્અંશે ગાંધીવિચારની નજીક છે. શું પટેલના રાજકીય યથાર્થવાદ અને આર્થિક સ્વાવલંબનની યોજના વચ્ચે કોઈ તાર્કિક સંબંધ તપાસી શકાય છે?

પટેલ પરત્વે વિમર્શમાં એમના લખાણો અને વ્યાખ્યાનો જે અક્ષરદેહ સ્વરૂપે ઉપલબ્ધ છે, તે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. પણ એમાંથી પણ એમના વિચારોના ઐતિહાસિક રાજકીય 'સંદર્ભો' સામે આવે છે, વિચાર નહીં. એમના સંદર્ભો પરથી વિચારો તારવી અને બીજા સંદર્ભો સાથે સામંજસ્ય અને તાદાત્મ્ય બતાવી એક ચોક્કસ વિચાર તંત્રનો વિકાસ કરવો વિમર્શ માટે અગત્યનો છે.

ગાંધીજીની જેમ પેટલના લખાણોમાં પણ તાર્કિકતા, સ્પષ્ટતા, અલંકારનો ઓછો ઉપયોગ અને પ્રવાહીતા દેખાય છે. સરદાર પટેલના પત્રોનું અધ્યયન દર્શાવે છે કે તેઓ ગાંધીજીની જેમ જવાબ આપવામાં 'નિયમિત'[૫] હતા. સાથે સાથે એમના જવાબો એમના 'તાર્કિક ચિંતન' અને તર્ક સંગતતા[૬] દર્શાવે છે. વિશેષરૂપથી ૧૯૪૫-૫૦ વચ્ચે થયેલ પત્ર વ્યવહારો[૭] એ પણ સૂચવે છે કે તેઓ સાથી મિત્રો/કાર્યકરોના સંદર્ભે પૂરતી માહિતી રાખતા હતા. તો પણ સરદાર પટેલના પત્રોમાંથી એમનું બીજું કશું રૂપ પ્રગટ થાય છે? આ સંદર્ભે વિમર્શની શરૂઆત એચ.એમ. પટેલના વ્યાખ્યાનથી[૮] થાય છે, જેને આગળ વધારવાની શક્યતા છે.

જે.બી. કૃપલાની નોંધે છે કે ભારતમાં ઠોસ ઐતિહાસિક સાહિત્યનો અભાવ રહ્યો છે. મોટાભાગે ઐતિહાસિક સાહિત્યમાં તથ્ય, કલ્પના અને બોધકથાની ભેળસેળ રહી છે.[૧૧]

સરદાર પટેલ પરનાં પ્રમાણિત લખાણોનું[૯] વિશ્લેષણ મોટાભાગે સરદારના મહાન કૃત્યો અને પ્રશંસામાં લખાયેલ છે, જેમાં રાજમોહન ગાંધી કૃત બાયોગ્રાફી 'પટેલ'ને બાદ કરતાં બાકીના બધામાં આલોચનાત્મક તત્ત્વોનો અભાવ છે.[૧૦] વિમર્શ માટે આલોચનાત્મક વિશ્લેષણ અનિવાર્ય છે.

સરદારના વ્યાખ્યાનો અને લખાણોથી જે ચિત્ર ઉપસે છે તે મોટાભાગે એક નિર્ભિક, સચોટ રાજકીય નિર્ણય લેનાર, યથાર્થવાદી રાજકીય વલણ ધરાવનાર રાજકારણીનું છે. શું આ પટેલના વ્યક્તિગત ગુણ હતા અથવા રાજકીય પરિસ્થિતિ એના માટે જવાબદાર હતી? નરહરિ પરીખ નોંધે છે કે સરદાર પટેલ જાહેર જીવનમાં લોખંડી પુરુષની ભૂમિકામાં હતા પરંતુ વ્યક્તિગત જીવનમાં એ અથિ સંવેદનસીલ હતા.[૧૨] માઉન્ટ બેટન પણ પોતાના સંસ્મરણમાં સરદારના આ ગુણોને 'વિરોધાભાસ' તરીકે નોંધે છે.[૧૩] શું સરદાર પટેલના વ્યક્તિત્વના સંવેદનશીલ પાસાનું મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ શક્ય છે?

પટેલનાં લખાણોની 'તથ્યાત્મકતા' વિસ્તૃત ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં તપાસી શકાય છે પણ એમના થકી નિરૂપિત 'મૂલ્યોને' જાણવા માટે આપણી પાસે કયા બૌદ્ધિક ઉપકરણો છે? શું આ મૂલ્યો ભારતીય હિત સાપેક્ષ છે અથવા વૈશ્વિક મૂલ્યોની જેમ નિરપેક્ષ છે?

મોટાભાગે સરદાર પટેલની કોઈ પણ ચર્ચામાં એમની કૂટનીતિ અને એમના રાજકારણને એકબીજાના પર્યાય તરીકે સમજવામાં આવે છે. પરંતુ નિશ્ચિતપણે એમની કૂટનીતિ એમના વિસ્તૃત રાજકારણનો એક ભાગ હતો. એમના વિસ્તૃત રાજકારણમાં આંતરરાષ્ટ્રીય પ્રશ્ન પ્રત્યે એમના વિચાર પણ આવી જાય છે. એક કુશળ વહીવટકર્તા અને ગૃહમંત્રી તરીકે એમની કામગીરી કેટલા અંશે એમના આંતરરાષ્ટ્રીય રાજકારણ સાથે સુસંગત હતી? એમનો વહીવટ, રાજકારણ – દેશ અને વિદેશ, અને કૂટનીતિ આ ત્રણેય વચ્ચેના

અંતઃસંબંધનું સ્વરૂપ શું હતું, તથા ઐતિહાસિક રાષ્ટ્ર નિર્માણમાં આ જુદા જુદા પાસાઓની ભૂમિકા શું હતી?

સરદારના બીજા સમકાલીનો સાથેના સંબંધોનું સ્વરૂપ જેવું સામાન્ય રીતે સમજાય છે એવું કદાચ નથી. આ સંબંધોના ધોરણ વ્યક્તિગત સ્તરે તપાસી શકાય પરંતુ બીજા સમકાલીનો સાથે વૈચારિક સ્તરે – સમાનતા અને અસમાનતાનો અભ્યાસ આવશ્યક છે. આ સંદર્ભે ગાંધી, નહેરુ અને પટેલના સંબંધો વિશે વિશેષરૂપથી ચર્ચા કરવામાં આવે છે. મોટાભાગે આ ચર્ચામાં ત્રણેય વચ્ચેના સંઘર્ષને 'વ્યક્તિત્વનો સંઘર્ષ' અથવા 'વ્યક્તિગતસ્તરે સંઘર્ષ' તરીકે જોવામાં આવે છે.[૧૪] અને ત્રણેયના જુદા જુદા વૈચારિક ધરાતલને તપાસવામાં આવતા નથી. અત્રે સ્પષ્ટ થવું જોઈએ કે આ ત્રણેય વચ્ચેની વ્યક્તિત્વની દૃષ્ટિએ તુલના અને વિચારની દૃષ્ટિએ તુલના બે સાવ જુદી વસ્તુ છે. આ પ્રશ્ન એટલા માટે અગત્યનો છે કે આ ત્રણેય વચ્ચેના સંઘર્ષનું સ્વરૂપ આ દેશને એક નવી દિશા અને ઓળખ તરફ લઈ જાય છે.

સરદાર પટેલના જીવન અને વ્યક્તિત્વમાં વિવેકાનંદ અને શ્રી અરવિંદ જેવી આધ્યાત્મિકતા નથી, ગાંધીજીના જેવો ઉચ્ચ કોટિનો અહિંસક આચરણનો આગ્રહ પણ નથી. તો પણ તેમની સાદગી અને પ્રમાણિકતા બેમિસાલ છે. વગર કોઈ વાદ અને વિચારધારાએ રાજકીય આર્થિક સમસ્યાઓના સમાધાન માટે પટેલનો એક વિશિષ્ટ અભિગમ હતો. પી.એન. ચોપડા નોંધે છે કે પટેલનો અભિગમ માનવીય અભિગમ હતો જે મોટાભાગે પટેલના જીવનચરિત્ર લખનારાઓ ચૂકી ગયા છે.[૧૫] આ માનવી અભિગમ ખરેખર શું છે? શું આ માનવીય અભિગમ એમના યથાર્થવાદને સંબોધિત કરે છે અથવા આ માનવીય અભિગમ એક જુદા આદર્શવાદ તરફ સંકેત છે જે એમના લખાણોમાં સ્પષ્ટ થતા નથી? આ માનવીય અભિગમને સાધન-સાધ્યની ચર્ચામાં મૂકી શકાય છે. એનો યથાર્થવાદ કદાચ સાધ્ય ઉપર વધારે ભાર મૂકે છે સાધન પર નહીં. આવા વિમર્શોમાં પટેલની રાજકીય કારકિર્દીને એક સરળ ઐતિહાસિક યાત્રા તરીકે જોવામાં આવે છે, જે સ્વરૂપમાં સુરેખ છે. પરિણામે તેમના વિચારોમાં થયેલ 'પૅરાડિમ શિફ્ટ' પર ભાગ્યે જ વિચારવામાં આવે છે. ઉદાહરણ તરીકે, પટેલની બારડોલી સત્યાગ્રહમાં ગાંધીવાદી અનુયાયી તરીકેની ભૂમિકામાં અને વિભાજન સમયના તેમના ગાંધીવાદમાં એક મોટો તફાવત છે. આ તફાવત તત્કાલીન પરિસ્થિતિઓના લીધે થયેલું પરિવર્તન સૂચવે છે કે કોઈ ઠોસ વૈચારિક પરિવર્તન સૂચવે છે? બીજા શબ્દોમાં અહિંસાનો પ્રયોગ પ્રતિરોધના સાધન તરીકે પ્રભાવશાળી છે, પણ શું વ્યવસ્થાપનના સંદર્ભે એની કોઈ મર્યાદા આવી જાય છે?

પટેલની વહીવટીકાર્ય શૈલી માટે એમના વ્યક્તિગત ગુણો પર ભાર મૂકીને રાજકીય આર્થિક ઘટનાઓનું મૂલ્યાંકન કરવામાં આવે છે. શું એમના વિચારોને કેન્દ્રમાં રાખીને ઐતિહાસિક ઘટનાઓનું અવૈયક્તિક મૂલ્યાંકન શક્ય છે?

અત્રે વિચારવું ઘટે કે સરદાર પટેલના નેતૃત્વની વિશિષ્ટતાઓનો ઉલ્લેખ સૌથી વધારે કરવામાં આવે છે. પ્રશ્ન એ છે કે, એના નેતૃત્વનો આધાર શું હતો? વળી, ગુજરાતમાં વિશેષરૂપથી અને રાષ્ટ્રીયસ્તરે સામાન્ય રૂપથી લોકોમાં રાજકીય ચેતના જાગૃત કરવામાં સરદાર પટેલની વ્યૂહરચના શું હતી? એક કુશળ સંગઠનકર્તા તરીકે ખેડા સત્યાગ્રહ તથા નાગપુર ઝંડા સત્યાગ્રહમાં એમની ભૂમિકા જોવા મળે છે.[૧૬] પરંતુ ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસને વિશાળ સ્વરૂપ આપવામાં એમની ભૂમિકાની તપાસ હજી બાકી છે.

પુનઃ રાષ્ટ્રવાદી નેતા તરીકે પટેલની ભૂમિકા ભારતીય સ્વતંત્રતા સંગ્રામમાં ગાંધી વિચારના પ્રભાવ હેઠળ છે. કોંગ્રેસ – ગાંધી – પટેલ આ ત્રણેયના સંબંધ રાષ્ટ્રીય આંદોલન દરમિયાન બદલાતાં રહ્યાં છે. શું સંબંધોમાં આ પરિવર્તનનું ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં અધ્યયન કરી શકાય?

રાષ્ટ્ર નિર્માણ અને રાષ્ટ્રીય એકીકરણના સંદર્ભે સરદાર રાજકારણી હતા કે રાજપુરુષ?[૧૭] આવા વિમર્શને આગળ વધારતાં સરીન નોંધે છે કે પટેલ રાષ્ટ્રીયજીવનની વિકાસાત્મક પ્રક્રિયામાં વિશ્વાસ રાખતા હતા.[૧૮] સુસંગઠિત અને સમૃદ્ધ રાષ્ટ્રના મહાન લક્ષ્ય માટેની એમની યોજનાઓ હતી. આ વિમર્શને આગળ વધારવાની જરૂર છે. ગાંધીજીની જેમ પટેલ પણ સ્વરાજની ઝંખના કરે છે. પણ ગાંધીના સ્વરાજ અને પટેલના સ્વરાજની સંકલ્પના શું છે અને એકબીજાથી એ કેવી રીતે જુદી પડે છે? એ વિચારવાનો પ્રશ્ન છે. સરદાર પટેલને આપણે ભારતના ભૌગોલિક અને રાજકીય એકીકરણ અને સંલયનના સૂત્રધાર

તરીકે આદર આપીએ છીએ, પરંતુ પેટલ ભૌગોલિક એકીકરણથી સંતુષ્ઠ ન હતા; લોકો અને 'વાસ્તવિક એકતા' માટેના એમના પ્રયત્નો બંધારણીય અને વહીવટી પ્રયાસોમાં જોઈ શકાય છે. આ વિષયને વિસ્તૃત કરી વિમર્શમાં મૂકીને પટેલની ભારત સંબંધી ધારણાઓનું ચોક્સ રીતે અધ્યયન કરી શકાય છે. ઉત્તર ઉપનિવેશવાદી પ્રવાહોમાં ઉપનિવેશકાલીન રાષ્ટ્રવાદીઓના લખાણો અને વ્યાખ્યાનોની નવીન વ્યાખ્યા શરૂ થઈ છે. સરદાર પટેલની ઉપનિવેશવાદની આલોચના શું હતી? એમની આલોચનાનું સ્વરૂપ શું હતું? આ સંદર્ભે ચર્ચિલના વ્યાખ્યાનનો જવાબ આપતાં ૨૯ જૂન ૧૯૪૮ની પટેલની ટિપ્પણી An Ashamed Imperialist આધારભૂત થઈ શકે છે.[૧૯]

છેલ્લે ૧૯૫૩માં જીવણ દેસાઈએ લખેલ પ્રકાશકની નોંધ જે નરહરિ પરીખ કૃત જીવનચરિત્રમાં છે તે એક ખાસ વિષય સૂચવે છે.[૨૦] એ Missimpression about the Sardar current in Gujaratનો ઉલ્લેખ કરે છે. આ સરદાર કરન્ટ શું હતો? શું આજે પણ કોઈ સરદાર કરન્ટ છે, અને છે તો તેનું કોઈ મિસ ઇમ્પ્રેશન થઈ રહ્યું છે? આ મુદ્દાઓની તાત્ત્વિક તપાસ થવાની હજી બાકી જ છે.

**સંદર્ભ:**


1. Anderson, Benidict. Imagined Communities: Reflection on the Origin and Spread of Nationalism, London: Verso, 1983, p.6.
2. Smith, Anthoney D. Theories of Nationalism, London: Duckworth, 1971, p. 8.
3. 'We always speak of India's culture , of India's civilization, but do we ever pause to think that the relief of the poor, mutual aid amongst neighbours,charity to the helpless and kindness to the drowntrodden have been shining virtues of that culture and civilization? Let us ask ourselves if we are lining in the spirit of those virtues!' *See*.. SARDAR PATEL (Collection of Sardar Patel Memorial lectures) Vallabh Vidyanagar: S.P University Press, 1982, p. 11.
4. Heredia, S. A Patriot for me: A Biographical study of Sardar Patel, Delhi:0rient Longman, 1972, p. 1. " His biographer have described his sterling qualities .. however no one seems to have analyzed why his memory , instead of fading with the passage of time, becomes even more securely entrenched in the hearts of his country men."
5. Patel. H.M. 'Sardar's Image as his correspondence reveals' , *op.cit.,* SARDAR PATEL, p. 156
6. Ibid., p. 179.
7. Durgadas. Sardar Patel's Correspondence (1945-50, 10 Volumes) Ahmedabad : Navajivan Publishing House, 1973.
8. *Op cit.,* SARDAR PATEL, pp. 153-182.
9. See, B. Krishna' s *Sardar Patel: India's Iron Man* (Harper Collins), P.N Chopra's *The Sardar of India* (Allied Publishers) Tahmankar's *Sardar Patel* (George Allen) In memoirs, V. Shankar's *My Reminiscences of Sardar Patel,* (Macmillion,) and K.L Panjabi's *The Indomitable Sardar* are important.
10. Zakaria Rafique. *Sardar Palel and Indian Muslims,* Mumbai: Bharatiya Vidya Bhavan, 1996. p. 1
11. See, Preface by J.B Kripalani, in K..L. Panjabi's *The Indomitable Sardar,* Bombay: Bharatiya Vidya Bhavan, 1963.
12. Parikh, Narhari. Sardar Vallabhbhai Patel, Ahmedabad : Navajivan Publishing House , 1953 , p., iii
13. 'He will always remain in my memory as paradox , a man of iron will, clear vision and ruthless determination , who was at heart kind gentle and sentomental' see *Sardar Patel: As I knew him,* Mountbatten, in *Vallabhbhai Patel,* Verinder Grover(ed.), New Delhi: Deep and Deep Publication, 1998, p. 246.
14. Mishra Prem . *One Nation Three Imagination,* V-Vidyanagar, February 2012, Vo.2.pp.l2-16.
15. "One great quality of Sardar is often missed that is the human approach to problems and human kindness and symphaty". See Forward, The Collected Work of Sardar Vallabhbhai Patel, P.N Chopra (ed.),New Delhi: Konark Publication. 1993
16. Patel, Manibehn . Focus on Sardar, *Op. cit.,* Vallabhbhai Patel, p. 246.
17. *Op.cit.,* SARDAR PATEL, pp. 33-72.
18. Sarin L.N. Sardar Patel, New Delhi: S.Chand and Company , 1972. p. 1.
19. *Op.cit.,* SARDAR PATEL, p. 193.
20. *Op.cit.,* Parikh Narhari. Sardar Vallabhbhai Patel, Forward.



(મદદનીશ પ્રાધ્યાપક, શાંતિ સંશોધન કેન્દ્ર, ગાંધી વિચાર વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, આશ્રમ રોડ, અમદાવાદ – ૩૮૦ ૦૧૪. મો.: ૯૪૦૮૮૦૫૪૮૫)



## મૃણાલિની દેસાઈકૃત મણિબહેન પટેલ

**સતીષ પટેલ**

મૃણાલિની દેસાઈ લિખિત 'મણિબહેન પટેલ' ચરિત્રકૃતિ વિશે આજે હું મારો લેખ રજૂ કરું છું.

તારીખ ૭-૧૦-૧૯૨૫ના રોજ મૃણાલિની દેસાઈનો જન્મ થયો હતો. તેમના પતિનું નામ ડૉ. પ્રભાકર દેસાઈ હતું. મૃણાલિની બહેને મરાઠી-સંસ્કૃત વિષય સાથે બી.એ. કર્યું હતું. એસ.એન. ડી.ટી. યુનિવર્સિટીમાં એમ.એ. થયાં. ૧૯૪૨ની સ્વાતંત્ર્ય ચળવળમાં ભાગ લીધો અને કારાવાસ થયો હતો. જેલ જીવનના પ્રસંગોનું આલેખન 'વૈતાલિકની ડાયરી'માં કર્યું છે. આ પ્રસંગો આધારિત 'અમે સાત' નામની દૂરદર્શન ઉપર સિરિયલ પણ રજૂ કરી હતી.

લઘુવાર્તા, જીવનચરિત્ર, ધાર્મિક નિબંધો તેમણે મરાઠી ભાષામાં લખ્યાં છે. 'મીરાંબાઈનું ચરિત્ર', 'યોગિની' નામે મરાઠીમાં પ્રકાશિત થયું છે. તેમનાં મરાઠી-ગુજરાતી બંને ભાષામાં અનેક પુસ્તકો પ્રકાશિત થયાં છે. 'પુત્ર માનવીનો' (નવલકથા) ગાંધીજીના ચરિત્રને કેન્દ્રમાં રાખી લખાયેલી તેમની ઉત્તમ રચના છે. ઈ.સ. ૧૯૫૧થી ૧૯૫૩ સુધી શ્રી મોરારજી દેસાઈનાં અંગત સચિવ તરીકે કાર્ય કરેલું છે.

આ ચરિત્રપુસ્તિકા ૪૩ પૃષ્ઠોમાં લખાઈ છે. જેમાં લેખિકાએ નાયિકા મણિબહેનના જીવનકાર્યની ઝાંખી કરાવતાં નાનાં-નાનાં આઠેક પ્રકરણો મૂકી આપ્યાં છે. 'જીવનનો પ્રારંભ', 'પરિવર્તન', 'નિર્ણય', 'સત્યાગ્રહી', 'સ્વતંત્ર ભારતમાં', 'શેષ જીવન', 'લોકસભા અને રાજ્યસભામાં' અને 'સ્વભાવવિશેષ' જેવાં પ્રકરણો આલેખ્યાં છે.

પ્રથમ પ્રકરણમાં લેખિકાએ ચરિત્રનાયિકાનો જન્મ, ઉછેર, પાટીદાર કોમની કેટલીક લાક્ષણિકતાઓ, મર્યાદાઓ, વલ્લભભાઈના કુટુંબનો અછડતો પરિચય, મણિબહેનના મનની ગડમથલ, વલ્લભભાઈની કર્તવ્યનિષ્ઠા વગેરે જેવા નાના-નાના સુંદર પ્રસંગો આલેખ્યા છે. મણિબહેનનો જન્મ ૧૯૦૪માં તથા વલ્લભભાઈનું બીજું સંતાન ડાહ્યાભાઈનો જન્મ ૧૯૦૫માં થયો હતો. લેખિકાએ નાયિકાનાં માતા ઝવેરબાનો અછડતો પણ મહત્ત્વપૂર્ણ પરિચય આપ્યો છે. સરદાર વિશે અનેક ચરિત્રો લખાયાં છે. પણ તેમાં વલ્લભભાઈનાં પત્ની ઝવેરબા વિશે વિગતે પરિચય મળતો નથી. જ્યારે અહીં લેખિકા ચરિત્રનાયિકા સાથે ગાઢ આત્મીય સંબંધ ધરાવતાં હોવાથી ઝવેરબા વિશે થોડી ઘણી પણ ચોક્કસ વિગતો આલેખાઈ છે. લેખિકા નોંધે છે, "૧૯૦૪માં મણિબહેનનો જન્મ અને ૧૯૦૫માં નવેમ્બર માસમાં ડાહ્યાભાઈનો જન્મ થયો. દીકરો આવ્યાનો હરખ માણવા જેટલું ઋણ ઝવેરબાઈની કંતાઈ ગયેલી કાયામાં રહ્યું નહોતું. સુખદુઃખની વાત ક્યાં થાય? દિવસના અજવાળામાં ઘરના માણસોએ પણ ઝવેરબાઈનું મોં ભાગ્યે જ જોયું હશે. પેટમાં વારંવાર દુઃખી આવતું. ઘરનું કામ બે નાનાં છોકરાં... ખેંચાય ત્યાં સુધી ખેંચ્યું. પણ બીમારી બહુ વધી જતાં એ છાની ના રહી. ત્યારે બધા રીતરિવાજ કોરે મૂકી વલ્લભભાઈ પત્નીને મુંબઈ લઈ ગયા." (પૃ. ૨)

વલ્લભભાઈ ઝવેરબાને સારવાર માટે મુંબઈ લઈ જાય છે. થોડી રાહત જણાતાં પાછા આણંદ આવે છે. કોર્ટમાં ચાલુ કેસે ઝવેરબાના અવસાનનો તાર મળે છે. આ પ્રસંગમાં વલ્લભભાઈની કર્તવ્યનિષ્ઠા અને કરુણહૃદયનો પરિચય થાય છે. આ જ ગુણો વારસામાં મણિબહેનને મળે છે. લેખિકા નોંધે છે, 'ગળથૂથીમાં કહો કે વારસામાં કહો મણિબહેનને જે જીવનધન મળ્યું હતું તે આ!' (પૃ. ૩). આગળ અભ્યાસ માટે બંને બાળકોને મોટાભાઈ વિઠ્ઠલભાઈ બેરિસ્ટરની પદવી માટે બંને બાળકોને મોટાભાઈ વિઠ્ઠલભાઈ પાસે મૂકી ઈંગ્લેન્ડ જાય છે. પણ મણિબહેનના જીવનમાં 'મા'ની હૂંફની ઉણપ રહી જાય છે. પરિણામે તેઓ ઉદાસીનતા, એકલતા અનુભવે છે. શરીરે નબળાં પડતાં જાય છે. વલ્લભભાઈ વિદેશથી પાછા ફરે છે. મણિબહેનની સ્થિતિ જુએ છે. મણિબહેનનો યોગ્ય ઉછેર થાય, ઉત્તમ કેળવણી મળે તે માટે પોતાના પરિચિત એવા માવળંકર કુટુંબમાં મણિબહેનને મૂકે છે. એકલતાના પરિણામે મણિબહેનનો સ્વભાવ આકરો થઈ ગયેલો. પિતા વલ્લભભાઈ ટકોર કરતાં પત્રમાં લખે છે... "તારે નંદુબહેનને કાગળ લખવો જ જોઈએ." એ બિચારાં તને પેટની દીકરીની માફક ચાહે છે. ડૉક્ટર (કાનુંગા) પણ તેટલો જ પ્રેમ રાખે છે. તેમના ઉપર એક પણ કાગળ ન લખો તો સારું ન કહેવાય." (પૃ. ૫) ઉપરોક્ત પ્રસંગોમાં મણિબહેનનું આંતર-બાહ્ય વ્યક્તિત્વ કેવી રીતે ઘડાયું તેના પર પ્રકાશ પાડ્યો છે. પ્રકરણ-૨ 'પરિવર્તન'માં લેખિકાએ પુત્રી મણિબહેન અને પિતા વલ્લભભાઈના જીવનમાં કેવું આમૂલ પરિવર્તન આવ્યું? કેવી રીતે આવ્યું? તેનો વિવિધ પ્રસંગો દ્વારા સુંદર પરિચય કરાવ્યો છે. પશ્ચિમની રહેણી-કરણીથી પ્રભાવિત વલ્લભભાઈની ખ્યાતિ એક બાહોશ વકીલ તરીકેની હતી. મણિબહેન પણ અંગ્રેજી માધ્યમની શાળામાં ભણી એવી રહેણીકરણીથી ટેવાઈ ગયાં હતાં. ગાંધીજીનું ભારતમાં આગમન અને ૧૯૧૬માં વલ્લભભાઈની ગાંધીજી સાથે મુલાકાત થતાં જ એમના જીવનમાં મોટું પરિવર્તન આવ્યું. લેખિકા નોંધે છે "૧૯૧૬માં પટેલ કુટુંબના ગ્રહોએ એકાએક ઘર બદલ્યા તેમ બધું બદલાઈ ગયું. ૧૯૧૬માં વલ્લભભાઈ ગાંધીજીને મળ્યા. 'ક્લબમાં પાનાં રમવાનાં મૂકી ભાષણ સાંભળવા કોણ જાય!' એમ કહેવાવાળા બેરિસ્ટર પટેલ બાપુને મળ્યા. એમનાથી પ્રભાવિત થયા અને સૂટબૂટ ક્યાં ગયા? જાડી ખાદી ક્યારે ઘરમાં આવી, પાનાંની જગ્યા રેંટિયાએ કેવી રીતે લઈ લીધી એ ખ્યાલ આવે તે પહેલાં બધું પરિવર્તન થઈ જ ચૂક્યું હતું! જોતજોતામાં વલ્લભભાઈ બિલકુલ 'ગાંધીવાળા' થઈ ગયા." (પૃ. ૬)

આ સાથે મણિબહેનના જીવનમા પણ પરિવર્તન આવ્યું. રાષ્ટ્રીય કેળવણી લેવા માટે મણિબહેન ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાયાં. વિદ્યાપીઠનાં શિક્ષણમાં મણિબહેનનું વ્યક્તિત્વ ખીલી ઊઠે છે. લેખિકા નોંધે છે. "માનમર્યાદાની કલ્પનાઓની જંજીરોમાં કુંઠિત થયેલું મણિબહેનનું જીવન આ મોકળાશને લીધે ઘણું સરળ અને સ્વાભાવિક થયું." (પૃ. ૭). ચરિત્રનાયિકાને ગાંધીજી અને કસ્તુરબાનો પ્રેમ મળ્યો. મહાદેવભાઈ, નરહરિભાઈ, કિશોરલાલ મશરૂવાળા જેવાની હૂંફ મળી. આમ મણિબહેનના વ્યક્તિત્વનું ઘડતર થવા લાગ્યું. એ સમયે બહેનો વધુ અભ્યાસ કરી શકતી નહોતી. એવે સમયે મણિબહેન સાયકલ લઈ ઘરેથી વિદ્યાપીઠ ભણવા આવતાં. જે તેમની હિંમતનો પરિચય કરાવે છે. ધીરે-ધીરે ગાંધીજીના રંગે રંગાયેલા વલ્લભભાઈનો જાહેરજીવનમાં પ્રવેશ થાય છે. તો તેની સાથે સાથે ચરિત્રનાયિકા પણ એ રંગે રંગાય છે. પ્રકરણ-૩માં મણિબહેનના જીવનનો એક જુદો વળાંક દર્શાવતો પ્રસંગ આલેખ્યો છે. વલ્લભભાઈ: જાહેરજીવનના કાર્યોમાં વધારેને વધારે જોડાતા જતા હતા. મણિબહેન પણ જાહેર જીવનનાં અનેક કાર્યોમાં જોડાય છે. આજીવન ખાદી ને રેંટિયો ધારણ કરે છે. ધીમે ધીમે મણિબહેનનું બહુમુખી વ્યક્તિત્વ ખીલી રહ્યું હતું. ગાંધીજીએ કહ્યું કે "એક દિવસ દીકરી પોતાનું નામ દીપાવશે." (પૃ. ૧૧) સરદાર બાપુના કામમાં ઓતપ્રોત થઈ પોતાની સમગ્ર શક્તિ રેડી રહ્યા હતા. ગાંધીજીને સરદારની દેખભાળની ચિંતા હતી. ગાંધીજી ચિંતિત થઈ વિચારતા કે "આ નવરત્ન છે. એ સરખી રીતે સચવાય નહીં તો ખોઈ બેસીશું!" (પૃ. ૧૨) પણ

સરદારને સાચવવા એમની દેખભાળ રાખવી, એમના અંગત સચિવ થઈને રહેવું એ સહેલી વાત નહોતી. વલ્લભભાઈ ઝવેરબાઈની વિદાય પછી સાવ એકલા અટૂલા થઈ ગયા. એમનું અંતર એક પ્રકારનો ખાલીપો અનુભવતું પણ આ વજ્રકુસુમ હૃદયી મહાપુરુષે એની કદી પ્રતીતિ થવા દીધી નહોતી. ગાંધીજી આ વાત સમજતા હતા. બાપુ એવા માણસની શોધમાં હતા કે આ બધી રીતે સરદારને સાચવી શકે. તેમના સ્વભાવથી પૂરેપૂરું પરિચિત હોય, મણિબહેનને આ વાતની ખબર પડે છે અને બાપુને પોતાનો નિર્ણય જણાવે છે કે "મારા બાપુ માટે નિજી સચિવનું કામ હું કરીશ." (પૃ. ૧૩) ગાંધીજીએ આ બાબતની બધી જ મુશ્કેલીઓ મણિબહેનને જણાવી પણ મણિબહેન અડગ રહ્યાં અને પોતાનો... નિર્ણય જણાવ્યો કે પોતે લગ્ન જીવન તરફ નહીં વળી આજીવન પિતાની અને દેશની સેવામાં સભર રહેશે. લેખિકા નોંધે છે "અને એ ક્ષણથી એમની સ્ત્રીસહજ કોઠાસૂઝ, કામ કરવાની સુઘડતા, અંતરમાં રહેલું માતૃસહજ વાત્સલ્ય, સેવા કરવાની ઇચ્છાઓ, યશ, કીર્તિ, કર્મ એ બધાંનું કેન્દ્ર એક જ બની ચૂક્યું. એમના પિતા!" (પૃ. ૧૪) મણિબહેન સાચે જ સરદારના જીવનપર્યંત સાચાં અંગત સચિવ બની રહ્યાં. લેખિકા નોંધે છે, "મણિબહેનના એ નિર્ણયથી એમનું પોતાનું, સરદારનું અને રાષ્ટ્રનું ભલું થયું." (પૃ. ૧૪).

મણિબહેન જાહેરજીવનના રંગે એવાં રંગાય છે કે પછી તો સત્યાગ્રહી બની જાય છે. મણિબહેન પિતાનો પડછાયો બની રહે છે. જ્યારે પિતા-પુત્રી બંનેને અલગ-અલગ સ્થાને કારાવાસ થાય ત્યારે મણિબહેનનું જેલમાં એક જુદું જ વ્યક્તિત્વ પ્રગટી ઊઠે છે. એમની કોઠાસૂઝ, નિર્ભયતા, અડગપણું વગેરે જેવા ગુણો પ્રગટે છે. તો લેખિકાએ જેલવાસ દરમિયાન ચૂડીઓને બદલે સૂતરની આંટીમાંથી ગૂંથેલી ચૂડી પહેવાનો પ્રસંગ (પૃ. ૧૭) આલેખી ચરિત્રનાયિકાના કલાત્મક પાસાનો પણ પરિચય કરાવ્યો છે. મણિબહેન જેલવાસ દરમ્યાન અન્ય સાથી બહેનોને કેવી રીતે સાચવતા તેમની જરૂરિયાત કેવી રીતે સમજતા, જ્યાં સત્ય કહેવા જેવું હોય તો શેહ-શરમ રાખ્યા વગર કહી દેતાં વગેરે બાબતો અનેક પ્રસંગોમાં રજૂ થઈ છે. ઉ.હ. જેલમાં એક છોકરીના મણિબહેનનો સામનો જેલજીવન અંગેનો સંવાદ (પૃ. ૧૯) જેમાં મણિબહેન એમ કહે છે કે "આટલી અમથી જીભ એને ટેરવે રહેલો સ્વાદ દેશને માટે એ નથી છોડી શકતી તો દેહ કેમ કરીને છોડશે બહેન?" (પૃ. ૧૯). અહીં મણિબહેનનો દેશપ્રેમ તથા સત્યનિષ્ઠા પ્રગટે છે. ઈ.સ. ૧૯૩૦થી ૧૯૪૨ દરમિયાન ચરિત્રનાયિકા મુંબઈ રાજ્યની સાબરમતી, થાણા, યરવડા, આર્થર રોડ અને હિંડલગા જેવી જેલોમાં જેલવાસ ભોગવી ચૂક્યાં હતાં. મણિબહેન જેલમાં સાથીબહેનોનો આત્મવિશ્વાસ અને આત્મબળ સતત વધારતાં રહેતાં. મણિબહેનની અડગતાનાં અને સત્યનિષ્ઠાનાં દર્શન કસ્તુરબાને સણોસરા જેલમાં પૂરી દીધાં અને તેમની તબિયત લથડેલી તે પ્રસંગમાં સુંદર રીતે પ્રગટે છે. (પૃ. ૨૧) મણિબહેનની સેવાતત્પરતા અને આત્મબળ પર ગાંધીજીને અતૂટ વિશ્વાસ હતો. ગાંધીજીએ બા પ્રશ્નપત્રમાં લખ્યું છે કે "જ્યાં સુધી મણિ છે ત્યાં સુધી મને તમારી કોઈ ચિંતા નથી." (પૃ. ૨૧)

હિંડલગા જેલવાસ દરમિયાન મણિબહેનનું એક સાચાં સેવાભાવી અને દેશભક્ત નારીનું ચિત્ર પ્રગટે છે. આઝાદી પછી સરદારશ્રીનું રાજકીયક્ષેત્રે અનેક ઘટતું કામ વધી જાય છે. તેનો બોજો મણિબહેન પર પણ આવે છે. વલ્લભાઈની તબિયતની કાળજી, તેમને મળવા આવતા મુલાકાતીઓ, આવતા પત્રોના યોગ્ય જવાબ કરવા, જે કંઈ મસલતો થતી તેની નોંધ રાખવી વગેરે કાર્ય મણિબહેને પૂરી જવાબદારીથી સંભાળી લીધેલું. સરદારના ગૃહમંત્રી બન્યા પછી તેમને મળેલું વિશાળ આવાસના વધારાના ઓરડા મણિબહેન બંધ કરાવે તથા બગીચામાં રાત્રે વધારાની બત્તીઓ બંધ કરાવતાં વગેરે પ્રસંગોમાં મણિબહેનની સાદગી, કરકસર અને પ્રજાહિતની ભાવનાનાં દર્શન થાય છે.

(વ્યાખ્યાતા, ગુજરાતી વિભાગ, સરકારી વિનયન કૉલેજ, અમીરગઢ, જિ. બનાસકાંઠા)

# ખરા રાજવંશી દમામવાળો કાઠિયાવાડનો છેલ્લો રાજવી

**ગંભીરસિંહ ગોહિલ**



'કેમ છો મહેતા, કઈ બાજુ ચાલ્યા?'

'બાપુ, આ ખાલી મૉર્નિંગ વૉક માટે.'

'ચાલો ત્યારે, મારી સાથે જ.'

'બાપુ આપની સાથે તો...'

'એમાં શું? આવી જાવ ગાડીમાં વાતો થશે.'

મહારાજા ભાવસિંહજી બીજા વિચક્ષણ અને સ્વતંત્ર સ્વભાવના હતા. અધિકારીઓ કામ સરખું કરતા ન હોય, વર્તન બરાબર ન હોય કે જૂથબંધી ચાલતી હોય તો ઘણી વાર જાતે ઉપાય કરતા. પછી વ્યક્તિ ગમે તે હોયઃ મહેતા, ઓઝા, સોલંકી, ત્રિવેદી, ધાનાણી, મનસુરી કે કોઈ પણ નામ હોય. વીગત મેળવીને મહારાજા ધ્યાનમાં રાખે. ક્યાં રહે, ક્યાં જાય, ક્યારે નીકળે બધું પાકું કરી જાતે ગાડી ચલાવી મોકે સામા મળે. મહારાજાની નજીક આવવાની સૌને ઇચ્છા હોય. ગાડી પર ચડવા જાય ત્યારે પોતાની બાજુની ખાલી સીટને બદલે પાછળ બેસાડે. બાજુમાં શિકારી ચિત્તો બેઠો હોય. સૌપ્રથમ તો ભયથી જ મોતીયા મરી જાય.

મહારાજા કહેતા જાયઃ 'ડર રાખશો નહિ. તમને કાંઈ નહિ કરે. કેમ ચાલે છે? અધિકારીને જવાબ આપવા કે કોઈ વાત કઢાવાના હોશ રહ્યા ન હોય. શહેરની બહાર ચાર છ માઈલ દૂર ગયા પછી અગોચર જગ્યાએ ગાડી રાખી પૂછે, 'મહેતા, હું તો શિકારે જાઉં છું. સાથે આવવું છે? જવાબ ધારણા પ્રમાણે જ હોયઃ 'ના બાપુ, મારું એ કામ નહીં.' તો કહે કે 'પધારજો.' અધિકારી ગાડીમાંથી ઊતરે એટલી રાહ જોઈ ગાડી દોડાવી મૂકે.

અધિકારીને સમજાય પણ નહિ કે આ બધું શું છે? રસ્તો હોય નહિ. દિશા તરત સૂઝે નહિ. મુશ્કેલીઓ વેઠીને ઘેર પહોંચે. ક્રમેક્રમે સમજાય કે મહારાજાએ શાના માટે શિક્ષા કરી. કામચોરી, ગંભીર ખટપટ, ખરાબ ચારિત્ર્ય કે ગોલમાલ બદલ આવી કોઈ આફત આવી શકે. વધારે શિક્ષા પણ થાય.

મહારાજાના મિત્ર અને રાજ્યના શિક્ષણાધિકારી મણિશંકર રત્નજી ભટ્ટ – કવિ કાન્તે તાલુકા સ્થળના કોઈ શિક્ષકને ખરાબ ચારિત્ર્ય માટે ધોકે ધોકે મારેલા. મહારાજાને તે ગમે.

ભાવનગર રાજ્ય માટે એમ કહેવાતું કે રાજ્ય મહારાજાનું, સામ્રાજ્ય નાગરોનું. જોકે આવાં બીજાં પરિબળો પણ ખરાં. ભાયાતો અને અન્ય રાજપૂતો, બ્રાહ્મણ અધિકારીઓ વગેરે સૌ પોતપોતાની વગ પ્રમાણે ચોકા જમાવીને બેઠા હોય. ઉપર-ઉપરથી બધું ઠીક લાગે. રાજા કે દીવાન બહુ મોટા ફેરફાર ન કરી શકે. રાજકર્તા પોતે તો વહીવટમાં કેટલા ઊંડે ઊતરી શકે?

મહારાજા ભાવસિંહજી, અલબત્ત અપવાદરૂપ હતા. તેમણે જબ્બર પ્રયાસ કરીને ભાવનગર રાજ્યના વહીવટમાં આમૂલ પરિવર્તન આણ્યું. પ્રગતિ અને સમૃદ્ધિનો પાયો નાખ્યો. દીવાનોનું સામ્રાજ્ય સમાપ્ત કર્યું. પ્રજા પ્રતિનિધિ સભાની સ્થાપના કરી. લોકોના રાજ્યના આવનારા દિવસોની તેમને ઝાંખી થઈ હશે?

ભાવનગર રાજ્યના આધુનિકીકરણના જનક, અંગ્રેજી કેળવણી પામેલા પહેલા રાજવી અને રાજકોટની રાજકુમાર કૉલેજના આરંભ વખતે તેના સૌપ્રથમ વિદ્યાર્થી મહારાજ તખ્તસિંહજીના પાટવીકુમાર ભાવસિંહજીનો જન્મ ૧૮૭૫માં ૨૫ એપ્રિલના રોજ થયો હતો. તેમનાં માતા ગોંડલના મહારાજા સંગ્રામસિંહજીનાં રાજકુમારી

માજીરાજબાનું ભાવસિંહજીના જન્મ પછી તરતમાં અવસાન થયું.

મહારાજા તખ્તસિંહજીને અન્ય ત્રણ રાણીઓ હતાં. પરંતુ તેમણે ભાવસિંહજીને તેમનાં નાનીમા મોંઘીબા પાસે ગોંડલ મોકલ્યા. નિશાળે જવાની ઉંમર થઈ ત્યારે યુવરાજને રાજકુમાર કૉલેજમાં અભ્યાસ કરવા રાજકોટ રહેવાનું થયું. તે સમયે આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં અભ્યાસ કરવા સાથે રમત-ગમત વગેરે પ્રવૃત્તિઓમાં જાણીતા થયેલા પ્રભાશંકર પટ્ટણીને તેમના કમ્પેનિયન ટ્યૂટર તરીકે રાજકુમાર કૉલેજના પ્રિન્સિપાલ મેકનાટનની ભલામણથી મૂકવામાં આવ્યા.

રાજકોટમાં બે વર્ષ રહ્યા પછી સ્ટુઅર્ટ ફ્રેઝરની ટ્યૂટર અને ગાર્ડિયનશિપ નીચે કોલ્હાપુરના મહારાજા સાથે ધારવાડમાં અભ્યાસ કરવા માટેની વ્યવસ્થા ભાવસિંહજી માટે કરવામાં આવી. પ્રભાશંકરને પણ સાથે મોકલવામાં આવ્યા હતા. આમ ભાવસિંહજીને ભાવનગર બહાર ગોંડલ, રાજકોટ, ધારવાડ વગેરે સ્થળે રહેવાનું થતાં તેમનું અનુભવ-વિશ્વ વ્યાપક થયું હતું. સમજણનો વિકાસ થવા સાથે તેઓ નવા સંબંધો પણ વિકસાવતા રહ્યા.

૧૮૯૨માં ભાવસિંહજીનાં લગ્ન થતાં તેમને કોલ્હાપુરથી બોલાવી રાજકાજના અનુભવ માટે જોડવામાં આવ્યા. કર્નલ મેરી વેધરની દેખરેખ નીચે અભ્યાસ શરૂ રાખવા સાથે કાઉન્સિલરો સાથે રાજ્યના વહીવટી કામની તાલીમ પણ અપાવા લાગી. લશ્કર ખાતાના કાઉન્સિલર કર્નલ હેરિસ સાથેનો અનુભવ તેમના માટે વિશેષ ઉપયોગી નીવડ્યો. રાજ્યનો કારભાર સંભાળવાનો આવ્યો ત્યારે લગભગ બધાં ખાતાંનું થોડું જ્ઞાન તેમ જ અનુભવ મળી ચૂક્યાં હતાં. આ તાલીમ તેમની શરૂઆતની મુશ્કેલીભરી કારકિર્દીમાં ઘણી ઉપયોગી સિદ્ધ થઈ.

૧૮૯૬માં અચાનક હૃદય બંધ પડી જવાથી મહારાજા તખ્તસિંહજીનું ૩૮ વર્ષની ભરયુવાન વયે અવસાન થયું. ભાવસિંહજીના ખભા પર રાજ્યનો વહીવટ આવી પડ્યો. અનેક કારણોસર તે વેળાએ રાજ્યની તિજોરીઓ ખાલી થઈ ગઈ હતી. અન્ય પ્રશ્નો પણ ઘણા હતા.

મહારાણી નંદકુંવરબા રાજ્યને શોભે તેવાં સુશીલ, હોશિયાર અને સુશિક્ષિત હતાં. તેમને સી.આઈ., 'કૈસરે હિંદ' વગેરે ખિતાબો પણ મળ્યા હતા. યુવરાજ કૃષ્ણકુમારસિંહજીનો ૧૯૧૨ની ૧૯મી મે, જયેષ્ઠ સુદ ૩ સંવત ૧૯૬૮ના રોજ જન્મ થતાં લોકોમાં આનંદ ઉત્સવ થઈ રહ્યો. તેમના અન્ય બે રાજકુમારો નિર્મળકુમારસિંહજી અને ધર્મકુમારસિંહજી હતા.

ભાવસિંહજી બાહોશ રાજપુરુષ હતા. દૂરંદેશી અને કુનેહથી ભાવનગર રાજ્યના બેહાલ વહીવટને તેમણે સદ્ધરતાના પંથે મૂકી દીધો. નિર્ણયો લેવાની અને પરિસ્થિતિને સંભાળી લેવાની એમનામાં અદ્ભુત કુશળતા હતી.

રાજ્યસત્તા સંભાળતાં જ ભાવસિંહજીએ જોઈ લીધું કે પરંપરાગત રીતે સત્તા ભોગવતા અધિકારીઓ આપખુદ, સ્વાર્થપરાયણ, આળસુ અને બેજવાબદાર બની ગયા છે. તેથી અધિકારીવર્ગમાં તેમણે આમૂલ ફેરફારો કર્યા. તે એટલી સમજદારી, ધીરજ અને ત્રેવડથી અમલમાં મૂક્યા કે કશો ઊહાપોહ ન થયો.

રાજ્ય સંભાળ્યા પછી ભાવસિંહજીની ઇચ્છા પોતાના બાહોશ મિત્ર પ્રભાશંકર પટ્ટણીને ઉચ્ચ હોદ્દા પર લાવવાની હતી. પ્રથમ તેમને અંગત મંત્રી ને પછી હજૂર સેક્રેટરી બનાવ્યા. ખર્ચ ઓછો કરવા અને વહીવટી ફેરફાર માટે ઈંગ્લેન્ડથી ખાસ બોલાવી રાજ્યના જૂના વહીવટદાર ઈ.એચ. પર્સિવલને સક્રિય બનાવ્યા. કાઉન્સિલ પદ્ધતિ દૂર કરી દીવાન નિયુક્ત કરવાની પદ્ધતિ અપનાવી. સમય આવ્યે પ્રભાશંકર પટ્ટણીને દીવાન બનાવ્યા.

પ્રભાશંકરે રાજ્યના વહીવટને નવું રૂપ આપવામાં પોતાની તમામ શક્તિ કામે લગાડી. બ્રિટિશ રાજ્ય સત્તા સાથે મિત્રાચારીભર્યા સંબંધો કેળવી રાજ્યને લાભ અપાવ્યો. ગાંધીજી સાથેની મિત્રાચારીનો ઉપયોગ કરી પ્રજાકીય ચળવળને કુનેહથી પ્રોત્સાહિત કરી. આર્થિક, સામાજિક, શૈક્ષણિક, ઉદ્યોગ વગેરે ક્ષેત્રે સુધારા કરવાના ઉપાયો વિચાર્યા. ભાવસિંહજીના પ્રોત્સાહનથી મુંબઈ, દિલ્હી અને અંતે બ્રિટિશ કાઉન્સિલના ઉચ્ચતમ સ્થાને સભ્ય તરીકે ગયા. તેનો લાભ ભાવનગર રાજ્યને મળતો રહ્યો.

ભાવનગર રાજ્યની કલ્યાણકારી રાજ્યની કલ્પના સ્પષ્ટ અને દૂરગામી હતી. ૧૯૦૩માં પ્લેગનો રોગચાળો ફાટી નીકળ્યો ત્યારે તે અંગે જલદ અને અસરકારક પગલાં લેવામાં આવ્યાં હતાં. તેના સાક્ષી બનેલા તત્કાલીન પોલિટિકલ એજન્ટ લેફ. કર્નલ હંટરે કહ્યું: 'હું તો આ અંગે તમને સલાહ આપવા ભાવનગર આવેલો. પરંતુ તેના બદલે મેં અહીં રહીને ઘણું નવું જાણ્યું છે.'

ખેડૂતોને સદ્ધર સ્થિતિમાં મૂકવા ખેતીના અનેક સુધારા કર્યા. 'ખેડૂત સંકટ નિવારણ ફંડ' ઊભું કરવામાં આવ્યું.

આર્થિક સર્વેક્ષણ કરાયાં. મહેસૂલની પદ્ધતિ ખેડૂતલક્ષી અને ઉદાર બનાવી. ખેડૂતોનાં કરજ માફ કર્યાં, સહકારી મંડળીઓ સ્થાપી, પંચાયતોની રચના કરાવી, 'મૉડલ ફાર્મ' શરૂ કરાવ્યું.

દુષ્કાળમાંથી પ્રજાને બેઠી કરવા કામચલાઉ ઉપાયો યોજવાને બદલે ભાવસિંહજીએ નવી રેલવે લાઈનો, રસ્તાઓ, તળાવો, બંદરની સુધારણા વગેરે કામ શરૂ કરાવ્યાં. તેનાથી લોકોને રોજગારી પૂરી પડાઈ અને તે સાથે જ રાજ્યની કાયમી આવક વધી. 'દુષ્કાળ સંહિતા' (ફેમિન કોડ)ની રચના કરી. આવાં પગલાં લેવામાં ભાવનગર રાજ્ય કાઠિયાવાડમાં સર્વપ્રથમ હતું. ખેડૂતલક્ષી સુધારાઓ માટે ભાવનગરના વહીવટની ખ્યાતિ અન્ય રાજ્યોમાં પણ ફેલાયેલી અને તેના અનુકરણમાં કાર્યવાહીઓ થવા લાગેલી.

ભાવસિંહજીએ કેળવણી અને સંસ્કારનાં કાર્યોમાં પણ ઘણું પ્રોત્સાહન પૂરું પાડેલું. કન્યાકેળવણીની બાબતમાં ભાવગનર અગ્રેસર રહ્યું હતું. સંગીત અને કળાઓ વિકસાવવા ભાવસિંહજી ને નંદકુંવરબા બંને સક્રિય રહેતાં.

મહારાજા ભાવસિંહજીએ પ્રજાપ્રતિનિધિ સભાની રચના દ્વારા લોકતાંત્રિક સુધારાની પહેલ કરી હતી. પ્રથમ મહાયુદ્ધમાં લેફ. કર્નલ જોરાવરસિંહજીના નેતૃત્વમાં તાલીમ પામેલી લશ્કરી ટુકડી મોકલાઈ હતી. તેની બહાદુરી અને વીરતાની બ્રિટિશ સરકારે પ્રશંસા કરી હતી.

ભાવસિંહજીમાં દુન્યવી ડહાપણ ઘણું હતું. તેઓને બીજા રાજાઓની જેમ રમાડી શકાય એમ નહોતું. તે સાથે તેઓ મનસ્વી, સ્વતંત્ર વિચારના અને બુદ્ધિશાળી હતા. રાજ્યના વહીવટની સુધારણા માટે તેઓ અનેક અવનવા ઉપાયો યોજતા. ઉદ્દિષ્ટ વ્યક્તિને અનુરૂપ પ્રસંગો તથા વાતચીતવાળાં નાટકો લખાવતા. જોવા આવનારાઓ નાટકનાં પાત્રો જોઈ આ કોણ અમલદાર કે આગેવાન છે તે ઓળખી જતા. જેમના વિશે હોય તેમને આમંત્રણ આપી હાજર રખાવતા ને પોતે પણ હાજરી આપતા. આવી યુક્તિઓની ધારી અસર થતી.

મહારાણી નંદકુંવરબા રાજકાજમાં રસ લેતાં. મહારાજા તેમને પ્રોત્સાહન આપતા. પહેલા મહાયુદ્ધ દરમિયાન યુદ્ધની માહિતી તથા અન્ય સામગ્રી આપતું 'બ્રિટિશ અને હિંદી વિક્રમ' નામનું સામયિક તેમના તંત્રીપદે પ્રગટ થતું. તેમાં કવિ મણિશંકર રત્નજી ભટ્ટ 'કાન્ત', (૧૮૬૭-૧૯૨૩) લખાણો આપતા. અન્ય કામ પણ કરી દેતા. 'મસ્તકવિ' ત્રિભુવન પ્રેમશંકર (૧૮૬૫-૧૯૨૩) લાઠીના રાજવી કવિ સૂરસિંહજી 'કલાપી' (૧૮૭૪-૧૯૦૦) પાસે રહેતા. પણ ત્યાંથી છૂટા થયા ત્યારે કલાપીએ કવિના કાવ્યસંગ્રહ 'વિભાવરી સ્વપ્ન' તથા પોતાના પત્ર સાથે મહારાજા ભાવસિંહજી પાસે મોકલેલા. કવિને સાચવવા હાર્દિક ભલામણ કરેલી. ભાવસિંહજીએ કલાપીની ભલામણ માન્ય રાખી મસ્ત કવિને પેન્શન બાંધી આપેલું.

આ એક રાજવી એવા હતા જે કલાસ્વામીઓના મિજાજને પારખતા અને તેમને સાચવતા. કાન્ત અને મસ્તકવિને એવી ટેવ હતી કે ફરવા નીકળે ત્યારે વાતો કરતા સરિયમ રસ્તાની વચ્ચે ચાલે. મહારાજા બગીમાં નીકળે ત્યારે ગાડી એક બાજુ તારવી લે અથવા 'મૂકી જાઉં?' એવો વિવેક કરે. કવિ કાન્ત ક્યારેય તેવી વાત સ્વીકારતા નહિ. જોકે મહારાજા ઘણી વાર ગાડી લઈને જાતે તેમને તેડવા જતા. મકાનમાં ઉપર કોઈને મોકલે નહિ, પણ જાતે જઈને વિનંતી કરે.

એક પ્રસંગે કવિ કાન્ત મહારાજાના બોલાવ્યા નીલમબાગ ગયેલા. તે રાત્રે મહારાજા ખાણું લેતા હતા. આથી મણિશંકર ઓસરીમાં હિંડોળે બેઠા. ઓસરીમાં બેસવા હિંડોળા સિવાય સાધન ન હતું. મહારાજા પોતે હિંડોળે બેસે ને જે આવે તે સામે પાથરેલ ગાલીચા કે જાજમ પર બેસતા. મહારાજા ખાણું લેતા હતા એટલે ખાલી હિંડોળે કાન્ત બેસી ગયા.

મહારાજા આવ્યા કે તરત કાન્ત ઊભા થયા અને મહારાજાએ પાસે આવી, પોતાના ખભે નેપ્કિન હતો છતાં ચળુ દીધેલા ભીના હાથ મણિશંકરના ખેસે લૂછ્યા. મણિશંકર બનારસી ભરતનો બેનમૂન સફાઈદાર ખેસ રાખતા, જેની નિત નવાં કપડાં પહેરનાર મહારાજા તારીફ કરતા.

કવિએ મહારાજાનું આ વર્તન જોઈ મહારાજા પોતાના હાથ ખેસ પરથી ખેસવે તે પહેલાં ખેસ ઉતારી નાખ્યો ને હિંડોળા પર મૂકી નમસ્કારની મુદ્રા કરી ચાલતા થયા, દાદરો ઊતરવા લાગ્યા.

મહારાજાએ બૂમ મારી, 'મણિશંકર શું કરો છો?' મણિશંકરે કહ્યું, 'અઢારસો પાદરના ધણીને જે જોઈએ તે મારે ન ખપે' અને મણિશંકર દાદરો ઊતરી ચાલ્યા ગયા.

એ પછી મણિશંકરને ત્યાં જઈ મનાવીને મહારાજાએ તેમનું સન્માન કર્યું.

પછાત સમાજના યુવાનોને ભાવસિંહજીએ અનેક રીતે પ્રોત્સાહિત કરેલા. દેવજીભાઈ નામે ખવાસ જ્ઞાતિના યુવાને ક્રિકેટમાં નામ કર્યું, તેને ગ્રેજ્યુએટ બનાવી જેલરની જગ્યાએ મૂક્યા હતા. બીજા ક્રિકેટર અબ્દુલ્લા ગાગનાનીને વહીવટદાર પદે પહોંચાડેલા. પોતાના કોચમેન ઈબ્રાહિમના પુત્રને સ્કૉલરશિપ આપી ગ્રેજ્યુએટ બનાવેલા. જામદાર ખાનાના સીદી મુબારકના પુત્રને એમ.બી.બી.એસ. સુધી ભણાવી સ્ટેટમાં ડૉક્ટરની નોકરી આપી હતી. ઉચ્ચ વર્ગના લોકો ટીકા કરતા તેને મહારાજા ગણકારતા નહીં.

મહારાજાને સંગીતનો શોખ સૌથી વિશેષ હતો. નીલમબાગ પરિસરમાં પિત્તળના કઠોડાવાળો બંગલો હતો, ત્યાં સંગીતની બેઠકો થતી. તેને પિત્તળિયો બંગલો કહેતા. ત્યાં સવાર-સાંજ ગવૈયા-બજવૈયા હાજર થતા. ઉચ્ચ વર્ગમાં હજી સંગીત પ્રત્યે સૂગ હતી ત્યારે મહારાજાએ તેને યોગ્ય માન આપ્યું હતું.

રહીમખાન જેવા બીનવાદક હિંદભરમાં બે-ત્રણ જ હતા. મહારાજા તેમને દરમાયો આપતા. છતાં તેમને નોકર માનતા નહીં. મોટા સમુદાયમાં તો તેઓ આવે પણ નહીં. મહારાજા નિરાંતમાં હોય કે કોઈ ખાસ મહેમાન હોય ત્યારે જ એમને બોલાવે અને એકચિત્તે એમનું બીન સાંભળે. રહીમખાનનો મિજાજ પણ એવો કે ભલભલાને ના કહી દે! ગરીબીમાં પણ તે બાદશાહી મસ્તી રાખતા.

બીન સિતારથી મોટું. બે બાજુ તુંબડાથી જમીન પર સમતોલ રહે. પ્યારા બાળકને ઊંચકે એવી મમતાથી ખાંસાહેબ તેને ઉઠાવી બીનનું દેવતાઈ સંગીત રેલાવતા. આ સંગીતસમ્રાટની કલાસમૃદ્ધિ પાસે શ્રીમંતાઈ તુચ્છ લાગે.

મહારાજાને રહીમખાન પ્રત્યે એટલો આદર કે તેમને પોતાની સાથે ઈંગ્લેન્ડ લઈ ગયેલા. મહારાણી વિક્ટોરિયાને ઉસ્તાદ રહીમખાને પોતાની સિતાર સંભળાવી પ્રસન્ન કરેલાં.

રહીમખાનને આવવા-જવા બળદનો એકો મોકલવામાં આવતો. કવિ કાન્ત વગેરેને ઘોડાગાડી મોકલવામાં આવતી. રહીમખાને મહારાજા પાસે ફરિયાદપૂર્વક રજૂઆત કરી કે એકામાં જતાં-આવતાં વખત બહુ બગડે છે. માટે વેગથી ચાલે તેવું વાહન આપવું. રહીમખાને ઘોડો ફાવતો નહીં. મહારાજાએ તેમને એક ઊંટ ભેટ આપ્યું. ઉસ્તાદ રાજી થઈ ગયા. બેચાર દિવસ ઊંટ પર સવાર થઈ શહેરમાં ફર્યા ને મહારાજાનાં વખાણ કર્યાં. પણ ઊંટનો નિભાવખર્ચ ન પોસાતાં નીલમબાગ ગયા ત્યારે તેને એક ઝાડે બાંધી દઈ ચાલતા ઘેર આવ્યા. અંતે એકો વાપરતા થયા. પ્રસંગ પડ્યે મહારાજા ધ્યાન રાખી તેમને તેડવા મૂકવા ઘોડાગાડી મોકલતા.

મુંબઈના ગવર્નર સર જ્યોર્જ ક્લાર્ક ૧૯૦૭માં ભાવનગરની મુલાકાતે આવેલા. શિષ્ટાચાર એવો હતો કે યજમાન મહારાજા મહેમાનને ઉતારે ચોક્કસ સમયે પ્રથમ મુલાકાત માટે જાય. આ મુલાકાત દસ-પંદર મિનિટ પૂરતી હોય. પછી વળતી મુલાકાતે મહેમાન યજમાનને ત્યાં જઈ મુલાકાત આપે.

ક્રમ મુજબ મહારાજા ગવર્નરની મુલાકાતે તેમને ઉતારે જઈ આવેલા. પછીની મુલાકાત માટે ગવર્નર પોણા અગિયાર વાગે આવવાના હતા. છતાં ઠરાવેલા સમયે ગવર્નર આવ્યા નહીં. દસેક મિનિટ રાહ જોઈ મહારાજા પોતાની ગાડીમાં બેસી નીકળી ગયા.

નીલમબાગથી મોતીબાગ જતાં રસ્તામાં ગવર્નરની ગાડી સામી મળી. મહારાજાએ ગાડી થોભાવી વિવેકથી જણાવ્યું, 'Your excellency, I waited for ten minutes, but I have got to attend my office, so, the formalities of a return visit may be dispensed with.'

ખરી વાત હતી. મહારાજા દરરોજ સમયસર ઑફિસે હાજરી આપતા. પણ ગવર્નરને અપમાન લાગ્યું. એમ કહેવાય છે કે દીવાન પ્રભાશંકર પટ્ટણીએ ગવર્નરને એ રીતે સમજાવી સમાધાન કર્યું કે સમય પ્રમાણે કામ કરવાની પદ્ધતિ અંગ્રેજો પાસેથી અહીંની પ્રજામાંથી થોડા કેળવાયેલા લોકો શીખ્યા છે. એ યશ અંગ્રેજોને છે. તેમાંય દેશી રાજ્યના રાજા જો આ રીતે કામ કરતાં શીખ્યા હોય તો અંગ્રેજ અધિકારીએ મગરૂર થવા જેવી વાત છે. જોકે ફરી મળતી વખતે વિનયથી પોતાનું દૃષ્ટિબિંદુ સમજાવી દિલ જીતવાની શક્તિ મહારાજામાં હતી.

આ મહારાજાને રાજકોટની રાજકુમાર કૉલેજના પ્રિન્સિપાલ ચેસ્ટર મેકનાટન તથા પોતાના પૂર્વ સમયના ટ્યૂટર તથા ખ્યાતનામ કેળવણીકાર એસ.એમ. ફ્રેઝર વગેરે માટે માન હતું. તેમ મહારાજાના ચારિત્ર્ય, સૌજન્ય અને સમજણ માટે આ ખ્યાતનામ અંગ્રેજ શિક્ષકોને

ઊંચો અભિપ્રાય હતો જે સરકારી દફતરે નોંધાયો હતો. રાજકુમાર કૉલેજના આરંભનાં ૫૦ વર્ષનો ઇતિહાસ, અહેવાલ અને પ્રગતિની વીગતવાર નોંધવાળા સાત દળદાર ગ્રંથો ફોટોગ્રાફ સાથે સંકલિત કરી ભાવસિંહજીએ ઊંચી જાતના કાગળોમાં શોભિતી રીતે છપાવેલા તે પોતાની શિક્ષણસંસ્થા તથા સારા શિક્ષકો પ્રત્યેની લાગણીનું જ પરિણામ ગણી શકાય.

આમ છતાં મહારાજા એક યા બીજાં કારણે સંભવત: રાજકીય કારણે પોતાના રાજ્યમાં અંગ્રેજ અમલદારને મુલાકાતે આવવા ન દેતા. સરકારમાંથી ભલામણ હોય છતાં કોઈ અંગ્રેજને રાજ્યમાં નોકરી ન આપતા. અનિવાર્ય સંજોગોમાં અંગ્રેજ અમલદારને નિયુક્તિ આપવાનું થાય ત્યારે તેના સ્વભાવ અને કામગીરીથી વાકેફ થયા પછી જ તેવો નિર્ણય લેતા. જેમ કે રેલવેના ઉચ્ચ અધિકારી તરીકે અંગ્રેજ અધિકારીને નીમવાનો આગ્રહ થતાં તેમણે બિબ્રાને જાતે ચકાસણી કર્યા પછી જ નિયુક્ત કર્યા હતા.

રાજકોટ કોઠીમાં ઈ.એસ.વી. ફિટ્ઝેરાલ્ડ નામના એજન્ટ ટુ ધ ગવર્નર ઑફ બૉમ્બે હતા. એ ઘણા તુમાખી, માથાભારે અને દેશી રજવાડામાં કોઈનું પણ વિનાકારણ અપમાન કરનારા હતા. એ મહારાજા જાણતા હતા. તેઓ પરાણે, સત્તાની રૂઈએ, પ્રયોજન વગર ભાવનગરની બે દિવસની મુલાકાતે આવેલા. પ્રયોજન ન હોવાથી મહારાજાએ તેને મુલાકાત નહીં આપેલી.

આ અમલદાર પોતાના સ્વભાવનું પ્રદર્શન કર્યા વિના ન રહી શક્યા. પહેલી જ રાતે તેના માનમાં યોજાયેલા ખાણાના પ્રસંગે દારૂ પીધા પછી તેઓ ઉદ્ધતાઈભર્યું વલણ લેવા લાગ્યા. દીવાન પ્રભાશંકર સમજાવવા લાગ્યા. પણ તેમનુંયે અપમાન કર્યું. આ પ્રસંગે કર્નલ જોરાવરસિંહજી ત્યાં હાજર હતા. તેમણે નીલમબાગ ફોન કરી મહારાજાને હકીકતથી વાકેફ કર્યા.

એ જ વખતે મહારાજાએ તે અંગ્રેજ અમલદારને ફોન પર બોલાવીને એ મતલબનું કહ્યું કે તમે મારા મહેમાન છો. મારા પ્રતિનિધિ કે કોઈનુંયે મારે ત્યાં અપમાન કરવાનો તમારો અધિકાર નથી. તે છતાં તમારી મર્યાદા ઓળંગી તમે મારા દીવાન પ્રભાશંકરનું અપમાન કર્યું છે તે મારું અપમાન છે. માટે તમે માફી માગી લો અને સવાર પહેલાં ભાવનગર છોડી જાઓ. નહિતર તમારી સામે ધોરણસર પગલાં લેવાની મને ફરજ પડશે. કર્નલ જોરાવરસિંહજીએ પણ તેમને સમજાવ્યા. તેઓ માફી માગી રાતોરાત ભાવનગર છોડી ગયા.

સ્વભાવે શાંત, સરળ, ગુણજ્ઞ રાજવીના સ્વભાવની આ કેટલીક ખાસિયતો હતી. રાજકાજમાં અને બુદ્ધિશક્તિએ બાહોશ મહારાજાની સૌરાષ્ટ્રના અનેક રાજવીઓ સલાહ લેતા. રૂપાના હિંડોળા પર બાજુમાં પાળેલા ચિત્તાને બેસાડી મુલાકાત આપનારા આ મહારાજાનો અનોખો પ્રભાવ પડતો. તેમના ચારિત્ર્યબળની લોકો પર છાપ પડતી. તેમના અવસાન વખતે મોરબીના ઠાકોર વાઘજી બોલી ગયેલા કે કાઠિયાવાડમાંથી છેલ્લો રાજા ચાલ્યો ગયો!

ગાંધીજી તેમના અભ્યાસકાળ (ઈ.સ. ૧૮૮૮) પછી પ્રથમ વાર ૧૯૧૫માં ગોખલે મેમોરિયલ ફંડ માટે ભાવનગર આવ્યા હતા. શામળદાસ કૉલેજમાં પોતે અભ્યાસ કરેલો તે હંમેશાં યાદ કરતા. પ્રભાશંકર પટ્ટણી ગાંધીજીના મિત્ર હતા. તેથી ભાવનગર માટે ખાસ પ્રકારનો સદ્‌ભાવ ધરાવતા.

ભાવસિંહજીને મળવા તેઓ નીલમબાગ પેલેસ ગયા હતા. શિકારના શોખના હિસાબે ભાવસિંહજીએ ચિત્તાને એટલા કેળવેલા કે તે મહેલમાં છુટ્ટા ફરતા. ગાંધીજી પેલેસમાં પ્રવેશ્યા ત્યારે ચિત્તાએ હુંકાર કર્યો. ગાંધીજી નીડર રહી ખંડમાં દાખલ થયા.

ભાવસિંહજીએ મહારાણી નંદકુંવરબાને ગાંધીજીની ઓળખાણ આપી ત્યારે તેમણે કહ્યું: 'હું તો ભાવનગરમાં રાજકીય નેતા તરીકે નહીં પણ મારાં ફઈને ઘેર ભાવનગર આવ્યો છું.'

રાજ્યકુટુંબોના સ્તરે પોરબંદર અને ભાવનગરને મામાફોઈનો સંબંધ હતો. ગાંધીજી પોરબંદરના તો ખરા, પણ તેમના વડીલોએ પોરબંદરના દીવાન તરીકે કામગીરી કરી હતી. પછી કૌટુંબિક સંબંધો સ્થાપિત થયા હતા. ગાંધીજી આવા સંબંધોની મીઠાશ સાચવીને વિવેક દર્શાવતા અને માન સાચવતા.

મહારાજા તથા મહારાણી સાથેની મુલાકાત પછીના ગાંધીજીના ઉદ્‌ગારો યાદગાર બની રહ્યા છે: 'હું તો દક્ષિણ આફ્રિકામાં અહિંસા, અહિંસા એમ કૂટી રહ્યો હતો. પરંતુ ભાવનગરના રાજવી ભાવસિંહજીએ તો હિંસક ચિત્તાઓને પણ અહિંસક કરી મૂક્યા છે. એ જોઈ મારી છાતી ગજ-ગજ ફૂલે છે. હું આજે એક નવો પાઠ શીખ્યો.' ('પ્રજાવત્સલ રાજવી'માંથી સાભાર)

(ડી-૧૪૦, કાળવી બીડ, ભાવનગર – ૩૬૪ ૦૦૨.
ફોન: ૦૨૭૮-૨૫૬૯૯૯૮)

## 'પન્ના નાયકની કવિતા'માં વિરહ અને વેદના

કેતન બુંહા

પન્ના નીકુળભાઈ નાયકનો જન્મ તારીખ ૨૮-૧૨-૧૯૩૩ના રોજ મુંબઈમાં થયો હતો. તેમણે મુંબઈની સેંટ ઝેવિયર્સ કૉલેજમાં ગુજરાતી અને સંસ્કૃત વિષયો સાથે એમ.એ. કર્યું. તેઓએ સાઉથ એશિયન સ્ટડીઝમાં લાઈબ્રેરી સાયન્સ કરીને યુનિવર્સિટી ઑફ પેન્સિલવેનિયામાં ગ્રંથપાલ અને ગુજરાતીનાં અધ્યાપક તરીકે સેવા આપી. તેમની પાસે પ્રવેશ (૧૯૭૫), ફિલાડેલ્ફિયા (૧૯૮૦), નિસ્બત (૧૯૮૪), અરસપરસ (૧૯૮૯), આવનજાવન (૧૯૯૧), રંગ ઝરૂખે (૨૦૦૫), ચેરી બ્લોસમ્સ (૨૦૦૫) વગેરે કાવ્યસંગ્રહો પ્રાપ્ત થાય છે.

તેમની કવિતામાં વિરહ, વેદના, ઉગ્ર અસંતોષ, તરફડાટ, તીવ્ર તરસ વગેરે તરત જ નજરે પડે છે. તેમની કવિતા જાણે કે નર્યા વિષાદની જ ન હોય! તેમણે જીવનમાં જે અનુભવ્યું છે તે કાવ્યો દ્વારા અભિવ્યક્ત કર્યું છે. તેમણે જીવનમાં સુખ કરતા દુ:ખ જ વધુ જોયું છે અને આ દુ:ખભરી સ્થિતિને તેમણે કાવ્ય દ્વારા અભિવ્યક્ત કરી છે. તેઓ અમેરિકામાં વસે છે અને ત્યાંના જીવનની વિષમ સ્થિતિ અને ખાસ તો પતિ-પત્નીના વિષમ સંબંધો વિષે તેમણે ખૂબ જ ઊંડાણપૂર્વક ચિંતન વ્યક્ત કર્યું છે. તેમણે તેમના અંગત જીવનમાં અનુભવેલી પ્રણયની અતૃપ્તિ તેમના ઘણા કાવ્યોમાં મુખરિત થઈ છે.

કાવ્યનાયિકા અને કાવ્યનાયક બંને વ્યક્તિ વચ્ચે ઘણો જ પ્રેમ છે એમ સાબિત કરવા માટેના ઘણા પ્રયત્નો કરે છે છતાં તે વ્યર્થ જ જાય છે માટે જ એકત્વનો અભાવ જોવા મળે છે –

*આપણી ભીતર તો*
*સતત રણક્યા કરે છે*
*અસ્વીકારનું અસ્તિત્વ!*
*આપણે તો છીએ*
*પુસ્તકનાં સામસામાં બે પૃષ્ઠો –*
*સંયુક્ત પણ અલગ અલગ*
*માત્ર સિવાઈ ગયેલાં*
*કોઈ ઋણાનુબંધના દોરાથી!*

('ફિલાડેલ્ફીઆ', પૃ. ૯૮)

અહીં કાવ્યનાયિકાની પોતાના હૃદયની વ્યથા સ્ફૂરી આવે છે. તેઓ બંને સાથે રહેવા છતાં તેમની વચ્ચે પ્રેમ જેવું કશું જ નથી. તેઓ તો બંને જાણે કે ઋણાનુબંધના સંબંધથી જોડાઈ ગયા હોય તેવું લાગે છે. બે પ્રેમી વચ્ચેના આવા અંતરની વાત તો અનેક કાવ્યોમાં ગૂંજે છે.

નાયક અને નાયિકા વચ્ચે જ્યારે પ્રણયના અંકુર ફૂટવા જોઈએ ત્યારે તે ફૂટ્યા નહીં માટે જ તેમની વિકટ પરિસ્થિતિ થાય છે –

*સમયસર વરસાદ વરસ્યો નહીં*
*એટલે*
*સંબંધનાં કેટલાંય ઝરણાં સુકાઈ ગયાં.*
*સમયસર વરસાદ વરસ્યો નહીં*
*એટલે લાગણીની કળીઓ ફૂલમાં પરિણમી નહીં.*

('નિસ્બત', પૃ. ૩૬)

અહીં સંબંધો અને લાગણી શૂન્યતાના દર્શન થાય છે. કાવ્યનાયિકા પોતાના પ્રિયતમને અનહદ પ્રેમ કરે છે. તે તેની યાદમાં ને યાદમાં પોતાનું જીવન વ્યતિત કરવા માટે પણ તૈયાર છે. તેના પ્રિયતમ એક દિવસ તેને મળશે જ તેવી તેને આશા છે.

અહીં મિલન માટેના તીવ્ર તલસાટનું નિરૂપણ થયેલું જોવા મળે છે. કાવ્યનાયિકા તેના પ્રિયતમની રાહમાં ને રાહમાં અનેક રાતો ગુજારી દે છે. અહીં 'સળગતા ઝુમ્મરો' એ ચિરવિરહનું પ્રતીક બની જાય છે. તે તેની રાહમાં જ વિરહાગ્નિથી બળતી રહે છે. તેની વેદના ખૂબ જ અસહ્ય બની જાય છે. છતાં પણ તેનો પ્રિયતમ આવતો નથી માટે જ તે દુ:ખમય બની જાય છે.

કાવ્યનાયિકાને તેના પ્રિયતમની પાસેથી પ્રેમ જેવું કશું જ પ્રાપ્ત થતું નથી. તે તેના પ્રિયતમને પ્રેમ કરવા જાય છે પરંતુ તેમાં તેને લાગણીહીનતાના જ દર્શન થાય છે. તે તેનાથી અતૃપ્ત છે. માટે જ આવા સંબંધ રાખવા તે તૈયાર નથી તેથી જ કહે છે –

*મને*
*તારી નજીક આવવાનું*
*કહીશ નહીં*
*કેવળ*
*તારા સુખની ખાતર!*

('વિદેશિની', પૃ. ૨૪૭)

કવયિત્રી સ્વાર્થભર્યા સંબંધમાં માનતી નથી. તેને તો નિર્દોષ અને નિર્મળ સંબંધની જ ચાહત છે. તેથી જ કેવળ તેના પ્રિયતમના સ્વાર્થ માટે તે કશું જ કરવા તૈયાર નથી.

કાવ્યનાયિકાની માતાએ તેના સુખી જીવન માટે તુલસીના કુંડાની ઘણી બધી પ્રદક્ષિણા કરી હતી અને તેને માટે પ્રાર્થના પણ કરી હતી. છતાં પણ તે જીવનમાં ખૂબ જ દુઃખી છે, માટે જ તે બોલી ઊઠે છે –

*તુલસીકુંડાની એ પ્રદક્ષિણામાં*
*મારે માટેની*
*માની પ્રાર્થના*
*ફસડાઈ પડી હશે?*

('વિદેશિની', પૃ. ૨૦૯)

અહીં કાવ્યનાયિકાને પોતાની માતાની પ્રાર્થના વિશે શંકા ઊભી થાય છે. કાવ્યનાયિકા જ્યારે કુવારિકા અવસ્થામાં હતી ત્યારે તેની માતાના કહેવાથી ગૌરીવ્રત કર્યું હતું. તેમજ રોજેરોજ તુલસીના છોડને પાણી પાઈને પ્રદક્ષિણા કરી ઘીનો દીવો કરતી હતી. કવયિત્રી 'એક હાઈકુ'માં વેદના વર્ણવતાં કહે છે –

*ઊઠીને ગયો*
*મહેફિલમાંથી તું –*
*ખરે જ ટાણે.*

('ચેરિ બ્લોસમ્સ', પૃ. ૮)

કાવ્યનાયિકાના જીવનની જ્યારે વસંત હતી, યુવાની હતી ત્યારે જ પ્રેમ કરવાનો સાચો સમય હતો પરંતુ આવા સમયે તેનો પ્રિયતમ તેને સાથ આપવાને બદલે તેને એકલી મુકીને ચાલ્યો જાય છે. તેથી જ તેના વિરહમાં ને વિરહમાં જ નાયિકા દુઃખી દુઃખી થઈ જાય છે.

આવા સુખમય જીવનમાંથી કાવ્યનાયિકાને કાવ્ય લખવાની પ્રેરણા થઈ આવે છે તેથી તે પ્રણય કાવ્ય લખવા બેસે છે. પરંતુ તે પ્રણયકાવ્યને બદલે વેદનાસભર કાવ્ય જ લખી બેસે છે. કારણ કે તેમને જીવનમાં નરી વેદનાઓનો જ સામનો કરવાનો આવ્યો છે. માટે આવી વેદનાસભર જિંદગીમાં પ્રણયકાવ્ય લખવું હોય તોય કેવી રીતે લખી શકાય?

કાવ્યનાયિકાને તેના પ્રિયતમ વગરની જિંદગી નિરર્થક અને ભારરૂપ લાગે છે. તે તો તેની યાદમાં ને યાદમાં જ દુઃખી બની જાય છે. તેના વગર જીવનમાં જાણે કે કશું જ ન હોય તેવો તેને અહેસાસ થાય છે.

નાયિકાને હરહંમેશાં પ્રિયતમની સાથે જ રહેવું છે. પણ તે રહી શકતી નથી. તેના ભાગ્યમાં તો કેવળ વિરહ જ સહન કરવાનો આવે છે. આ વિરહના ઊકળાટમાં તે સમસમી ઊઠે છે, છતાં પણ તેમની પાસે બીજો કોઈ વિકલ્પ નથી. માટે જ તે કહે છે –

*સૂરજ સામે ટક્કર ઝીલી*
*ફરી શાખાઓ ઊગાડીશ*
*અને*
*જીવી જઈશ હું.*
*છેદાયેલું પણ*
*વૃક્ષ છું હું વૃક્ષ.*
*તેં છેદ્યું હતું*
*તે જ વૃક્ષ...*

('ચેરી બ્લોસમ્સ' પૃ. ૧૦૯)

અહીં કાવ્યનાયિકાને જીવનમાં વિરહરૂપી વેદના તો સહન કરવાની આવે જ છે અને આ વેદના તેને માટે અસહ્ય પણ બની રહે છે. છતાં પણ નાયિકા આ વેદનામાંથી બહાર નીકળી જઈને ફરીથી તે નવું જીવન જીવવાની અભિલાષા સેવે છે. અહીં નવું જ દર્શન પ્રાપ્ત થાય છે કે મનુષ્યનાં જીવનમાં ગમે તેવી વિકટ પરિસ્થિતિ આવી હોય, ગમે તેટલું દુઃખ પડ્યું હોય છતાં પણ જિંદગી જીવવાનું બળ પ્રાપ્ત થાય

છે. કવયિત્રી જીવન વિષયક ફિલસૂફી વ્યક્ત કરતાં કહે છે –

*જીવનમાં બધે જ સફળ*
*અને પ્રેમમાં નિષ્ફળ કેમ?*
*અને પ્રેમમાં નિષ્ફળ*
*તો*
*જીવન સફળ કહેવાય ખરું?*

('નિસ્બત', પૃ. ૩૧)

અહીં જીવનની સફળતા વિશેનું ચિંતન કવયિત્રીએ હળવી શૈલીમાં રજૂ કર્યું છે. જીવન ઘણું બધું વિશાળ છે અને તેના અનેક ક્ષેત્રોમાં જે વ્યક્તિ સફળ થયો હોય તે પ્રેમમાં પણ સફળ જ થાય એવો કોઈ જ નિયમ નથી અને તે બધા જ ક્ષેત્રોમાં સફળ હોવા છતાં જો તે પ્રેમમાં નિષ્ફળ ગયો હોય તો તેનું જીવન પણ નિષ્ફળ જ ગણાય, કારણ કે જીવનમાં પ્રેમ જ સર્વસ્વ છે અને જીવનમાં પ્રેમ જેવો શબ્દ જ ન હોય તો જીવનનું અસ્તિત્વ જ શક્ય નથી. અહીં કવયિત્રીએ પ્રેમને વિશાળ પરિપ્રેક્ષ્યમાં જોયો છે.

કવયિત્રીએ પોતાના પ્રણય જીવનમાં ખૂબ જ દુઃખ દર્દો સહન કર્યાં છે. તેથી આ દુઃખ દર્દો તેની કવિતામાં સ્ફૂરી આવ્યાં છે. તેમની વેદના-વ્યથામાં મોટાભાગે પ્રણય જીવનની નિષ્ફળતા જ છે. આ ઉપરાંત પણ તેમણે જીવનની વેદના-વ્યથાને કવિતામાં આકારિત કરી છે.

તેમનો આત્મવિષાદ ક્યારેક યુગ-વિષાદ સુધી પહોંચી જાય છે. એમાં છિન્ન-ભિન્ન થયેલા અર્વાચીન માનવીનો ધ્વનિ ગૂંજે છે. આવા વિષાદમાંથી તેનાં છૂટવાના વ્યર્થ પ્રયાસો હતાશા પ્રેરે છે. આ હતાશા 'તમે શું કહેશો?' કાવ્યમાં વેધક રીતે આલેખાઈ છે –

*તરફડાટ એટલે...?*
*તમે કહેશો*
*જલ બહાર આણેલી*
*કોઈ માછલીને પૂછી જુઓ!*
*પણ*
*ઘૂઘવતા ઉદધિની ભીતર*
*જે*
*કોરું કોરું તરફડે*
*એને*
*તમે શું કહેશો*

('પ્રવેશ', પૃ. ૩૧)

માછલીને પાણીની બહાર કાઢતાં તેના જેવી વેદના-વ્યથા થાય છે, તેવી અહીં કાવ્યનાયિકાની વેદના-વ્યથા જોવા મળે છે. ઘૂઘવતા ઉદધિમાં કોરું કોરું તરફડવાની ક્રિયા પરસ્પર વિરોધી હોવા છતાં ધારદાર અભિવ્યક્તિને કારણે સાચી લાગે છે અને તેને કારણે જ કાવ્યના સૌંદર્યમાં વધારો થાય છે.

કાવ્યનાયિકાની માતાનું મૃત્યુ થાય છે ત્યાર પછી પંચમહાભૂતોનું બનેલું તેનું શરીર બળીને ભસ્મીભૂત થઈ જાય છે. તેનું અસ્તિત્વ હવે આ સૃષ્ટિ પર રહ્યું નથી તેથી માતા વગરની જિંદગી તેને અસહ્ય અને ભારરૂપ લાગે છે –

*ચિતામાં દાહ દીધેલી કાયાની*
*ઓલવાતી આગનો*
*આછો ધુમાડો*
*જોજનો દૂરથી આવીને*
*હજીય ચચરે છે*
*મારી આંખોમાં*
*ને*
*એને ઓલવવા*
*ઊભરાયાં કરે છે*
*ઊનાં ઊનાં પાણી*

('વિદેશિની', પૃ. ૨૧૬,૨૧૭)

કાવ્યનાયિકા માતાના મૃત્યુના ઘણાં વર્ષો થઈ ગયા હોવા છતાં તેનું દુઃખ તેને આજે પણ લાગે છે. હજી પણ તેની માતાની યાદ તેને કોરી ખાતી હોય તેમ લાગે છે. માતાહીન જીવનનો ખાલીપો કોઈનાથીય ભરાતો નથી તેથી જ તે તેની યાદમાં ને યાદમાં આંસુ સારતી બેસી રહે છે.

આમ, વિવિધ પરિસ્થિતિમાં તેની વિરહ અને વેદના તેના કાવ્યો દ્વારા મુખરિત થઈ છે.

(ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ – ૩૮૦ ૦૧૪.
મો.: ૯૩૭૫૪૨૨૪૮૨)

## વૈદિક સ્ત્રીને યજ્ઞનો અધિકાર

પારુલટીના દોશી

(શિક્ષણમહર્ષિ ડૉ. સી.એલ. પટેલના વડપણ હેઠળના ચારુતર વિદ્યામંડળે ભારતીય મહિલા વિશ્વકોશ તૈયાર કરવાનું ભગીરથ કાર્ય હાથ ધર્યું છે. આ પ્રકલ્પ હેઠળ વેદકાલીન સ્ત્રીઓ વિશે સંશોધનકાર્ય શરૂ થઈ ચૂક્યું છે. અહીં વૈદિક યુગની સ્ત્રીનાં વિવિધ પાસાઓ શ્રેણીબદ્ધ કરાયાં છે. આપનાં સૂચનો અને પ્રતિભાવોની પ્રતીક્ષા છે. - તંત્રી)

संहोत्रं स्म पुरा नारी समनं वाव गच्छति ।

ઋગ્વેદની આ ઋચાનો અર્થ છેઃ પ્રાચીન કાળથી જ સ્ત્રીઓ સામૂહિક યજ્ઞો, યુદ્ધો તથા ઉત્સવોમાં જાય છે![૧]

આ વેદમંત્રમાં સ્ત્રીના ગૌરવનું વર્ણન કરવામાં આવ્યું છે. મંત્રની સમજૂતી આ પ્રકારે છેઃ સ્ત્રીઓ ગૃહકાર્યમાં કુશળ હોવાની સાથે જ સામૂહિક યજ્ઞોમાં પણ ભાગ લેતી હતી. સામૂહિક યજ્ઞમાં પુરુષનું જેટલું મહત્ત્વ હતું એટલું જ મહત્ત્વ સ્ત્રીનું પણ હતું. જે સ્ત્રીઓ પ્રતિદિન યજ્ઞ કરે છે તેમણે સામૂહિક યજ્ઞમાં અવશ્ય જવું જોઈએ. સામાન્યપણે સ્ત્રીઓ ધાર્મિક કાર્યક્રમોમાં વધુ શ્રદ્ધા અને ભક્તિથી ભાગ લે છે તેના પ્રત્યે પણ મંત્રમાં સંકેત કરવામાં આવ્યો છે.[૨] વેદકાલીન સ્ત્રીઓને યજ્ઞ કરવાનો પૂરેપૂરો અધિકાર હતો એવું આ મંત્ર પરથી પુરવાર થાય છે!

વેદકાળમાં સ્ત્રીઓને યજ્ઞ કરવાનો, હોમહવન કરવાનો અને ધાર્મિક ક્રિયાકાંડો કવાનો સંપૂર્ણ અધિકાર હતો. પરિણીતાઓની જેમ જ કુંવારિકાઓને પણ ધાર્મિક ક્રિયાઓ કરવાનો સમાન અધિકાર પ્રાપ્ત હતો. કુંવારિકાઓ સ્વતંત્રરૂપે યજ્ઞ કરી શકતી. એટલે જ તો ઋગ્વેદમાં વિશ્વવારા આત્રેયી ઋત્વિક તરીકે કામ કરી શકી હતી. વિશ્વવારા વેદકાળની એકમાત્ર પુરોહિતા હતી. તે અગ્નિની પૂજાઅર્ચના કરતી. એક વેદમંત્રમાં અગ્નિની ઉપાસના કરતાં તેણે કહ્યું છે કે, 'હે દેવ, આપ જ્યારે પ્રજ્વલિત થાવ છો ત્યારે હું વિશ્વવારા આપના અલૌકિક તેજની સ્તુતિ કરું છું!'[૩]

વેદગ્રંથોમાં કુંવારિકાઓની જેમ જ પરિણીતાઓ પણ સ્વતંત્રપણે યજ્ઞ કરી શકતી. ઋગ્વેદના એક મંત્ર અનુસાર બુદ્ધિમાં વિકાસ અને શ્રીવૃદ્ધિ માટે સ્ત્રીએ રોજ સવારે અને સાંજે યજ્ઞ કરવો જોઈએ.[૪] ઋગ્વેદના જ અન્ય મંત્ર પ્રમાણે અપાલા આત્રેયીએ સ્નાન કરીને પાછા ફરતી વખતે સોમ વનસ્પતિની એક ડાળ તોડી હતી અને યજ્ઞમાં ઈન્દ્રદેવને સમર્પિત કરી હતી.[૫] ઋગ્વેદમાં પત્નીએ તેના પતિની રક્ષા, ઈચ્છાપૂર્તિ અને દીર્ઘાયુ માટે સ્વતંત્રપણે અનુષ્ઠાન તથા પ્રાર્થનાઓ કરી હોય એવા ઉદાહરણો પણ જોવા મળે છે. એક વેદમંત્ર અનુસાર ઈન્દ્ર યુદ્ધમાં ગયા ત્યારે તેમની રક્ષા માટે ઈન્દ્રાણીએ યજ્ઞ[૬] કર્યો હતો. બીજા વેદમંત્ર પ્રમાણે પુરુકુત્સની પત્નીએ આહુતિઓ તથા પ્રાર્થનાઓથી[૭] દેવોને પ્રસન્ન કર્યા હતા. ત્રીજા વેદમંત્ર મુજબ ધાન્ય અને ધાણીની આહુતિ[૮] આપીને પત્નીએ ઈશ્વરને પ્રાર્થના કરી હતી કે, મારો પતિ દીર્ઘાયુ બનીને સો વર્ષનું આયુષ્ય પ્રાપ્ત કરે... આ ઉદાહરણો પરથી પુરવાર થાય છે કે વેદકાલીન સ્ત્રીઓને યજ્ઞ કરવાનો અધિકાર હતો અને તેમનો ધાર્મિક દરજ્જો પણ ઊંચો હતો.

'વેદકાલીન સ્ત્રીઓનો ધાર્મિક દરજ્જો ઊંચો હતો કારણ કે તે બધા જ ધાર્મિક અધિકારો અને વિશેષાધિકારો ભોગવતી...' ડૉ. કમલાએ 'ઋગ્વેદ મેં નારી'માં આ શબ્દો નોંધ્યા છે. તેમણે લખ્યું છે કે, 'વૈદિક ભારતમાં સ્ત્રીઓ વિવિધ પ્રકારનું શિક્ષણ પ્રાપ્ત કરીને વિદુષી બનતી. આધ્યાત્મિક અને ધાર્મિક ક્ષેત્રમાં પણ તેઓ પુરુષોની સમકક્ષ હતી. ઘોષા કાક્ષીવતી, અપાલા આત્રેયી, વિશ્વવારા, આત્રેયી અને લોપામુદ્રા જેવી સ્ત્રીઓએ વેદમંત્રોની રચના કરી હતી. એટલે ધાર્મિક ક્ષેત્રમાં તેમનો અધિકાર આપોઆપ સિદ્ધ થાય છે. એટલે જ વેદમંત્રોમાં સ્ત્રીને યજ્ઞ ધારણ કરનારી

કહી છે. તથા વીતિહોત્રાની ઉપમા દ્વારા સ્ત્રીને યજ્ઞ કરનારી અથવા યજ્ઞ સાથે પ્રેમ કરનારી કહી છે!'[૯]

વૈદિક સ્ત્રીને માટે વીતિહોત્રાની જેમ જ ચતુષ્કપર્દાની ઉપમા પણ પ્રયોજવામાં આવી છે. ચતુષ્કપર્દાનો અર્થ છે યજ્ઞીય વેદીના નિર્માણમાં કુશળ નારી.[૧૦] આ શબ્દપ્રયોગ પરથી પુરવાર થાય છે કે વેદકાલીન સ્ત્રી યજ્ઞના તમામ અવયવો અંગે પરિચિત હતી. તથા યજ્ઞ કરવાનો અને કરાવવાનો અધિકાર તેને જન્મથી જ પ્રાપ્ત હતો. આ સંદર્ભમાં ડૉ. માલતી શર્માએ નોંધ્યું છે કે, 'ચારેય વેદમાં યજ્ઞનું મહત્ત્વ દર્શાવ્યું છે. તેના પરથી સ્પષ્ટ થાય છે કે તે સમયે ઘરઘરમાં યજ્ઞનું પ્રચલન હતું. વેદગ્રંથોમાં પ્રયોજાયેલો પંચજનાઃ શબ્દ એ બાબત પ્રત્યે નિર્દેશ કરે છે કે યજ્ઞ કરવાનો અધિકાર સહુ કોઈને હતો. તેથી સ્ત્રીને યજ્ઞના અધિકારથી વંચિત રાખવાનો પ્રશ્ન જ ઊઠતો નથી.'[૧૧]

વેદકાલીન સ્ત્રીને યજ્ઞના અધિકારથી વંચિત ન રાખવા પાછળ બીજું એક કારણ પણ જવાબદાર હતું. એ વિશે 'ધ પોઝીશન ઑફ વુમન ઇન હિન્દુ સિવિલાઈઝેશન'માં ડૉ. એ.એસ. અલ્તેકરે નોંધ્યું છે કે, 'વેદકાળમાં મંદિર કે મૂર્તિપૂજાનું પ્રચલન નહોતું. ભજનો ગાઈને ભગવાનને ભજતા ભક્તિ સંપ્રદાયનું પણ અસ્તિત્વ નહોતું. માત્ર આહુતિ આપવાનું પ્રચલિત હતું. દિવ્ય શક્તિની પૂજાઅર્ચના માટે આહુતિ જ અપાતી. તેથી સ્ત્રીને તેનો ઇનકાર નહોતો. કારણ કે તેના ઉપનયન સંસ્કાર થતા. પછી તે વૈદિક અભ્યાસ કરતી. તેથી પૂજાઅર્ચના પણ કરી શકતી. વળી વૈદિક ધર્મ માટે વિરક્તિ કે ત્યાગ નહીં પણ લગ્ન આદર્શ હતા. તેથી સ્ત્રી ધર્મના માર્ગમાં અડચણરૂપ નહોતી. પૂરક હતી. ધાર્મિક ક્રિયાકાંડોમાં તેની ઉપસ્થિતિ અને સહયોગ અત્યંત જરૂરી હતા. એથી પણ સ્ત્રીને યજ્ઞ કરવાનો અધિકાર પ્રાપ્ત થયો હતો.'[૧૨]

વેદકાળમાં સ્ત્રીને યજ્ઞનો અધિકાર પ્રાપ્ત થયો હતો અને તે પોતાના આ અધિકાર માટે જાગૃત પણ હતી. એટલે જ પાણિગ્રહણ સમયે પતિ સમક્ષ પોતાના ધાર્મિક કાર્યો સાથે અન્ય અધિકારોની માંગ કરતાં તે કહે છે કે, 'આપ યજ્ઞ, દાન, વ્યવસાય અને અન્ય સામાજિક કામોમાં મને સહયોગી સમજવા અને મારી સંમતિનો આદર કરવાનું વચન આપો તો હું આપની પત્ની બનવા તત્પર છું!'[૧૩]

વૈદિક સ્ત્રી પત્ની બને એટલે આપોઆપ યજ્ઞમાં પતિની ભાગીદાર બની જતી. ડૉ. સવિતા વિશ્નોઈના મતે પત્ની શબ્દ આ ભાગીદારીનું સૂચક છે. કારણ કે પત્ની સહધર્મિણી હતી. દુન્યવી અને આધ્યાત્મિક રીતે પતિપત્ની એક ગણાતા. અને પત્નીનો સાથ ન હોય તો પતિ આધ્યાત્મિક રીતે અધૂરો ગણાતો.[૧૪] પ્રા. ઈન્દ્રના કહેવા પ્રમાણે પતિપત્ની સાથે મળીને આધ્યાત્મિક ઋણ ચૂકવતાં. એકમેકને સહાય કરતા. પરસ્પર સુખદુઃખ વહેંચતાં. પતિપત્ની એક જ દેહ અને એક જ આત્મા ગણાતાં હોવાના કારણે તમામ કામ સાથે કરતા. કોઈ પણ ધાર્મિક કાર્ય બન્ને સાથે સંપન્ન ન કરે ત્યાં સુધી અધૂરું ગણાતું.[૧૫] પૂજાઅર્ચનામાં પત્નીનું પતિની સાથે હોવું જરૂરી હતું. દેવતાઓ આહુતિ સ્વીકારવા સજોડે આવતા એટલે પતિપત્નીએ સાથે યજ્ઞ કરવો જરૂરી હતું.[૧૬]

વેદગ્રંથોમાં પતિ અને પત્ની સજોડે યજ્ઞ-હોમહવન કરતા એવા કેટલાક સંદર્ભો જોવા મળે છે. એક વેદમંત્ર અનુસાર, જે રીતે પત્ની યજ્ઞમાં પતિની અનુગામિની થાય છે એ રીતે ઈન્દ્રદેવ પણ પોતાની અનુગામિની રાણીને યજ્ઞમાં લઈ જાય છે.[૧૭] બીજા વેદમંત્રમાં એવું કહેવાયું છે કે જે પુરુષ પોતાની પત્નીને યજ્ઞ વગેરે સત્કર્મોમાં જોડે છે તેમને તેમની સ્ત્રીઓ સુખ અને સહયોગ આપે છે.[૧૮] ત્રીજા વેદમંત્રમાં અગ્નિની ઉપાસના કરતાં વૃદ્ધ થયેલા દંપતીનો[૧૯] ઉલ્લેખ કરાયો છે. આ ઉપરાંત વૈદિક મંત્રોમાં એવા સંદર્ભો પણ જોવા મળે છે કે નિયમિત રીતે યજ્ઞ કરતાં દંપતીએ ક્યારેય અન્નથી વિમુખ થવું પડતું નથી,[૨૦] તેઓ મહાન પ્રતિષ્ઠા મેળવે છે,[૨૧] સોનાનાં આભૂષણોથી યુક્ત થઈને સંતાનો સાથે આનંદપૂર્વક જીવન પસાર કરે છે.[૨૨] અને ગાયો તથા ઘેટાં જેવા પશુઓથી સમૃદ્ધ થઈને અમરત્વ[૨૩] પ્રાપ્ત કરે છે!

આ વેદમંત્રો પરથી પુરવાર થાય છે કે પતિપત્નીને હોમહવનના સમાન અધિકાર હતા. પત્ની પતિની સમકક્ષ ધાર્મિક દરજ્જો ભોગવતી હતી. પત્ની જ હોમહવન માટેની તૈયારી કરતી. પવિત્ર ચોખા રાંધતી, જે પશુનો બલિ ચડાવવાનો હોય તેને સ્નાન કરાવતી,

યજ્ઞની વેદીનું નિર્માણ કરતી, અગ્નિમાં આહુતિ આપતી અને કેટલાક મંત્રોચ્ચાર કરતી.[૨૪] કેટલાક ધાર્મિક પ્રસંગમાં પતિની જેમ પત્નીએ પણ ઉપનયન ધારણ કરવું પડતું.[૨૫] આમ પારિવારિક યજ્ઞ અને હવન ક્રિયાઓમાં પત્નીનું સ્થાન અત્યંત મહત્ત્વનું હતું. એટલે જ વેદગ્રંથોમાં પત્નીને આદેશ આપવામાં આવ્યો છે કે તે યજ્ઞમાં સર્વપ્રથમ પહોંચે[૨૬] અને યજ્ઞકાર્યમાં આગળ રહે...

આ વૈદિક મંત્ર પરથી એવો નિર્દેશ મળે છે કે ધાર્મિક દૃષ્ટિએ પતિ કરતાં પત્નીનો દરજ્જો વધુ ઊંચો હતો. એ વાતમાં વજૂદ પણ છે. કારણ કે ઘરમાં અખંડ દીવો રાખવાની જવાબદારી પત્નીની હતી. ગાર્હપત્ય તરીકે ઓળખાતા આ અગ્નિનો ઉપયોગ પૂજાઅર્ચના અને હોમહવન માટે વારંવાર કરવો પડતો. તેથી તેને સતત પ્રજ્વલિત રાખવો પડતો.[૨૭] અને એ જવાબદારી એકલી પત્નીની હતી. એથી સ્વાભાવિક જ તેનો ધાર્મિક દરજ્જો વધુ ઊંચો હતો. ડૉ. લીલા સમતાની વધુ એક કારણ જણાવતાં કહે છેઃ 'વૈદિક પત્ની પતિ કરતાં ઊંચો ધાર્મિક દરજ્જો ભોગવતી કારણ કે પુરુષ એકલો હવન કરી શકતો નહીં, પરંતુ પતિની ગેરહાજરીમાં એકલી હવન કરી શકતી.'[૨૮]

વૈદિક પત્નીએ પતિની ગેરહાજરીમાં સ્વતંત્ર રીતે યજ્ઞ કર્યા હયો એવા કેટલાક સંદર્ભો વેદગ્રંથોમાં જોવા મળે છે. એ વિશે શિવકુમાર ગુપ્તે નોંધ્યું છે કે, 'યાત્રાને કારણે પતિ ઘરથી દૂર હોય તો પત્નીને એવા યજ્ઞ કરવાના અધિકાર હતા જે પતિ અને પત્ની દ્વારા સામૂહિક રીતે કરાતા હતા. એક મંત્રમાં ઈન્દ્રાણી ગર્વથી કહે છે કે તેણે કેટલાક નવા કર્મકાંડ શરૂ કર્યા છે. તેથી માની શકાય કે વૈદિક કર્મકાંડોના વિકાસમાં બ્રહ્મજ્ઞાની સ્ત્રીઓનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું હશે. ઉપરાંત કેટલાક કર્મકાંડ એવા હતા જે માત્ર સ્ત્રીઓ જ કરી શકતી. પાક સારો થાય તે માટે કરાતો યજ્ઞ, પશુઓની સંપન્નતા માટેનો રુદ્રબલી યજ્ઞ અને કન્યાઓને વિવાહમાં શુભકામના આપવા માટેનો રુદ્રયાગ યજ્ઞ માત્ર ને માત્ર સ્ત્રીઓ જ કરી શકતી હતી!'[૨૯]

આ ઉદાહરણો પરથી એમ કહી શકાય કે, વેદકાળમાં સાચા અર્થમાં સ્ત્રી સશક્તિકરણ પ્રવર્તમાન હતું!

**સંદર્ભઃ**

૧. संहोत्रं स्म पुरा नारी समनं वाव गच्छति । ઋગ્વેદ ૧૦.૮૬.૧૦

- પ્રાચીન કાળથી જ સ્ત્રીઓ સામૂહિક યજ્ઞો, યુદ્ધો તથા ઉત્સવોમાં જાય છે.

૨. વેદોંમેં નારી, ડૉ. કપિલદેવ દ્વિવેદી, ડૉ. ભારતેન્દુ દ્વિવેદી, પૃ. ૧૦૬.

૩. एति प्राची विश्ववारा नमोभिर्देवाँ ईळाना हविषा घृताची । ઋગ્વેદ ૫.૨૮.૧

- ઈન્દ્રાદિ દેવોનું સ્તવન કરતી પુરોડાશ અને ઘૃતાદિથી યુક્ત સ્રુક્ને લઈને વિશ્વવારા પૂર્વ તરફ જોતી અગ્નિભણી આગળ વધે છે.

૪. उप यमेति युवतिः सुदक्षं दोषा वस्तोर्हविष्मती घृताची ।
उप स्वैनभरमतिर्वसूयुः ॥ ઋગ્વેદ ૭.૧.૬

- અત્યંત શક્તિશાળી આ અગ્નિ પાસે હવ્ય અને ઘૃત સાથે આ યુવતી સવારે અને સાંજે જાય છે. ધનની ઇચ્છુક આ સ્ત્રી સ્વયં આ અગ્નિ પાસે જા યછે.

૫. कन्या वारवायती सोममपि स्रुताविदत् ।
अस्तं भरन्त्यब्रवीदिन्द्राय सुनवै त्वा शक्राय सुनवै त्वा ॥ ઋગ્વેદ ૮.૯૧.૧

- જળ તરફ ઉન્મુખ કન્યા માર્ગમાં સોમ મેળવે છે. ઘેર પાછા ફરતાં તે કહે છે, તમને હું ઈન્દ્ર તથા શક્ર માટે પ્રયુક્ત કરીશ.

૬. यदा समर्यं व्यचेदृघावा दीर्घं यदाजिमभ्यख्यदर्यः ।
अचिक्रदद् वृषणं पत्न्यच्छा दुरोण आ निशितं सोमसुद्भिः ॥ ઋગ્વેદ ૪.૨૪.૮

- જ્યારે શત્રુઓનો સંહાર કરનારા ઈન્દ્રદેવ મોટા યુદ્ધમાં હાજર રહે છે ત્યારે તેમનાં પત્ની સોમ નીચોવનારાઓ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવેલા તથા કામનાઓની વર્ષા કરનારા ઈન્દ્રદેવના યશનું વર્ણન કરે છે.

૭. पुरुकुत्सानी हि वामदाशद्धव्येभिरिन्द्रावरुणा नमोभिः । ઋગ્વેદ ૪.૪૨.૯

- હે ઈન્દ્રવરુણો, ઋષિઓ દ્વારા પ્રેરણા અપતાં પુરુકુત્સની સ્ત્રીએ આપને આહુતિઓ તથા પ્રાર્થનાઓથી પ્રસન્ન કર્યા હતા.

૮. इयं नार्युप ब्रूते पलयान्यावपन्तिका ।

दीर्घायुरस्तु मे पतिर्जीवाति शरदः शतम् ॥ અથર્વવેદ ૧૪.૨.૬૩

- ધાન્ય અને ધાણીની આહુતિ આપતી આ નારી ઈશ્વરને પ્રાર્થના કરે છે કે મારો પતિ દીર્ઘાયુ બનીને સો વર્ષ જીવે.

૯. ઋગ્વેદમેં નારી, ડૉ. કમલા, પૃ. ૮૯.

૧૦. વૈદિક સંહિતાઓં મેં નારી, ડૉ. માલતી શર્મા, પૃ. ૧૮૭.

૧૧. એજન, પૃ. ૧૯૦.

૧૨. ધ પોઝીશન ઑફ વુમન ઈન હિન્દુ સિવિલાઈઝેશન, ડૉ. એ.એસ. અલ્તેકર, પૃ. ૧૯૬.

૧૩. વૈદિક સંહિતાઓં મેં નારી, પૃ. ૧૭૪.

૧૪. ઈકોનોમિક સ્ટેટસ ઑફ વુમન ઈન એન્શિયન્ટ ઈન્ડિયા, ડૉ. સવિતા વિશ્નોઈ.

૧૫. ધ સ્ટેટસ ઑફ વુમન ઈન એન્શિયન્ટ ઈન્ડિયા, પૃ. ૧૨૨.

૧૬. સ્ટેટસ ઑફ વુમન ઈન વૈદિક ટાઈમ્સ, ડૉ. લીલા સમતાની, પૃ. ૧૪૨.

૧૭. वधूरियं पति मिच्छन्त्येति य ईँ वहाते महिषीमिषिराम् । ઋગ્વેદ ૫.૩૭.૩

- જે રીતે શ્રેષ્ઠ કામનાઓ કરતી પત્ની યજ્ઞમાં પતિની અનુગામિની થાય છે એ રીતે ઈન્દ્રદેવ પણ પોતાની અનુગામિની રાણીને યજ્ઞમાં લઈ જાય છે.

૧૮. जीवं रुदन्ति व नयन्त्यध्वरं दीर्धामनु प्रसितिं दीध्युर्नरः । वामं पितृभ्यो य इदंसमीरिरे मयः पतिभ्यो जनये परिष्वजे ॥ અથર્વવેદ ૧૪.૧.૪૬

- જે પુરુષો પોતાની પત્નીઓના જીવનરક્ષણ માટે રુદન કરે છે, તેમને યજ્ઞ વગેરે સત્કર્મોમાં જોડે છે, ગર્ભાધાન વગેરે સંસ્કારોથી સંતાનોત્પત્તિ કરીને પિતૃયજ્ઞમાં નિયુક્ત કરે છે, તેમની સ્ત્રીઓ તેમને સુખ અને સહયોગ આપે છે.

૧૯. बृहद्वयो बृहते तुभ्यमगने धियाजुरो मिथुनासः सचन्त । ઋગ્વેદ ૫.૪૩.૧૫

- હે અગ્નિદેવ, આપ અત્યંત મહાન સ્વરૂપવાળા છો. આપની સ્તુતિ કરતાં ઘડપણને પ્રાપ્ત આ દંપતી એકસાથે આપને વિપુલ અન્ન આપતાં રહ્યાં છે.

૨૦. प्रति प्राशव्याँ इतः समयञ्चा बर्हिराशाते । न ता वाजेषु वायतः ।. ઋગ્વેદ ૮.૩૧.૬

- એ સમાન વિચારવાળાં દંપતી યજ્ઞ કરે છે, હંમેશાં પોષક આહાર પ્રાપ્ત કરે છે. એને ક્યારેય અન્નથી વિમુખ થવું પડતું નથી.

૨૧. न देवानामपि हुतः सुमति न जुगुक्षतः । श्रवो बृहद्विवासतः ॥ ઋગ્વેદ ૮.૩૧.૭

- એ દંપતી દેવોની ઉપેક્ષા કરતાંનથી, ન તો પોતાનો વિવેક ખોવે છે તેથી એ મહાન કીર્તિનું વરણ કરે છે.

૨૨. पुत्रिणा ता कुमारिणा विश्वमायुर्व्यश्नुः उबा हिरण्यपेशसा ॥ ઋગ્વેદ ૮.૩૧.૮

- એ બન્ને સોનાનાં આભૂષણોથી યુક્ત થઈને, સંતાનોની સાથે હર્ષ પામતાં પૂર્ણ આયુષ્યને પ્રાપ્ત કરે છે.

૨૩. वीतिहोत्रा कृतद्वस् दृशस्यन्तामृताय कम् । समूधो रोशमं हतो देवेषु कृणतो दुवः ॥ ઋગ્વેદ ૮.૩૧.૯

- દરરોજ દેવતાઓની પ્રાર્થના કરનારા એ દંપતી ઐશ્વર્ય અને હર્ષપ્રદાયક અન્નનું દાન કરે છે. એ ગાયો, ઘેટાં વગેરે પશુઓથી સમૃદ્ધ બનીને, દેવોની ઉપાસના કરીને, અમરત્વને પ્રાપ્ત કરે છે.

૨૪. સ્ટેટસ ઑફ વુમન ઈન વૈદિક ટાઈમ્સ, પૃ. ૬૭.

૨૫. પ્રાચીન ભારત કા સામાજિક ઈતિહાસ, શિવકુમાર ગુપ્ત (સં.), પૃ. ૭૬.

૨૬. अनश्रवोऽनमीवाः सुरत्ना आ रोहन्तु जनयो योनिमग्ने । ઋગ્વેદ ૧૦.૧૮.૭

- શોકરહિત, નીરોગ અને સુંદર રત્નોથી યુક્ત આ પત્નીઓ પ્રથમ યજ્ઞશાળામાં પ્રવેશ કરે.

૨૭. વુમન ઈન ઋગ્વેદ, ડૉ. ભગવત સરણ ઉપાધ્યાય, પૃ. ૧૪૦.

૨૮. સ્ટેટસ ઑફ વુમન ઈન વૈદિક ટાઈમ્સ, પૃ. ૬૭.

૨૯. પ્રાચીન ભારત કા સામાજિક ઈતિહાસ, પૃ. ૭૬,૭૮.

(ક્રમશઃ)

(સીવીએમ બંગલો-૧૧, ગો.જો. શારદા મંદિર સામે, ભાઈકાકા સ્ટેચ્યૂ પાસે, વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦, જિ. આણંદ. મો.: ૯૮૯૮૦૭૦૨૦૫)

// રમતજગત //

# સદીની સદીનો શહેનશાહઃ સચિન તેંડુલકર

**પી. ડી. શર્મા**



૧૬ માર્ચ, ૨૦૧૨નો દિવસ ભારતીય ક્રિકેટ જગતમાં 'સુવર્ણ દિવસ' તરીકે ગણી શકાય. કારણ કે આ દિવસે સદીના શહેનશાહ સચિન તેંડુલકરે 'સતકોની સદી' કરી ભારતનું નામ વિશ્વના રમતના ઈતિહાસમાં સર્વોચ્ચ સ્થાને પહોંચાડ્યું હતું. આજે ક્રિકેટના મોટાભાગના રેકોર્ડ્સ તેના નામે થઈ ચૂક્યા છે અને આ રેકોર્ડોની નજીક પહોંચવું પણ અશક્ય લાગે છે. તેંડુલકર ૯૯મી આંતરરાષ્ટ્રીય સદી ૧૨ માર્ચ, ૨૦૧૧ના રોજ સાઉથ આફ્રિકા સામે નાગપુરમાં રમાયેલી વન-ડેમાં ફટકારી હતી. તે પછી ૩૩ ઈનિંગ બાદ તે ૧૦૦મી સદી પર પહોંચ્યો હતો.

## સામાન્ય કુટુંબમાં જન્મ

સચિન તેંડુલકરનો જન્મ ૨૫ એપ્રિલ ૧૯૭૩ના રોજ મુંબઈમાં થયો હતો. નાનપણથી તેઓને ક્રિકેટમાં ખૂબ જ રસ હતો. ૧૯૮૮માં જ્યારે તેઓ દાદરમાં આવેલા શારદાશ્રમ સ્કૂલમાં ભણતા હતા ત્યારે તેઓએ વિનોદ કામ્બલી સાથે મળીને ૬૪૪ રન બનાવ્યા હતા અને આ બંને ખેલાડીઓ ક્રિકેટના પ્રશિક્ષક આચરેકરસાહેબના શિષ્યો હતા. ક્રિકેટમાં સારો દેખાવ હોવાને કારણે નવેમ્બર ૧૫, ૧૯૮૯ના રોજ કરાચી મુકામે પાકિસ્તાન સામે ૧૬ વર્ષ અને ૨૦૬ દિવસના તેંડુલકરે ભારત તરફથી 'ટેસ્ટ કેપ' પહેરી હતી અને સચિન એને પોતાના જીવનની સૌથી ગૌરવપૂર્ણ પળ માને છે.

## રાજ્યસભા માટે નોમિનેશન

તાજેતરમાં જ ભારતના રાષ્ટ્રપતિ પ્રતિભા પાટિલે સચિન તેંડુલકરને રાજ્યસભા માટે નોમિનેટ કર્યા છે. આ જાતનું સન્મામ પ્રાપ્ત કરનાર તેઓ ભારતના પ્રથમ ક્રિકેટર છે. રાજ્યસભાના સભ્ય તરીકે સચિન કેટલા સફળ થશે એ તો ભવિષ્ય બતાવશે. પરંતુ આ જાતનું નોમિનેશન સમગ્ર ભારતીય ક્રિકેટ માટે ગૌરવની વાત ગણાય.

## પ્રત્યેક દેશ સામે સદી

સચિન તેંડુલકરે પ્રત્યેક દેશ સામે સદી કરી છે અને સૌથી વધારે સદી ઓસ્ટ્રેલિયા સામે કરી છે. સચિને જે ૧૦૦મી સદી કરી હતી તે બાંગ્લાદેશ સામે વન-ડેની પ્રથમ સદી હતી. ઓસ્ટ્રેલિયા પછી સચિને સૌથી વધારે સદી શ્રીલંકા સામે કરી છે અને ત્યારબાદ સાઉથ આફ્રિકા સામે કરી છે. વધુ વિગત માટે જુઓ ટેબલ-૧

**ટેબલ-૧ઃ તેંડુલકરની પ્રત્યેક દેશ સામે કરેલી સદી**

| દેશ | ટેસ્ટ સદી | વન-ડે સદી | કુલ |
|---|---|---|---|
| ઓસ્ટ્રેલિયા | ૧૧ | ૦૯ | ૨૦ |
| શ્રીલંકા | ૦૯ | ૦૮ | ૧૭ |
| સાઉથ આફ્રિકા | ૦૭ | ૦૫ | ૧૨ |
| ઈંગ્લેન્ડ | ૦૭ | ૦૨ | ૦૯ |
| ન્યુઝીલેન્ડ | ૦૪ | ૦૫ | ૦૯ |
| ઝિમ્બાબ્વે | ૦૩ | ૦૫ | ૦૮ |
| વેસ્ટ ઈન્ડિઝ | ૦૩ | ૦૪ | ૦૭ |
| પાકિસ્તાન | ૦૨ | ૦૫ | ૦૭ |
| બાંગ્લાદેશ | ૦૫ | ૦૧ | ૦૬ |
| કેન્યા | – | ૦૫ | ૦૫ |
| નામિબિયા | – | ૦૧ | ૦૧ |
| કુલ | ૫૧ | ૪૯ | ૧૦૦ |

## તમામ ફોર્મેટમાં શ્રેષ્ઠ દેખાવ

હાલમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં તમામ ફોર્મેટમાં વિશ્વમાં સૌથી શ્રેષ્ઠ દેખાવ સચિન તેંડુલકરનો છે. અત્યાર સુધીમાં તેઓએ ૬૫૧ મેચો, ૭૬૩ ઈનિંગ, ૩૩,૮૫૪ રન, ૧૬૦ અર્ધ સદી અને ૧૦૦ સદી કરીને 'ન ભૂતો ન ભવિષ્યતિ'ની સિદ્ધિ મેળવી છે. આ ફોર્મેટની દૃષ્ટિએ સચિન પછી બીજા નંબરે ઓસ્ટ્રેલિયાના રિકી પોન્ટિંગ અને ત્રીજા નંબરે સાઉથ આફ્રિકાના કાલીસ આવે છે, પરંતુ આ સિદ્ધિઓ વચ્ચે એટલું અંતર છે કે તેંડુલકરની સિદ્ધિઓને આધારે આજે તેઓ વિશ્વનો મહાનતમ અને ઓલટાઈમ ગ્રેટ બેટ્સમેન ગણાય છે. (જુઓ ટેબલ-૨)

**ટેબલ-૨: આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં તમામ ફોર્મેટમાં શ્રેષ્ઠ દેખવા કરનાર ખેલાડીઓ**

| બેટ્સમેન | દેશ | મેચ | ઈનિંગ | રન | ૫૦ | ૧૦૦ |
|---|---|---|---|---|---|---|
| સચિન તેંડુલકર | ભારત | ૬૫૧ | ૭૬૩ | ૩૩,૮૫૪ | ૧૬૦ | ૧૦૦ |
| રિકી પોન્ટીંગ | ઓસ્ટ્રેલિયા | ૫૫૪ | ૬૫૭ | ૨૭,૩૦૫ | ૧૪૫ | ૭૧ |
| કાલીસ | દ. આફ્રિકા | ૪૮૮ | ૫૭૯ | ૨૪,૩૮૩ | ૧૪૪ | ૫૯ |

**માઈલસ્ટોન સદીઓ**

તેંડુલકરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૧૦૦મી સદી ફટકારવાની જે સિદ્ધિ મેળવી છે તે ખરેખર આશ્ચર્યચકિત કરી દે તેવી છે. ઘણાં બેટ્સમેનો એક સદી ફકટારવા માટે તરસી જતાં હોય છે, ત્યારે તેંડુલકરની આ સિદ્ધિ તેની એકાગ્રતા, સતત ઝઝૂમવાનો જુસ્સો અને પોઝિટિવ એપ્રોચને દર્શાવવા માટે પૂરતી છે. સચિનની આંતરરાષ્ટ્રીય ક્રિકેટની માઈલસ્ટોન સદીઓની વિગત ખૂબ જ રસપ્રદ છે. સચિને ૧૫ ઓગસ્ટ, ૧૯૯૦ના રોજ ઈંગ્લેન્ડ સામે માન્ચેસ્ટર મુકામે ૧લી સદી કરી હતી. સચિને સતત ૨૩ વર્ષ સુધી શ્રેષ્ઠ દેખાવ કરીને ૧૬મી માર્ચ, ૨૦૧૨ના રોજ અકલ્પનીય ૧૦૦મી સદી કરી હતી. (જુઓ ટેબલ-૩)

**ટેબલ-૩: તેંડુલકરની આંતરરાષ્ટ્રીય ક્રિકેટની માઈલસ્ટોન સદીઓ**

| સદી | સ્કોર | હરીફ દેશ | સ્થળ | તારીખ |
|---|---|---|---|---|
| ૧લી | ૧૧૯* | ઈંગ્લેન્ડ | માન્ચેસ્ટર | ૧૪-૦૮-૧૯૯૦ |
| ૫મી | ૧૬૫ | ઈંગ્લેન્ડ | ચેન્નાઈ | ૧૨-૦૨-૧૯૯૩ |
| ૧૦મી | ૧૦૫ | વેસ્ટ ઈન્ડિઝ | જયપુર | ૧૧-૧૧-૧૯૯૪ |
| ૧૫મી | ૧૦૦ | પાકિસ્તાન | સિંગાપોર | ૦૫-૦૪-૧૯૯૬ |
| ૨૦મી | ૧૧૪ | સાઉથ આફ્રિકા | મુંબઈ | ૧૪-૧૨-૧૯૯૬ |
| ૨૫મી | ૧૩૯ | શ્રીલંકા | કોલંબો | ૧૧-૦૮-૧૯૯૭ |
| ૩૦મી | ૧૪૩ | ઓસ્ટ્રેલિયા | શારજાહ | ૨૨-૦૪-૧૯૯૮ |
| ૩૫મી | ૧૪૧ | ઓસ્ટ્રેલિયા | ઢાકા | ૨૮-૧૦-૧૯૯૮ |
| ૪૦મી | ૧૨૪* | શ્રીલંકા | કોલંબો | ૨૬-૦૨-૧૯૯૯ |
| ૪૫મી | ૧૮૬* | ન્યૂઝીલેન્ડ | હૈદ્રાબાદ | ૦૮-૧૧-૧૯૯૯ |
| ૫૦મી | ૨૦૧* | ઝિમ્બાબ્વે | નાગપુર | ૨૬-૧૧-૨૦૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૫૫મી | ૧૦૧ | સાઉથ આફ્રિકા | જોહનિસબર્ગ | ૦૫-૧૦-૨૦૦૧ |
| ૬૦મી | ૧૧૭ | વેસ્ટ ઈન્ડિઝ | પોર્ટ ઑફ સ્પેન | ૨૦-૦૪-૨૦૦૨ |
| ૬૫મી | ૧૫૨ | નામિબિયા | પીટર મોરિત્ઝબર્ગ | ૨૩-૦૨-૨૦૦૩ |
| ૭૦મી | ૧૯૪* | પાકિસ્તાન | મુલતાન | ૨૯-૦૩-૨૦૦૪ |
| ૭૫મી | ૧૪૧* | વેસ્ટ ઈન્ડિઝ | કુઆલાબુમ્પુર | ૧૪-૦૯-૨૦૦૬ |
| ૮૦મી | ૧૫૩ | ઓસ્ટ્રેલિયા | એડિલેડ | ૨૫-૦૧-૨૦૦૮ |
| ૮૫મી | ૧૬૦ | ન્યૂઝીલેન્ડ | હેમિલ્ટન | ૨૦-૦૩-૨૦૦૯ |
| ૯૦મી | ૧૪૩ | બાંગ્લાદેશ | મીરપુર | ૨૫-૦૧-૨૦૧૦ |
| ૯૫મી | ૨૧૪ | ઓસ્ટ્રેલિયા | બેંગ્લોર | ૧૧-૧૦-૨૦૧૦ |
| ૧૦૦મી | ૧૧૪ | બાંગ્લાદેશ | મીરપુર | ૧૬-૦૩-૨૦૧૨ |

### ૪૦માં વર્ષમાં પ્રવેશ

૨૫ એપ્રિલ એ સચિનનો જન્મદિવસ છે અને તે દિવસે તે આઈપીએલની મેચ માટે ચંદીગઢ મુકામે હતો અને ત્યાં એમની પત્ની અંજલિ તથા મુંબઈ ઈન્ડિયન્સ ટીમના સાથી ખેલાડીઓ સાથે તેઓએ ખૂબ જ સાદાઈથી જન્મદિવસની ઉજવણી કરી હતી. એમ તો ભારે જોશ અને ઉત્સાહ સાથે 'ક્રિકેટ ગોડ'ના બર્થ-ડેને દેશભરના ક્રિકેટ ચાહકોએ ઉજવ્યો હતો. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૧૦૦ સદી ફટકારવાની સિદ્ધિ પૂરી કર્યા બાદનો તેંડુલકરનો આ પ્રથમ જન્મદિવસ હોવા છતાં તેની ભવ્ય ઉજવણીનું આયોજન કરવાનું ખુદ તેંડુલકરે પસંદ કર્યું નહતું. આમ તેંડુલકર ૩૯ વર્ષ પૂરા કરી ૪૦માં વર્ષમાં પ્રવેશ્યો હતો.

### ૨૦૦ ટેસ્ટ રમવા માટે આગેકૂચ

અત્યાર સુધીમાં સચિન તેંડુલકર ૧૮૮ ટેસ્ટ મેચો રમી ચૂક્યો છે અને હવે તેનું લક્ષ્ય ૨૦૦ ટેસ્ટ રમવાનું છે. તેંડુલકર માટે તો તેણે નક્કી કરેલા લક્ષ્યને સિદ્ધ કરવાની પ્રેરણા જ પૂરતી હોય છે. દા.ત. સદીઓની સદી ફટકારવી તે તેના લક્ષ્યોમાંનું એક હતું. આશા રાખીએ કે તેઓ ૨૦૦ ટેસ્ટ રમવાનો રેકોર્ડ પ્રસ્થાપિત કરી એક અન્ય મહાન સિદ્ધિ પ્રાપ્ત કરે.

### ક્રિકેટમાંથી નિવૃત્તિ

ભારતના લેજન્ડરી બેટ્સમેન તેંડુલકરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૧૦૦મી સદીની 'મહાસિદ્ધિ' મેળવી લીધી છે અને ૨૩ વર્ષની શ્રેષ્ઠ કારકિર્દી પણ પૂર્ણ કરી છે એટલે તેઓ નિવૃત્તિ લેશે તેવી સામાન્ય સંભાવના હતી, પરંતુ સચિન હજુ પણ કારકિર્દી આગળ ધપાવવા માંગે છે અને તેઓએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે "મહાસિદ્ધિ પૂરી થતાં જ નિવૃત્તિ જાહેર કરું તેટલો સ્વાર્થી નથી. હું દેશની સેવા કરવા માંગું છું. હું અટકી જવાનો નથી માટે હજુ ઘણી લાંબી મજલ ખેડવાની છે." આ રીતે આ લેજન્ડરી ખેલાડી ભારત માટે ભવિષ્યમાં પણ રમવા માંગે છે અને હાલમાં નિવૃત્તિની કોઈ ઈચ્છા નથી.

સચિન તેંડુલકરની ૧૦૦મી સદી બદલ ભારતના રાષ્ટ્રપતિ, ભારતના વડાપ્રધાન તથા વિશ્વના શ્રેષ્ઠ ક્રિકેટ ખેલાડીઓ જેવા કે વિવયન રિચાર્ડ્સ, માર્ટિન ક્રો, એડમ ગિલક્રિસ્ટ, સુનિવ ગાવસ્કર, એન્ડ્રુ સ્ટ્રાઉસ, મેથ્યુ હેડન, જાવેદ મિયાંદાદ વગેરે તેમજ અમિતાભ બચ્ચન, લતા મંગેશકર જેવી મહાન વ્યક્તિઓએ સચિનને અભિનંદન પાઠવ્યા હતા. અંતે આ અમર ખેલાડીને કોટિ કોટિ વંદન તેમજ ભવિષ્યમાં એના કરતાં પણ વધુ શ્રેષ્ઠ દેખાવ કરવા માટે શુભેચ્છાઓ.

(બી-૧, સ્વીસ એવન્યુ, પટેલ કૉલોની,
માણેકબાગ હૉલ સામે, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦ ૦૧૫.
ફોનઃ (રહે.) ૦૭૯-૨૬૫૪૬૬૫૦. મો.: ૯૮૯૮૮૭૦૮૪૦)

*// પ્રસંગપરાગ //*

## સુધીર મુખરજી

ઑટોરિક્શા ડ્રાઈવર સુરેશ પ્રભુભાઈ બારૈયા જરા પણ નવરા પડે કે રિક્શામાં બેસી છાપુ અગર તો કોઈ ચોપડી વાંચવા લાગે. ક્યારેય ગપ્પાં ન મારે. જો રાતે ઉજાગરા થયા હોય તો રિક્શાની અંદર સૂઈને આરામ કરે...

છત્રીસ વરસના સુરેશભાઈના સ્વર્ગીય પિતા પણ રિક્શા ચલાવતા. દાદા ધરમસિંહ બારૈયા કડિયા કામ કરતા. વિદ્યાનગરના શરૂઆતના વર્ષોમાં તેમણે એક હજાર વારનો પ્લૉટ ખરીદેલો! સાવ પાણીના ભાવમાં. એ જમાનામાં સગવડ પ્રમાણે ધીમે ધીમે પૈસા આપવાના હતા... આજે એ પ્લૉટ પર સુરેશભાઈ, તેમના કાકા અને ભાઈઓનાં ઘર છે. સુરેશભાઈને દાદાનો ધંધો કડિયા કામ સારી પેઠે આવડે.

મૂળ સુરેન્દ્રનગર (સૌરાષ્ટ્ર). અવારનવાર ત્યાં જાય, સારા માઠા પ્રસંગે... સુરેશભાઈ પોતે તો વલ્લભ વિદ્યાનગરમાં જન્મેલા. ભણેલા આઈ.બી. પટેલ પ્રાઈમરી સ્કૂલ અને શાન્તાબેન ધર્મસિંહ દેસાઈ હાઈસ્કૂલમાં. સારા માર્ક્સ સાથે દસમું પાસ કરેલું. પૈસા કમાવાનું જરૂરી હોવાથી આગળ ન ભણ્યા અને કડિયા કામે લાગી ગયા. શું થાય?... વિદ્યાર્થી તરીકે એ તોફાની, પણ પકડાય નહીં ક્યારેય. કબડ્ડી અને ખોખો જેવી રમતોમાં પાવરધા. સુરેશભાઈ કાયમ તેમના શિક્ષક શ્રી શૈલેષભાઈ ઉપાધ્યાયને યાદ કરે. "એ સાહેબ સારું ભણાવે. મારે નહીં," એ કહે. ધ્રુવ અને શુભમ્‌ના પિતા. તેમની ઇચ્છા છે કે બંને ટેણિયાંને ખૂબ ભણાવશે. "અહીં તો ઘણી કૉલેજો છે. જે થવું હોય તે થવાય. એન્જિનિયર કે ડૉક્ટર. પ્રોફેસર પણ થવાય... બંને ભણવામાં હોશિયાર છે અને દક્ષિણામૂર્તિ હાઈસ્કૂલમાં ભણે છે. ભગવાનની મહેરબાની છે..."

સુરેશભાઈના ગ્રાહકો લગભગ કાયમી. વિશ્વાસુ માણસ તરીકે તેમની છાપ. કોઈ કારણસર એ ન આવી શકે તો બીજી ગોઠવણ કરી આપે જ. એમની ભાષામાં, 'સેટિંગ' કરે. બીજા રિક્શાવાળા – રમેશ અગર તો કિશનભાઈને મોકલેઃ "સાહેબ, રમેશ કે કિસનને મોકલું છું... ફિકર નહીં કરતા" અને થોડી વાર પછી મોબાઈલ ફોન પર ખાતરી કરે કે 'પેલો' આવ્યો છે કે નહીં. મૂળ વાત કે આપણી સગવડ સાચવે... બહેનોની હૉસ્ટેલની કોઈ વિદ્યાર્થિની અચાનક રાતે બીમાર પડે તો રેક્ટર સુરેશભાઈને જ ફોન કરીને બોલાવે. તે આખી રાત દવાખાને રોકાય. ભાડા બાબતે કચકચ ન કરે... "કશો વાંધો નથી" એ એમનો તકિયાકલામ. આપણે કહીએ "સુરેશભાઈ, પેલી દુકાને થોડી વાર રિક્શા ઊભી રાખજો" તો સુરેશભાઈ કહે, "કશો વાંધો નહીં." "બપોર પછી છ વાગે આવજો", "કશો વાંધો નહીં." "પાછા વળતાં કેળાં લેવાના છે", "કશો વાંધો નહીં."

એક મજેદાર વાત. સુરેશભાઈને આવવા માટે ફોન કરીએ તો જવાબ આપે, "હમણાં બે મિનિટમાં આવું છું. તમારા પડોશમાં નાના બજારમાં જ છું." ભલે એ આણંદ કે કરમસદમાં હોય... પણ આવે ચોક્કસ.

રમેશભાઈ મૂળે રબારી એટલે મિસ્ટર હૅન્ડસમ. હિન્દી વિષય સાથે એમ.એ. અને બી.એડ્. થયા. એમ.એ.માં સત્તાવન ટકા માર્ક્સ મેળવ્યા. પણ નોકરી મળી નહીં તેથી રિક્શા ફેરવે. ઠીક ઠીક કમાણી થાય.... "સ્કૂલમાં નોકરી મેળવવી હોય તો સ્કૂલને 'ડૉનેશન' (લાંચ) આપવું પડે... પછી તો શિક્ષક ગમે તેમ કરી પૈસા બનાવાની પાછળ જ પડે અને શિક્ષણ ખાડે જ જાય... બીજું શું થાય" એ એમની ફરિયાદ. આ ફરિયાદમાં તેમનો જાત અનુભવ બોલે છે. ત્રણ વખત આવું બનેલું.

રમેશભાઈને લગ્ન પ્રસંગમાં આમંત્રણો મળે તો એમાં છપાયેલો 'ટહુકો' ખાસ વાંચે. થોડા ટહુકા સાંભળીએઃ "પ્રેમથી આવનારને બહાના નથી હોતા, જિંદગીમાં હર ઘડી આવા ટાણા નથી હોતા, પોતાના હોય તેને તેડા નથી હોતા, આવા સંબંધના કદી છેડા નથી હોતા. હોં.... કે..." "આંખોની તમન્ના છે કે કાજલ બનીને આવજો, પગોની તમન્ના છે કે પાયલ બનીને આવજો, હાથોની તમન્ના છે કે કંગન બનીને આવજો અને અમારી તમન્ના છે કે અમારા મોંઘેરા મહેમાન બનીને આવજો..." – હેતલ, ભાવના, આનંદી, કિંજલ, સંજુ, ભયલુ. જાનુ... "આમ તો અમે નાના અને નાજુક કહેવાઈએ એટલે કંઈ કહેવાય નહીં, પણ પરણે છે અમારા વ્હાલા કાકા એટલે અમારાથી ચૂપ રહેવાય નહીં..." "કોયલ ટહુકારે મનના મલકારે ઊગતી ઉષાએ ડગલાંમાં દશવાર પગલાંમાં, પંદર વાર નયનમાં, નેવું વાર સપનામાં, સો વાર હૈયામાં, હજાર વાર આપને કહેવાનું કે અમાલા કાકાના લદનમાં જલુલ જલુલથી પધાલજો..."

(૧૮, માન સરોવર પાર્ક, વલ્લભ વિદ્યાનગર)

## ડૉ. એસ.જી. પટેલ લંડનમાં ડાયસ્પોરા સર્જકો સાથે

ચારુતર વિદ્યામંડળના માનદ સહમંત્રી ડૉ. એસ.જી. પટેલ તાજેતરમાં અમેરિકા-ઈંગ્લેન્ડનો પ્રવાસ પૂર્ણ કરી સેવામાં પુનઃ જોડાઈ ગયા છે. તેમના ઈંગ્લેન્ડના પ્રવાસ દરમિયાન લંડનથી પ્રકાશિત સાપ્તાહિક ગુજરાત સમાચારમાં 'આપણા અતિથિ ડૉ. શાંતિભાઈ જી. પટેલ'નું સન્માન કરવામાં આવ્યું હતું. તેના પરિણામ સ્વરૂપ વલ્લભ વિદ્યાનગર સ્થિત લંડનવાસીઓ સાથે મિલન કાર્યક્રમ યોજાયા હતા. તા. ૬-૫-૧૨ના રોજ જૈન સેન્ટર, લેસ્ટર મુકામે ગુજરાત, નવસારી જિલ્લાના આલીપોર ગામના વતની અને કવિશ્રી અદમ ટંકારવીની પ્રેરણાથી સુપ્રસિદ્ધ કવિ અહમદ યુસુફ લુણાત 'ગુલ'ની ડાયસ્પોરા કવિતા સંગ્રહ કે જેનું સંપાદન બ્રિટિશ-ગુજરાતી ડાયસ્પોરા સાહિત્યના એકત્રીકરણ, ચયન, મૂલ્યાંકન અને પ્રકાશન પ્રકલ્પના મુખ્ય સંશોધક ડૉ. બળવંત જાનીના અધ્યક્ષ સ્થાને યોજાયેલા કાવ્ય-સાહિત્યનો લોકાર્પણવિધિ ડૉ. શાંતિભાઈ પટેલના વરદ હસ્તે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે બળવંતભાઈએ કહ્યું હતું કે, "ગુજરાતી ગઝલ અને કવિતાને મુસ્લિમ ભાઈઓએ જીવતી રાખી છે. બ્રિટનમાં ૬૦ કવિઓ છે એમાં ૨૫ મુસ્લિમ કવિઓ અને શાયરો છે. દક્ષિણ ગુજરાતના આલીપોરનું નામ જેને શાતા આપે છે, હૂંફ આપે છે એ અહમદ ગુલની કવિતાઓમાં એના હૃદયની ઊંચાઈ માનવામાં ન આવે એવી હોય છે." આ પ્રસંગે ભારતી પંકજ ડાયસ્પોરાના પુસ્તક વિમોચનવિધિને 'મ્હોંજોણા' સાથે સરખાવતાં ઈમ્તિયાજ પટેલે કવિશ્રી પંકજભાઈને જણાવ્યું હતું કે તમે આજે જાહેરમાં ભારતીબેનની કવિતાનું મ્હોંજોણું કરાવો. એ સાથે કવિશ્રી પંકજભાઈ વોરાના વરદ હસ્તે ભારતીબેનના કાવ્ય સંગ્રહનું વિમોચન થયું હતું.

દર ગુરુવારે રાત્રે ૯.૦૦ કલાકે MATV Sky-793 પર પ્રસારિત થતા "CB LIVE SHOW"માં તા. ૧૦-૫-૧૨ના રોજ ગુજરાત સમાચાર (લંડન)ના મેનેજિંગ એડિટર શ્રીમતી કોકીલાબેન પટેલ સાથે ડૉ. શાંતિભાઈ પટેલનો શિક્ષણ અને વિદ્યાધામ વલ્લભ વિદ્યાનગર અને ચારુતર વિદ્યામંડળ વિશે વાર્તાલાપ યોજાયો હતો, તેનું પ્રસારણ સમગ્ર બ્રિટનમાં થાય છે.

## આઈ.બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલની વિદ્યાર્થિનીઓ અમેરિકા જવા પસંદગી પામી



રૂત્વિ ભાસ્કરભાઈ પટેલ
ધો. ૧૦



ચિન્મય રાજેશભાઈ પરીખ
ધો. ૧૦

ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈ.બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલની વિદ્યાર્થિનીઓ રૂત્વી ભાસ્કરભાઈ પટેલ તથા ચિન્મય રાજેશભાઈ પરીખ, કલ્ચરલ એક્સચેન્જ તથા સ્ટડી પ્રોગ્રામ અંતર્ગત અમેરિકા જવા પસંદગી પામી શાળા તથા મંડળનું ગૌરવ વધાર્યું છે. આ એ.એફ.એસ. (અમેરિકન ફિલ્ડ સર્વિસીસ) નામની સંસ્થા દ્વારા સંચાલિત સમગ્ર પ્રોગ્રામનો ખર્ચ અમેરિકન ગવર્મેન્ટ ઉપાડે છે.

આ વિદ્યાર્થિનીઓ યજમાન પરિવારમાં રહી ત્યાંની જ શાળામાં એક વર્ષ સુધી અભ્યાસ કરશે. આમ કરતાં તે ત્યાંના સમાજનો જ એક ભાગ બની દેશ-વિદેશથી આવેલા વિદ્યાર્થીઓ સાથે હળી મળી એકબીજાના સાંસ્કૃતિક અભિગમોનો અનુભવ કરી આંતરરાષ્ટ્રીય એકતા ઊભી કરવામાં મદદરૂપ થશે.

આ બંને વિદ્યાર્થિનીઓને ચારુતર વિદ્યામંડળના પદાધિકારીઓ, શાળાના આચાર્યશ્રી એમ.એસ. ખ્રિસ્તી, સુપરવાઈઝર શ્રી એમ.આર. સેવક તથા શિક્ષકગણ ખૂબ ખૂબ અભિનંદન પાઠવી હર્ષ અને આનંદની લાગણી અનુભવી રહ્યાં છે.

## ઍકેડેમિક સ્ટાફ કૉલેજ, વલ્લભ વિદ્યાનગર

શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન યુજીસી – ઍકેડેમિક સ્ટાફ કૉલેજ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરને યુજીસી તરફથી મળેલા વિવિધ કાર્યક્રમોનો લાભ લેવા માટે નિયામક ડૉ. નરેશ વેદે વિવિધ કૉલેજો-યુનિવર્સિટીઓના અધ્યાપકો અને શોધાર્થીઓને અનુરોધ કર્યો છે. એના વિવિધ કાર્યક્રમોની નોંધ નીચે મુજબ છે, પણ વધુ માહિતી માટે ઍકેડેમિક સ્ટાફ કૉલેજની વેબસાઈટ www.ascpu.orgની મુલાકાત લેવા જણાવાયું છે.

**ઓરિએન્ટેશન વર્ગો:**

૧. ૧૫મો ઓરિ. કાર્યક્રમ:
   ૨ જુલાઈ ૨૦૧૨થી ૨૯ જુલાઈ ૨૦૧૨

૨. ૧૬મો ઓરિ. કાર્યક્રમ:
   ૧૯ નવેમ્બર ૨૦૧૨થી ૧૬ ડિસેમ્બર ૨૦૧૨

૩. ૧૭મો ઓરિ. કાર્યક્રમ:
   ૧૭ ડિસેમ્બર ૨૦૧૨થી ૧૩ જાન્યુઆરી ૨૦૧૨

**રિફ્રેશર વર્ગો:**

૧. ૧૨મો: મેથેમેટિકલ સાયન્સીસ
   ૧૯ નવેમ્બરથી ૯ ડિસેમ્બર ૨૦૧૨

૨. ૧૩મો: લાઈબ્રેરી એન્ડ ઇન્ફોર્મેશન સાયંસીસ
   ૧૯ નવેમ્બરથી ૯ ડિસેમ્બર ૨૦૧૨

૩. ૧૪મો: લેંગ્વેજ એજ્યુકેશન
   ૧૯ ડિસેમ્બરથી ૯ ડિસેમ્બર ૨૦૧૨

૪. ૧૫મો: કમ્પેરેટિવ લિટરેચર
   ૧૯ નવેમ્બરથી ૯ ડિસેમ્બર ૨૦૧૨

૫. ૧૬મો: રિસર્ચ મેથોડોલોજી
   ૧૭ ડિસેમ્બરથી ૬ જાન્યુઆરી ૨૦૧૩

૬. ૧૭મો: એજ્યુકેશનલ ટેક્નોલૉજી
   ૧૬ જાન્યુઆરી ૨૦૧૩થી ૫ ફેબ્રુઆરી ૨૦૧૩

૭. ૧૮મો: નેચરલ સાયંસીસ
   ૬ ફેબ્રુઆરીથી ૨૬ ફેબ્રુઆરી ૨૦૧૩

૮. ૧૯મો: સોશિયલ સાયંસીસ
   ૨૭ ફેબ્રુઆરીથી ૧૯ માર્ચ ૨૦૧૩

૯. ૨૦મો: એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલૉજી
   ૨૦ માર્ચથી ૯ એપ્રિલ ૨૦૧૩

**ટૂંકાગાળાના વર્ગો:**

૧. ટ્રાન્સલેશન સ્ટડીઝ
   ૪ જુલાઈથી ૯ જુલાઈ ૨૦૧૨

૨. રાઈટિંગ સ્કિલ્ડ એન્ડ કોમ્પ્રિહેન્શન
   ૨૦ ઑગસ્ટથી ૨૫ ઓગસ્ટ ૨૦૧૨

૩. પ્રિન્સિપાલ / એકેડેમિક ઍડમિનિસ્ટ્રેશન
   ૧૦ સપ્ટેમ્બરથી ૧૫ સપ્ટેમ્બર ૨૦૧૨

૪. ડિઝાસ્ટર મેનેજમેન્ટ
   ૧ ઑક્ટોબરથી ૬ ઑક્ટોબર ૨૦૧૨

**ક્ષમતા વધારવાના વર્ગો:**

૧. કેપેસિટી એન્હાન્સમેન્ટ પ્રોગ્રામ
   ૩ સપ્ટેમ્બરથી ૫ સપ્ટેમ્બર ૨૦૧૨

**ઈન્ટર ઍક્શન પ્રોગ્રામ:**

૧. ઈન્ટર એક્શન પ્રોગ્રામ
   ૧૪ ઑક્ટોબરથી ૧૯ ઑક્ટોબર ૨૦૧૨

## માર્ચ/એપ્રિલ – ૨૦૧૨માં લેવાયેલી પરીક્ષાઓના પરિણામ:

**૧. સુમન્તભાઈ પી. પટેલ પ્રાથમિક શાળા**

| | | | |
|---|---|---|---|
| ધો. ૧ | ૧૦૦% | ધો. ૫ | ૧૦૦% |
| ધો. ૨ | ૧૦૦% | ધો. ૬ | ૧૦૦% |
| ધો. ૩ | ૧૦૦% | ધો. ૭ | ૧૦૦% |
| ધો. ૪ | ૧૦૦% | ધો. ૮ | ૧૦૦% |

**૨. એમ. એસ મિસ્ત્રી પ્રાથમિક શાળા**

| | | | |
|---|---|---|---|
| ધો. ૧ | ૧૦૦% | ધો. ૫ | ૧૦૦% |
| ધો. ૨ | ૧૦૦% | ધો. ૬ | ૧૦૦% |
| ધો. ૩ | ૧૦૦% | ધો. ૭ | ૧૦૦% |
| ધો. ૪ | ૧૦૦% | ધો. ૮ | ૧૦૦% |

**૩. આઈ.બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલ (પ્રાથમિક વિભાગ)**

| | | | |
|---|---|---|---|
| ધો. ૧ | ૧૦૦% | ધો. ૫ | ૧૦૦% |
| ધો. ૨ | ૧૦૦% | ધો. ૬ | ૧૦૦% |
| ધો. ૩ | ૧૦૦% | ધો. ૭ | ૧૦૦% |
| ધો. ૪ | ૧૦૦% | | |

૪. **વાસંતીબેન એન્ડ ચંદુભાઈ પટેલ ઈંગ્લિશ સ્કૂલ**

*લોઅર પ્રાયમરીઃ*

ધો. ૧ ૧૦૦% ધો. ૪ ૧૦૦%

ધો. ૨ ૧૦૦% ધો. ૫ ૧૦૦%

ધો. ૩ ૧૦૦%

*અપર પ્રાયમરીઃ*

ધો. ૬ ૧૦૦%

ધો. ૭ ૧૦૦%

ધો. ૮ ૧૦૦%

*માધ્યમિક વિભાગઃ*

ધો. ૯ ૧૦૦%

ધો. ૧૦ ૧૦૦%

૫. **આઈ.બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલઃ**

*માધ્યમિક વિભાગઃ*

ધો. ૮ ૧૦૦%

ધો. ૯ ૧૦૦%

ધો. ૧૦ ૯૯.૨૧%

*માર્ચ – ૨૦૧૨માં એસ.એસ.સી.માં પ્રથમ ત્રણઃ*

૧. શાહ આકૃતિ ચિરાગકુમાર ૯૩.૪%

૨. પટેલ સ્મિત પરેશકુમાર ૯૨%

૩. પટેલ ઋત્વી ભાસ્કરભાઈ ૯૧.૪%

૬. **ગો.જો. શારદા મંદિરઃ**

*પ્રાથમિક વિભાગઃ*

ધો. ૫ ૧૦૦%

ધો. ૬ ૧૦૦%

ધો. ૭ ૧૦૦%

*માધ્યમિક વિભાગઃ*

ધો. ૮ ૧૦૦%

ધો. ૯ ૧૦૦%

ધો. ૧૦ ૯૭.૨૬%

*માર્ચ – ૨૦૧૨માં એસ.એસ.સી.માં પ્રથમ ત્રણઃ*

૧. પટેલ રુચિ મહેશકુમાર ૯૪.૦૦%

૨. પટેલ પ્રિયા ભદ્રેશકુમાર ૯૩.૬૦%

૩. સોલંકી કિંજલ હેમેન્દ્રસિંહ ૯૩.૬૦%

૭. **એમ.યુ. પટેલ (ટેક.) હાઈસ્કૂલઃ**

ધો. ૮ ૧૦૦%

ધો. ૯ ૧૦૦%

ધો. ૧૦ ૯૨.૧૮%

*માર્ચ – ૨૦૧૨માં એસ.એસ.સી.માં પ્રથમ ત્રણઃ*

૧. વાઘેલા જલ્પીત પી. ૯૪.૮%

૨. શાહ હર્ષ બકુલભાઈ ૯૪.૪%

૩. વાઘેલા કુલદીપ એ. ૯૪.૪%

૮. **એસ.ડી. દેસાઈ હાઈસ્કૂલઃ**

*પ્રાથમિક વિભાગઃ*

ધો. ૫ ૧૦૦%

ધો. ૬ ૧૦૦%

ધો. ૭ ૧૦૦%

*માધ્યમિક વિભાગઃ*

ધો. ૮ ૧૦૦%

ધો. ૯ ૧૦૦%

ધો. ૧૦ ૫૪.૭૬%

*માર્ચ – ૨૦૧૨માં એસ.એસ.સી.માં પ્રથમ ત્રણઃ*

૧. ગોસ્વામી કરણગીરી મહેન્દ્રગીરી ૮૨.૨%

૨. પારેખ જયદીપ નરેશભાઈ ૮૧.૬%

૩. પટેલ રિદ્ધિબેન જીતુભાઈ ૭૯.૪%

૯. **ટી.વી. પટેલ હાયર સેકન્ડરી (સામાન્ય પ્રવાહ):**

ધો. ૧૧ ૯૮.૮૩%

ધો. ૧૨ ૬૯.૨૯%

૧૦. **હોમ સાયન્સ હાયર સેકન્ડરીઃ**

ધો. ૧૨ ૯૪.૯૧%

*માર્ચ – ૨૦૧૨માં એચ.એસ.સી.માં પ્રથમ ત્રણઃ*

૧. રાઠોડ દામિનીબેન મહેશભાઈ ૯૮.૪૪%

૨. શિહોરા સુહાની બિપીનભાઈ ૯૭.૭૬%

૩. સોલંકી ભાવનાબેન મનજીભાઈ ૯૭.૪૭%

૧૧. **આર.પી.ટી.પી. હાયર સેકન્ડરી (વિજ્ઞાન પ્રવાહ):**

ધો. ૧૧ ૮૦.૯૨%

ધો. ૧૨ ૯૦.૦૫%

*માર્ચ – ૨૦૧૨માં એચ.એસ.સી.માં પ્રથમ ત્રણઃ*

૧. હર્ષવદન જે. ચૌહાણ ૯૩.૨૦%

૨. જિંદાલ મોહિત હરિહરન ૮૯.૮૦%

૩. રાવલજી રાજેન્દ્રસિંહ આઈ. ૮૭.૮૦%

નોંધઃ હર્ષવદન જે. ચૌહાણ જિલ્લામાં પ્રથમ ક્રમે

## દીવાનસાહેબનો વિશ્વાસ

આકાશ પટેલ



આઝાદી પહેલાં ભારતભરમાં નાનાંમોટાં અનેક રાજ્યો હતાં. રાજાઓ પોતાના રાજ્યનો વહીવટ સુચારુ રૂપે ચાલે એ માટે બુદ્ધિમાન વ્યક્તિને દીવાન તરીકે રાખતા હતા. ભાવનગર રાજ્યમાં આવા એક દીવાન હતા.

દીવાનને રાજ્યના કોઈ કામે બહારગામ જવાનું થયું. એ દરમિયાન એમના ઘરમાં ચોરી થઈ. ચોરે દીવાનસાહેબના પત્નીનાં ઘરેણાંની ચોરી કરી હતી.

પોલીસ આવી. પૂછપરછ કરતાં પોલીસને ઘરના નોકર ઉપર શક પડ્યો. નોકરને પકડીને પોલીસ લઈ ગઈ. નોકરની પત્ની પણ દીવાનસાહેબના ઘેર કામ કરતી હતી. દીવાનસાહેબ બહારગામથી પાછા ઘેર આવ્યા ત્યારે નોકરની પત્નીએ રડતાં રડતાં વિનંતી સાથે ઘટનાની રજૂઆત કરી.

દીવાનસાહેબે તરત જ પોલીસ-અધિકારી પર એક ચિઠ્ઠી લખી : 'નોકરને લઈને તત્કાળ મારી પાસે આવો.'

ચિઠ્ઠી લઈને ગાડીવાળો ગયો. દીવાનસાહેબ ઓટલા પર બેસીને રાહ જોવા લાગ્યા દરમિયાન નોકરની પત્ની રડી રહી હતી. તેને સાંત્વના આપીને કહ્યું : 'તું ચિંતા કરીશ નહીં. તારા પતિને લઈને પોલીસ આવે ત્યાં સુધી તું શાંતિ રાખ.'

પોલીસ - અધિકારી નોકરને લઈને આવ્યા. એટલે દીવાનસાહેબે તેમને કહ્યું : 'તમે ચોરને શોધવા માટે જહેમત ઉઠાવી અને ચોરને પકડી લીધો તે ધન્યવાદને પાત્ર છે. તમારા કામની હું કદર કરું છું. પરંતુ અમને ઘરના નોકરો પર જરાય શંકા નથી. આ નોકર તો અમારા કુટુંબનો એક સભ્ય છે. તે અમારા ઘરમાંથી ચોરી કરે એવી મને સ્વપ્નમાંય કલ્પના ન આવે, તમે નોકરને છૂટો કરો એવો મારો આગ્રહ છે.'

પોલીસ-અધિકારી નોકરને છોડીને ગયા. પછી દીવાનસાહેબે નોકરને કહ્યું. : 'જો ભાઈ, પોલીસને તારા પર શંકા આવી એટલે તને પકડી લીધો, પરંતુ મને તમારા બંને પર જરા પણ શંકા નથી. તમે અહીં જ રહો અને પહેલાંની જેમ જ કામ કરો. મને તમારા પર પૂરો વિશ્વાસ છે. લો, કબાટની આ ચાવી. તમે જ મારું પાકીટ અને સામાન કબાટમાં મૂકી આવો.'

દીવાનસાહેબનો વિશ્વાસ અને સદ્ભાવ જોઈને નોકર તેમના ચરણોમાં નમી પડ્યો, અને આંખોમાંથી આંસુ પાડતાં તેણે કરેલી ચોરીની કબૂલાત કરી લીધી. પછી તેણે સંતાડેલાં ઘરેણાં લાવીને દીવાનસાહેબને આપી દીધાં, અને રડતાં રડતાં બોલ્યો : 'સાહેબ, મેં તમારી સાથે જે વિશ્વાસઘાત કર્યો છે તેની મને સજા કરો. મને પાછો પોલીસને હવાલે કરી દો!'

દીવાનસાહેબે કહ્યું : 'તને કરેલા કૃત્યનો પસ્તાવો થયો છે એ જ તારી સજા છે. તારા અંતરાત્માએ તને સજ્જન બનવાની તક આપી છે, એ માથે ચડાવી લે અને સુખી થા.'

એટલું કહીને દીવાનસાહેબે તેને ઈનામ રૂપે સો રૂપિયા આપ્યા.

આ દીવાનસાહેબ હતા ભાવનગરના રાજાના દીવાન શ્રી પ્રભાશંકર પટ્ટણી. તેમના જીવનમાં આવી તો અનેક ઘટનાઓ બનેલી છે.

('ઓળખ'માંથી)

V-Vidyanagar
P.O.Reg. No. AND/318/2012-14
Valid upto 31-12-2014
Date of Posting 25th of Every Month
Posted at Vallabh Vidyanagar

ISSN 0976 - 9809 V-Vidyanagar
RNI No.Guj/2009-11/5433
July 2012

## Ravindrayan



**Kanu Patel**

Editors: Dr. Rajendrasinh Jadeja, Prof. Hari Desai
Printed at Anand Press, Anand 388 001.
Printed, Published and owned by: Prin. R.P. Patel, Hon. Secretary, Charutar Vidyamandal and Published at Vallabh Vidyanagar 388 120., Gujarat